gujaratvandan.com



આઉટફિટમાં સૌંદર્યા શર્માએ ચલાવ્યો હુસ્નનો જાદુ
પેજ 11

રવિવાર, 05 ફેબ્રુઆરી 2023

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
સાપ્તાહિક
# ગુજરાત વંદન
મહા સુદ 15, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 06 | અંક : 39 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


સુવિચાર
તમારૂ મન તમારૂ હથિયાર છે, એના માલિક બનતા શીખો ગુલામ નહીં!!

## દેશભરમાં ચર્ચાઓ..

### ન્યૂઝ બ્રિફ

### વોડાફોન આઈડીયાને બચાવી લેતી સરકાર: 16000 કરોડના લેણાને શેરમુડીમાં ફેરવશે

દેશની 'નબળી' ટેલીકોમ કંપની વોડાફોન-આઈડીયાને હવે 'સરકારી કંપની' તરીકે પણ ગણાવી શકાય છે. વીઆઈ તરીકે ઓળખાતી આ કંપની પાસે




સરકારી લેણાના રૂ.16000 કરોડનું શેરમૂડીમાં રૂપાંતર કરવામાં આવશે અને સરકારના નામે આ શેર રહેશે. દેશના ટેલીકોમ ક્ષેત્રમાં તંદુરસ્ત સ્પર્ધા રહે અને બે કંપનીઓની મોનોપોલી સર્જાય નહી તે હેતુથી સરકારે વોડાફોન- આઈડીયાને બચાવવા નિર્ણય લીધો છે. સરકારે જો કે એ શરત મુકી છે કે વોડાફોન-આઈડીયાના પ્રમોટર તેટલી જ રકમ નવી મૂડી તરીકે જમા કરાવશે જેથી લાંબાગાળે વોડાફોન-આઈડીયાની નાણાકીય મુશ્કેલીઓનો અંત આવ્યો. હવે આ કંપની આદીત્ય બિરલા ગ્રુપની ચલાવશે અને તેઓ વધારાનું રોકાણ લાવશે જેનો બિરલાએ સ્વીકાર કર્યો છે. જો કે વોડાફોન પર કુલ રૂ.2 લાખ કરોડનું દેવું છે.

### 4 માર્ચથી વિમેન્સ IPL, અદાણી-અંબાણીની ટીમ વચ્ચે પહેલી ટક્કર

મહિલા પ્રીમિયર લીગની શરૂઆત ચાર માર્ચથી



થઈ રહી છે જેની પહેલી મેચ મુંબઈ-અમદાવાદ વચ્ચે રમાશે. આ લીગની પહેલી સીઝન કુલ 23 દિવસ સુધી ચાલશે જેનો ફાઈનલ મુકાબલો 26 માર્ચે રમાશે. બીસીસીઆઈએ આ લીગના કાર્યક્રમ અંગે કોઈ સત્તાવાર જાણકારી જાહેર કરી નથી પરંતુ અહેવાલો પ્રમાણે બીસીસીઆઈ મહિલા પ્રિમીયર લીગના બ્લોકબસ્ટર ઓપનિંગની યોજના બનાવી રહ્યું છે. પહેલી ટક્કર મુંબઈ-અમદાવાદ વચ્ચે થયાની છે ત્યારે મુંબઈનો માલિકીહક્ક મુકેશ અંબાણી પાસે છે તો અમદાવાદ ટીમના માલિક ગૌતમ અદાણી છે. આ મેચમાં ભારતના આ બન્ને દિગ્ગજ ઉદ્યોગપતિઓની ટીમ આમને-સામને હશે.

### મોતિહારીમાં NIAનો દરોડો, PFIના 3 શકમંદોને કસ્ટડીમાં લેવાયા

NIAએ ફરી એકવાર પૂર્વ ચંપારણમાં દરોડા પાડ્યા



છે. NIA પટના અને રાંચીની ટીમે શનિવારે સવારે મોતિહારી જિલ્લાના ચકિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. NIAએ જિલ્લા પોલીસ સાથે મળીને ચકિયાના કુવાન ગામમાં દરોડા પાડ્યા હતા અને ત્રણ લોકોની અટકાયત કરી હતી, જેમને ગુપ્ત જગ્યાએ રાખીને પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે NIAએ કયા કેસમાં કાર્યવાહી કરી છે તે સ્પષ્ટ નથી. એસપી કંતેશ કુમાર મિશ્રાએ જણાવ્યું કે, પટના અને રાંચીની NIA ટીમે જિલ્લા પોલીસના સહયોગથી ચકિયામાં દરોડા પાડ્યા છે. NIA કસ્ટડીમાં ત્રણ લોકોની પૂછપરછ કરી રહી છે.

### અમરેલી: મીતીયાળા ગામમાં ફરી ભૂકંપે લોકોને ધ્રૂજાવ્યાં

સાવરકુંડલાના મીતીયાળામાં ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપના આંચકાના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. સવારે 8 વાગવામાં 5 મિનિટ કરતા પણ ઓછો સમય બાકી હતો ત્યારે ગામમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપના આંચકાની તિવ્રતા 3.2 નોંધવામાં આવી છે. આંચકા અનુભવાતા ગ્રામજનો પોતાના ઘરોની બહાર દોડી આવ્યા હતા. 30મી જાન્યુઆરીએ દુધઈ અને ખાવડા પાસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં દુધઈ પાસે 4.2 અને ખાવડા પાસે 3.2ની તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો.

### વાંકી નજરે...

**રાષ્ટ્રપતિ ભવન સ્થિત મુઘલ ગાર્ડનનું નામ બદલીને અમૃત ગાર્ડન કરવામાં આવ્યું: સમાચાર**




અબ હમારી મુઘલ ગાર્ડન કી રજિસ્ટ્રી ભી ખત્મ હો ગઈ...! (સૌજન્યથી...)

## 24 જાન્યુઆરી, 2023 સુધી આસમાન કો છૂનેવાલા અદાણી ધડામ દઈને ભોંય પર પટકાયા...

# અદાણી પતી ગયા કે પતાવી દેવાયા? હવે શું થશે?

■ **NDTVમાં રાહુલને લાઈવ કવરેજ અને રાજીવ ગાંધીના વખાણ મોંઘા પડ્યા કે શું..? એક અટકળ**

ગુજરાત | વંદન














ભવિષ્યવાણી કરનાર બાબા વેંગાએ 2023ની કરેલી ભવિષ્યવાણીમાં ભારતના કોઈ મોટા ઉદ્યોગપતિ પર આપત્તિ આવશે એમ ભલે ન કહ્યું હોય પણ 2023નું નવુ વર્ષ ગુજરાતના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી માટે શુભ શુભ નિવડ્યું નથી અને 24 જાન્યુના રોજ અમેરિકાની રિસર્ચ એજન્સી હિન્ડેનબર્ગ દ્વારા અદાણીની 9-10 કંપનીઓના શેરોમાં થયેલો વધારો અયોગ્ય અને ગેરરીતિ સહિતના ગંભીર પ્રકારના આરોપોનો અહેવાલ 24મી જાન્યુ.ના રોજ જાહેર કરાતાં જ તે દિવસથી લઈને અત્યાર સુધી અદાણીની સંપત્તિ અડધી થઈ ગઈ છે.સપ્ટે.202માં 140 અબજ ડોલરની સંપત્તિ ધરાવનાર અદાણી પાસે હવે 61.3 અબજ ડોલર એટલે કે રૂપિયામાં ગણીએ તો 5.01 લાખ કરોડની જ માલ-મિલકત ધરાવે છે...!

24મી સુધી વિશ્વના સૌથી વધુ 10 ધનિકોની યાદીમાં ત્રીજુ સ્થાન ધરાવનાર અદાણી લપસણી પરથી ગબડ્યા હોય તેમ 20માંથી પણ બહાર નિકળી ગયા છે. હાલમાં તેઓ 22મા નંબરે છે. સંસદના વર્તમાન બજેટ સત્રમાં સતત બે દિવસ અદાણીના મામલે વિપક્ષ દ્વારા ધાંધલધમાલના પગલે સાવચેતીરૂપે કેન્દ્રિય મંત્રી પ્રહલાદ જોષીએ અદાણીની કંપનીઓની સાથે સરકારને કાંઈ લેવા દેવા નથી એમ કહીને અદાણીથી અંતર વધારતાં દેશ આખામાં અને કોર્પોરેટ સેક્ટરમાં હાલમાં ચર્ચાનો એક જ મુદ્દો છે કે શું અદાણી પતી ગયા કે તેમને પતાવી દેવામાં આવ્યાં છે...? કોર્પોરેટ સેક્ટર પર નજર રાખનારા ...અનુસંધાન પેજ નં. 6 પર

### સરકારને ન પૂછ્યું હોય તો અદાણીમાં જંગી રોકાણ મામલે LICનો જવાબ માંગવો જોઇએ...

કોર્પોરેટ સેક્ટરના જાણકારો કહે છે કે સત્તાધીશોએ અદાણીની બબાલ સાથે અમારે કાંઈ લેવાદેવા નથી એમ કહીને હાથ અધ્ધર કર્યા પણ અદાણીની કંપનીઓના શેરોમાં સરકારની માલિકીની એલઆઈસી વીમા કંપની દ્વારા અંદાજે 77 હજાર કરોડનું રોકાણ અને સરકારની માલિકીની સ્ટેટ બેંક દ્વારા 81 હજાર કરોડની લોન આપવામાં આવી છે તેની પાછળ રાજકીય વગ જ હોઈ શકે. એલઆઈસીના 77 હજાર કરોડ ઘટીને 53 હજાર થઈ ગયા છે. જો સત્તાધીશોના કહેવાથી એલઆઈસીએ અદાણીમાં રોકાણ ન કર્યું હોય તો હવે એલઆઈસીનો ઉધડો લેવાવો જોઈએ કે કોને પૂછીને અદાણીમાં આટલુ જંગી રોકાણ કર્યું..?! જો એલઆઈસીનો પોતાનો નિર્ણય હોત તો અત્યારસુધીમાં કેટલાય અધિકારીઓ સસ્પેન્ડ થઈ ગયા હોત....!

### સેબીની ભૂમિકા શંકાસ્પદ...?

શેર બજારના રોકાણકારોના હિત માટે સેબી એક નિયણનકારી સરકારી સંસ્થા છે. અદાણીમાં લાખો રોકાણકારોના કરોડો-કરોડોનું ધોવાણ થઈ ગયું છતાં હજુ સુધી સેબીએ અદાણી પાસેથી ખુલાસાનો ખ પણ પૂછ્યો નથી. સેબીમાં અદાણીના વેવાઈ શિરિલ શ્રોફ હોવાનો દાવો ટીએમસીના સાંસદ મહુવા મોઈત્રાના દાવાના પગલે પણ સેબી શંકાના દાયરામાં આવી છે કે શું..? રોકાણકારોના હિત માટેની સેબીએ હજુ સુધી અદાણીની કોઈ કપાસ કરી નથી તો અટકળો એવી છે કે અદાણીમાં નાણાં રોકનાર રોકાણકારો સમૂળગા ધોવાઈ જાય ત્યાં સુધીની રાહ જોવાઈ રહી છે..?

## આસામ: બાળ લગ્ન કરનારાઓની ખેર નથી, બીસ્વા સરકાર નહી છોડે

ગુજરાત | વંદન



આસામમાં બાળ લગ્ન સંબંધિત કેસોમાં પોલીસની કાર્યવાહી ચાલુ છે. આસામ પોલીસે શનિવાર સુધી બાળ લગ્ન સંબંધિત મામલામાં સામેલ 2 હજાર 170 લોકોની ધરપકડ કરી છે. આઈજીપી કાયદો અને વ્યવસ્થા પ્રશાંત કુમાર ભુઈયાએ જણાવ્યું હતું કે બાળ લગ્ન સંબંધિત કેસોમાં સંડોવાયેલા 2,170 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમના મતે ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા વધુ વધશે.

### બાળ લગ્નના 4 હજારથી વધુ કેસ નોંધાયા

જણાવી દઈએ કે 23 જાન્યુઆરીએ રાજ્ય કેબિનેટે બાળ લગ્ન સંબંધિત મામલાઓમાં કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. ત્યાર બાદ છેલ્લા 10 દિવસમાં પોલીસે બાળ લગ્નના 4,004 બનાવો નોંધ્યા છે. આ સંબંધમાં ઘણા લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે દરેક જિલ્લાના ડેટાનો અભ્યાસ કર્યા પછી જ ધરપકડનો વાસ્તવિક આંકડો જાણી શકાશે.

## દીપા કર્માકર પર 21 મહિનાનો પ્રતિબંધ... ITA એ મોટું પગલું ભર્યું



ગુજરાત | વંદન

ભારતની સ્ટાર મહિલા જિમ્નાસ્ટ દીપા કર્માકર પર 21 મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પ્રતિબંધિત પદાર્થોના સેવનના કારણે દીપ પર આ પ્રતિબંધ લગાવ્યો છે. રિયો ઓલિમ્પિકમાં ઈતિહાસ સર્જનાર દીવા પરનો આ પ્રતિબંધ 10 જુલાઈ 2023 સુધી અમલમાં રહેશે. ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સીએ વાતની પુષ્ટિ કરી છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## જમ્મુ-કાશ્મીરના ડોડામાં જોશીમઠ જેવું સંકટ, જમીન સરકી રહી છે...

■ **ભૂસ્ખલનના કારણની તપાસ માટે નિષ્ણાતોની ટીમ ગામમાં પહોંચી**

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં પણ જોશીમઠ જેવું સંકટ સામે આવ્યું છે. જિલ્લાના એક ગામની જમીન ધસી રહી છે, જેના કારણે ઘરોમાં સતત તિરાડો દેખાઈ રહી છે. પરિવારોને તેમના ઘરોમાંથી દૂર કરીને સુરક્ષિત સ્થળોએ મોકલવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં 19 ઘરો, 1 મસ્જિદ અને 1 મદરેસાને ખાલી કરાવવામાં આવ્યા છે. રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.



કિશ્તવાડ-બટોટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ડોડા શહેરથી 35 કિમી દૂર આવેલા થાથરી વિસ્તારના નાઈ બસ્તી ગામમાં, ઘરોની દિવાલોમાં તિરાડો દેખાઈ હતી, અને કાદવને કારણે છત અને દિવાલો નીચે પડવા લાગી હતી. અધિકારીઓનું કહેવું છે કે ભૂસ્ખલનના કારણની તપાસ માટે નિષ્ણાતોને ગામમાં મોકલવામાં આવ્યા છે. ડોડાના ડેપ્યુટી કમિશનર વિશેષ મહાજને જણાવ્યું હતું કે, અમે લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહ્યા છીએ.

અધિકારીઓએ જણાવ્યું કે તિરાડ બાદ અત્યાર સુધીમાં 19 પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ગામમાં એક મસ્જિદ અને મદરેસાને પણ અસુરક્ષિત જાહેર કરવામાં આવી છે. બે મહિના પહેલા ગામના કેટલાક ઘરોમાં તિરાડો દેખાવાનું શરૂ થયું હતું, પરંતુ ગુરુવારના ભૂસ્ખલનથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હતી, જેના કારણે ક્ષતિગ્રસ્ત ઈમારતોની સંખ્યા લગભગ બે ડઝન સુધી પહોંચી ગઈ હતી. માહિતી મળ્યા પછી, ડેપ્યુટી કમિશનર અને વરિષ્ઠ પોલીસ અધિક્ષકે ગામની મુલાકાત લીધી અને અસરગ્રસ્ત ...અનુસંધાન પેજ નં. 6 પર

### G20 પ્રેસિડેન્સી હેઠળ 34 દેશો ભાગ લેશે

## વડાપ્રધાન મોદી 6 ફેબ્રુઆરીએ બેંગલુરુમાં 3 દિવસીય ઈન્ડિયા એનર્જીનું કરશે ઉદ્ઘાટન



ગુજરાત | વંદન

ભારત દરેક દરેક મોર્ચે આગળ વધી રહ્યો છએ ગ્રીન એનર્જી ક્ષએત્રમાં ભારત આગળ છે ઘણા દેશો આ બાબતે ભારતના માર્ગે પણ ચાલી રહ્યા છે ત્યારે આ મામલે એક 3 દિવસીય એનર્કાજી વિક ર્યક્રમનું આયોજન કરાયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 6 ફેબ્રુઆરીના રોજથી કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં ત્રણ દિવસીય ઈન્ડિયા એનર્જી વીકનું ઉદ્ઘાટન કરશે.

ઈન્ડિયા એનર્જી વીક એ G20 પ્રેસિડેન્સી હેઠળ આયોજિત થનારી પ્રથમ મોટી ઈવેન્ટ છે. તે એટલા માટે પણ મહત્વનr છે કારણ કે આવનારા વર્ષોમાં, ભારત વિશ્વના દેશોમાં ઉર્જા વપરાશ અને ઉત્પાદનમાં અગ્રેસર બનવા તરફ સતત આગળ વધી રહ્યું છે

ચીન, રશિયા સહિત 34 દેશોના ઉર્જા મંત્રીઓ અને રાજ્યોના વડાઓ, ઉર્જા ક્ષેત્રના 30 હજાર નિષ્ણાતો, 650 નિષ્ણાતોની હાજરી પણ જોવા મળશે આ ગ્રીન એનર્જી ક્ષેત્રે ભારતના વધતા પગલાઓને ચિહ્નિત કરતી આ ઈવેન્ટની ભવ્યતા દર્શાવે છે. આ એનર્જી વિકની ઉજવણીમાં ઊર્જા ક્ષેત્રની અગ્રણી કંપનીઓ, 8 હજાર પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.આ સહીત 80 સેશનમાં 500 આંતરરાષ્ટ્રીય વક્તાઓ પોતાના મંતવ્યો રજૂ કરતા જોવા મળશે.

### રાજકોટના રાકેશ રાજદેવ સામે લૂકઆઉટ નોટિસ

## રાજ્યના ઈતિહાસના સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો અમદાવાદ ક્રાઈમ બ્રાંચે કર્યો પર્દાફાશ

ગુજરાત | વંદન

ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કર્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે 1400 કરોડના સટ્ટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. રાજકોટ અને ઉંઝા સર્કિટના બે સટોડિયાઓને પોલીસે ખુલાસો કર્યો હતો. ઉંઝાનો ટોમી પટેલ અને રાજકોટનો રાકેશ રાજદેવ પોલીસના રડાર પર છે. રાકેશ રાજદેવ સહિત બે સામે લૂક આઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે.



દુબઈમાં ડમી બેન્ક એકાઉન્ટની પણ પોલીસને વિગતો મળી હતી. મોબાઈલ પર ખાસ એપ્લિકેશન બનાવી મેચના ભાવ જાહેર કરાય છે. મેચની હાર-જીત અને સેશનના સ્કોર પર સટ્ટો લગાવતો હતો. સટ્ટાકાંડમાં એક વ્યક્તિની પોલીસે ધરપકડ કરી છે. એક-એક મેચ પર 100થી 500 કરોડના સોદા થતા હતા. બંન્ને સટોડિયા દુબઈના આકાની મારફતે ભાવ બહાર પાડતા હતા. સટ્ટાના હિસાબો ટ્રાન્સફર થતા હોવાનો પણ ખુલાસો થયો છે.ક્રિકેટના મેદાનમાંથી જ બોલતી બોબડી લાઈનથી સટ્ટો રમાતો હતો.

ટી-20, વન-ડે અને લીગ મેચ પર સટ્ટો લગાવવામાં આવતો હતો. કેટલાક અધિકારી સાથે પણ લેવડ-દેવડ થયાની આશંકા પણ છે. રાજકીય નેતાઓ સાથે પણ રાકેશ ...અનુસંધાન પેજ નં. 6 પર

## ચિલીમાં દાવાનળ: 13 લોકોના મોત, સરકારે રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરી

■ **35 હજાર એકર જંગલનો નાશ**

ગુજરાત | વંદન

દક્ષિણ અમેરિકાના દેશ ચિલીના જંગલોમાં ભીષણ આગ લાગી છે. આ આગને કારણે અત્યાર સુધીમાં 13 લોકોના મોત થયા છે અને ચિલીના 35 હજાર એકર જંગલ બળીને રાખ થઈ ગયું છે. પરિસ્થિતિને જોતા ચિલીની સરકારે તેને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરી છે. જંગલોમાં લાગેલી આ ભીષણ આગને કારણે સમગ્ર દેશમાં ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે. રાજધાની સેન્ટિયાગોથી લગભગ 500 કિમી દૂર દક્ષિણમાં બાયોબિયો પ્રદેશમાં આવેલા શહેર સેન્ટા જુઆનામાં અગ્નિશામક સહિત અગિયાર લોકોના મોત થયા



હતા.ચિલીના દક્ષિણી વિસ્તારમાં રાહત અને બચાવ કાર્યમાં લાગેલા હેલિકોપ્ટરના દુર્ઘટનામાં પાયલટ અને એક મિકેનિકના મોતના સમાચાર પણ છે. સરકારે બાયોબિયો અને નુબલ વિસ્તારમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે, ત્યારબાદ આ વિસ્તારમાં સેના અને અન્ય સંસાધનોને તૈનાત કરવામાં આવ્યા છે. ચિલીના લગભગ 12 વિસ્તારોમાં જંગલમાં આગ લાગી છે અને તેમાં અત્યાર સુધીમાં સેંકડો ઘરો નાશ પામ્યા છે. ચિલીના ગૃહ મંત્રી કેરોલિના તોહાએ કહ્યું કે આવનારા દિવસોમાં સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.


રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક પણ બાયોબિયો અને નુબલ પહોંચી ગયા છે, તેમની રજાઓ સમય પહેલા સમાપ્ત કરીને અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જણાવી દઈએ કે આ બંને વિસ્તારોમાં લગભગ 20 લોકોની વસ્તી છે. અસરગ્રસ્ત લોકોને શરણાર્થી શિબિરોમાં મોકલવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિએ આશંકા વ્યક્ત કરી હતી કે ઘણી જગ્યાએ જાણી જોઈને આગ લગાવવામાં આવી છે. તે જ સમયે, હવામાન વિભાગનું કહેવું છે કે ચિલીના આ વિસ્તારમાં જોરદાર પવન ફૂંકાઈ શકે છે, જેના કારણે આગામી દિવસોમાં સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.

## કેજરીવાલે બજેટમાં અફઘાનિસ્તાનને આર્થિક મદદ આપવા પર ઉઠાવ્યા સવાલ

■ **દિલ્હીના ફંડમાં કાપ મૂકીને તાલિબાનને આપવાનો આરોપ**

ગુજરાત | વંદન

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે શનિવારે અફઘાનિસ્તાનની તાલિબાન



સરકારને તેના વિકાસ માટે કેન્દ્રીય બજેટમાં નાણાકીય સહાય આપવા પર સરકારને પ્રશ્ન કર્યો હતો.

સીએમ અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને લખ્યું કે, શું આપણા દેશમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને દિલ્હીના ફંડમાં કાપ મૂકીને તાલિબાનને ફંડ આપવું યોગ્ય છે? લોકો તેનો જોરદાર વિરોધ કરી રહ્યા છે. આ કેન્દ્રીય બજેટમાં કેન્દ્ર સરકારે અફઘાનિસ્તાન માટે $25 મિલિયન એટલે કે 200 કરોડ રૂપિયાના વિકાસ સહાય પેકેજની દરખાસ્તની જાહેરાત કરી છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં અફઘાનિસ્તાનના વિકાસ માટે 200 કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તામાં આવ્યા બાદ ભારતે બીજી વખત આર્થિક મદદ કરી છે. તાલિબાનની વાટાઘાટ ટીમના સભ્ય સુહેલ શાહીને કહ્યું કે, અમે ભારતની આર્થિક મદદની પ્રશંસા ...અનુસંધાન પેજ નં. 6 પર

# કચ્છના ધોરડોમાં જી-20ના અધિકારીઓ કરશે ચિંતન-મનન



## 7થી 9 ફેબ્રુઆરી દરમિયાન 20 દેશોના પ્રતિનિધિઓ માણશે કચ્છની સંસ્કૃતિ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વમાં ભારતે જી20ની અધ્યક્ષતા પ્રાપ્ત કરી છે અને તમામની સુખાકારી માટે વ્યવહારિક વૈશ્વિક ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માંગે છે. ભારત માટે જી20ની અધ્યક્ષતા દેશના ઈતિહાસમાં નિર્ણાયક બાબત છે, કારણકે તે આઝાદી કા અમૃત મહોત્સવ સાથે એકરૂપ થશે.

માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત તેનો બીજો G20 કાર્યક્રમ, પ્રથમ ટુરિઝમ વર્કિંગ ગ્રુપ મીટિંગની યજમાની કરવા માટે તૈયાર છે. આ મીટિંગ 7થી 9 ફેબ્રુઆરી, 2023 દરમિયાન કચ્છના રણ ખાતે યોજવામાં આવશે.

મહત્વપૂર્ણ અને ઉલ્લેખનીય બાબત છે કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી કચ્છનું રણ વૈશ્વિક પ્રવાસન સ્થળ બન્યું છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છને એક સમૃદ્ધ પ્રવાસન અર્થતંત્ર બનાવવાના તેમના વારસાને આગળ ધપાવી રહ્યા છે. આ પ્રયાસોને કારણે, કચ્છે તેના વાયબ્રન્ટ પ્રવાસન અર્થતંત્ર અને સમૃદ્ધ સંસ્કૃતિ, કલા અને પરંપરાને કારણે વૈશ્વિક પ્રવાસન નકશા પર એક છાપ ઉભી કરી છે.

TWG હેઠળ વધુ બે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 7 ફેબ્રુઆરીના રોજ આયોજિત સાઇડ ઈવેન્ટ-1 સમુદાયોના સશક્તિકરણ માટે ગ્રામ્ય પ્રવાસન અને ગરીબી નાબૂદી પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ કાર્યક્રમમાં માનનીય કેન્દ્રીય પ્રવાસન મંત્રી જી. કિશન રેડ્ડી ઉપસ્થિત રહેશે. UNWTOના ટુરિઝમ માર્કેટ ઈન્ટેલિજન્સ અને કોમ્પિટીટીવનેસના વડા સાંદ્રા કારવાઓ આ કાર્યક્રમમાં પોતાનો અનુભવ અને જ્ઞાન શેર કરશે. UNWTO દ્વારા 'પ્રવાસન નીતિ ગ્રામીણ વિકાસમાં પ્રવાસનના યોગદાનને કેવી રીતે સમર્થન આપી શકે' તે વિષય પર એક પેનલ ડિસ્કશન કરશે. વક્તાઓમાં UNEP, ABD, ILO તેમજ ઈન્ડોનેશિયા, ઈટલી, સાઉથ આફ્રિકા, સ્પેન, જાપાન, સાઉદી અરેબિયા અને આર્જેન્ટિનાના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

7 ફેબ્રુઆરીના રોજ કચ્છમાં પધારેલા પ્રતિનિધિઓને કચ્છના સફેદ રણની મુલાકાત લેવાનો મોકો મળશે. માનનીય મુખ્યમંત્રી પ્રતિનિધિઓ માટે કચ્છ વિસ્તારના સમૃદ્ધ વારસાને પ્રદર્શિત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમનું અને ગાલા ડિનરનું આયોજન કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને માનનીય કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા 8 ફેબ્રુઆરી, 2023ના રોજ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની મીટિંગનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ 5 મુખ્ય મુદ્દાઓ પર વર્કિંગ સેશન્સ યોજાશેઃ 1) ગ્રીન ટુરિઝમ, 2) ડિજિટલાઈઝેશન, 3) કૌશલ્ય (સ્કિલ્સ), 4) ટુરિઝમ MSMEs અને 5) ડેસ્ટિનેશન મેનેજમેન્ટ. 9 ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને અન્ય પાર્ટિસિપન્ટ્સ કચ્છના સફેદ રણ ખાતે આયોજિત યોગ સેશનમાં હિસ્સો લેશે. ત્યારબાદ તેઓ હડપ્પન સંસ્કૃતિની યુનેસ્કો હેરિટેજ સાઈટ ધોળાવીરાની પણ મુલાકાત લેશે.



### આરોગ્યમંત્રીએ કેન્સરગ્રસ્ત બાળકની ડૉક્ટર બનવાની ઈચ્છા પૂર્ણ કરી

# ..અને જ્યારે બાળક માટે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ ખુદ "દર્દી" બની ગયા

■ ૧૦ વર્ષના કલ્પે એપ્રન અને સ્ટેથોસ્કોપ પહેરીને કેન્સર વોર્ડમાં રાઉન્ડ લઈ બાળ દર્દીઓ સાથે સંવાદ સાધીને સ્વાસ્થ્ય તપાસની અનુભૂતિ કરી

ગુજરાત | વંદન

વિશ્વ કેન્સર દિવસની ઉજવણીને ખરા અર્થમાં સાર્થક કરીને લાખો-કરોડો કેન્સરગ્રસ્ત બાળકોનો જુસ્સો વધારીને મનોબળ મજબૂત કરવાના શુભ આશયથી આરોગ્યમંત્રીએ લ્યુકેમિયા પીડિત કલ્પ યોગેશભાઈ પટેલની ડૉક્ટર બનવાની ઈચ્છાપૂર્ણ કરવા અમદાવાદ સિવિલ મેડિસિટીની ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ પહોંચ્યા. અહીં મંત્રી એ કલ્પને એક દિવસ માટે ડૉક્ટર બનાવીને તેને ડૉક્ટર બનવાની સંપૂર્ણ અનુભૂતિ કરાવવા એપ્રન પહેરાવ્યું. ગળામાં સ્ટેથોસ્કોપ લગાવ્યું. વધુમાં આરોગ્યમંત્રીએ પોતે જ કલ્પ માટે દર્દીની "ભૂમિકા" ભજવી. કલ્પે ડૉક્ટર બનીને ઋષિકેશભાઈને તપાસ્યા. તબીબ જેમ દર્દીનું દર્દ સમજી તેની દવા કરે છે, તે રીતે જ કલ્પે તેમની તપાસ કરી અને દવાનું પ્રિસ્ક્રીપ્શન પણ લખ્યું. બાદમાં આરોગ્યમંત્રી કલ્પને કેન્સરવોર્ડમાં દોરી ગયા અને અન્ય દર્દીઓ સાથે પણ સંવાદ સાધ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્પ યોગેશભાઈ પટેલને લ્યુકેમિયા (લોહીનું કેન્સર) છે. ૧૦ વર્ષના કલ્પના પરિવારને એક વરસ પહેલા જ ખ્યાલ આવ્યો કે તેમના લાડકવાયા એકના એક દીકરાને કેન્સર છે. મૂળે અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્પ પટેલની હાલ કિમોથેરાપીની સારવાર ચાલુ છે. આ પીડાદાયક પળોમાં રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ "કલ્પ" માટે જાણે "કલ્પવૃક્ષ" બન્યા.

૪ ફેબ્રુઆરી - વિશ્વ કેન્સર દિવસની ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરવા રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે "મેક એ વિશ ફાઉન્ડેશન" અને ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ(GCRI)ના માધ્યમથી લ્યુકેમિયાગ્રસ્ત કલ્પની ડૉક્ટર બનવાની અદ્મ્ય ઈચ્છાપૂર્તિ કરી. કલ્પની બાળપણથી જ ઈચ્છા હતી કે તે ડૉક્ટર બનીને ગરીબ દર્દીઓની સેવા કરે.

કલ્પની આ ઈચ્છા વિશે આરોગ્ય મંત્રીને જાણ થતા તેઓએ કલ્પની ઈચ્છા પૂર્ણ કરીને તેનો મનોબળ અને જુસ્સો વધારવાનું નક્કી કર્યું.

જેમ એક ડૉક્ટર વોર્ડમાં રાઉન્ડ લઈને દર્દીઓને તપાસતા હોય છે તેમની આરોગ્યપૃચ્છા કરીને સ્વાસ્થય તપાસ કરતા હોય છે તેમનો જુસ્સો વધારતા હોય છે તેવી જ રીતે આજે કલ્પ ના નેતૃત્વ હેઠળ મંત્રી, કેન્સરના ડાયરેક્ટર ડૉ. શશાંક પંડ્યા, મેક અ વિશ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. અનીલ ખત્રી સહિતના તબીબો કેન્સરગ્રસ્ત બાળકોના વોર્ડ તરફ આગળ વધ્યા હતા

# રાજ્યમાં નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉનમાં CCTV કેમેરા લગાવાશે

ગુજરાત | વંદન

ગાંધીનગર જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજના વિતરણમાં વધુ પારદર્શીતા લાવવા માટે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડના તમામ ગોડાઉન કેન્દ્રો ખાતે હાઈ ક્વોલીટી વિઝન CCTV કેમેરા નેટવર્ક સ્થાપવા આવશે. તેમજ નિગમની જિલ્લા કચેરી અને વડી કચેરી ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પણ કાર્યરત કરવામાં આવશે. આ CCTV પ્રોજેક્ટના અમલીકરણ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.ઋષિકેશ પટેલે કહ્યું કે, આ પ્રોજેક્ટ અંતર્ગત ગોડાઉનો ખાતે સીસીટીવી કેમેરા લગાવવા માટે કુલ રૂ. ૯૬.૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નિગમના તમામ ગોડાઉનોમાં મળી કુલ ૫૯૫૩ કેમેરા લગાવવામાં આવનાર છે.

ગોડાઉન ખાતે થઈ રહેલી તમામ ગતિવિધિઓ પર નજર રાખી શકાય તે પ્રકારે આ કેમેરાનું ઈન્સ્ટોલેશન કરવામાં આવશે. આઉટ ડોર ગતિવિધિઓ પર નજર રાખવા Bullet કેમેરા, ઈન ડોર ગતિવિધિઓ પર નજર રાખવા Dom કેમેરા, રાત્રીના સમયમાં પણ ગોડાઉનનું મોનીટરીંગ થઈ શકે તે માટે PTZ કેમેરા અને વાહનોની નંબર પ્લેટને આધારે કેમેરા થકી વાહન માલિક સુધી પહોંચી શકાય તેવા ANPR (ઓટોમેટીક નંબર પ્લેટ રિકગ્નાઈઝેશન) કેમેરા આ ગોડાઉનોમાં લગાડવામાં આવશે.

# ગાંધીનગરમાં મોબાઈલ પર ગેમ રમવાની બાબતે એક કિશોરનું મર્ડર

ગુજરાત | વંદન



ગાંધીનગર જિલ્લાના નારદીપુરમાં મોબાઈલ ફોનમાં ગેમ રમતા કિશોરની હત્યા કરવાની ઘટના બની છે, આ મામલે 4 શકમંદ લોકોની ધરપકડ કરવામાં આવી છે. છોકરો સ્કૂલેથી આવીને મોબાઈલ ફોનમાં ગેમ રમતો હતો અને તે બાબતે માથાકૂટ થઈ હતી અને આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારાણ કરી લેતા છોકરાની છરીના ઘા મારીને હત્યા કરી નાખવામાં આવી છે.

પોલીસે આ કેશમાં ત્રણ શકમંદ કિશોરોને પકડીને આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. મોબાઈલ ફોન રમવાની બાબતે બોલાચાલી થતા સ્કૂલેથી આવેલા કિશોર પર હુમલો કરી દેવામાં આવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લાના 6 ઈન્સ્પેક્ટર અને 11 સબ ઈન્સ્પેક્ટરોની બદલી

■ સેકટર - 21 પીઆઈ સચિવાલય સંકુલમાં મુકાયા

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી મિલ્કત સંબંધી ગુનાઓની વણઝાર વધતાં એક્શન મોડમાં આવેલાં પોલીસ વડા તરુણ દુગ્ગલે બદલીનો ગંજીફો ચીપી આજે જિલ્લાના છ પોલીસ ઈન્સ્પેક્ટર અને 11 પીએસઆઈની જાહેર હિતમાં આંતરિક બદલીનાં હુકમ કરવામાં આવ્યા છે. જે પૈકી સેકટર - 21 પીઆઈ એમ.બી. ભરવાડની સચિવાલય સંકુલમાં બદલી કરી દેવાઈ છે. જ્યારે કલોલ શહેર પીઆઈ પી બી ખાંભલાને બદલીને સેકટર - 21 પીઆઈ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટરો અને પીએસઆઈની આંતરિક બદલીની હિલચાલ ચાલી રહી હતી. જે અન્વયે જિલ્લા પોલીસ વડા તરુણ દુગ્ગલે બદલીનો ગંજીફો ચીપીને જિલ્લા પોલીસ મથકોમાં ફરજ બજાવતા છ ઈન્સ્પેકટરો અને 11 પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની જાહેર હિતમાં આંતરિક બદલી કરી દેવામાં આવી છે.

# વિપક્ષના નેતા અમિત ચાવડાએ દૂધના ભાવ વધારાના મામલે ભાજપને યાદ કરાવ્યું સૂત્ર

■ અમિત ચાવડાએ ટ્વીટ કરીને ભાજપને કહ્યું- બહોત હુઈ મંહગાઈ કી માર અબ કી બાર...

ગુજરાત | વંદન

દેશભરમાં મોંઘવારી સતત વધી રહી છે. ત્યારે જીવનજરૂરી ચીજવસ્તુઓન ભાવ આસમાને પહોંચ્યા છે. આ દરમિયાન સામાન્ય લોકોને ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. મોંઘવારીનો માર સહન કરી રહેલી જનતાને વધુ એક ફટકો પડ્યો છે. અમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. કંપનીએ પ્રતિ લીટરે દૂધના ભાવમાં રૂ.3નો વધારો કર્યો છે. આ નવો ભાવવધારો આજથી જ લાગુ થઈ ગયો છે. ત્યારે અમિત ચાવડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમનુજ મોંઘવારીનું સૂત્ર અમિત ચાવડાએ યાદ કરાવ્યું છે.ગુજરાતમાં કોંગ્રેસે વિપક્ષ નેતા તરીકે અમિત ચવડાનું નામ જાહેર કર્યું છે. જોકે હજુ કોઈ મંજૂરી નથી આપવામાં આવી. ત્યારે અમીત ચાવડાએ અમૂલના ભાવ વધારાને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે ટ્વિટ કરી કહ્યું કે, મોંઘવારીના નામે મત લઈ સત્તાના સિંહાસન પર બેઠેલા નરેન્દ્ર મોદી કેમ ચૂપ છે?મધ્યમ વર્ગ મોંઘવારીથી ત્રસ્ત છે, ઘર ચલાવવું મુશ્કેલ છે. ત્યારે ભાજપ શાસિત અમૂલવારે વારે કમરતોડ ભાવવધારો કરી રહી છે. પેલું સૂત્ર યાદ છે ને.... બહુત હુઈ મહંગાઈકી માર, અબકી બાર..

**ભાવ વધારાની ગુજરાતમાં કોઈ અસર નહીં**



ભાવ વધારા બાદ હવે અમૂલ ગોલ્ડની કિંમત 66 રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે અમુલ તાજાની કિંમત રૂ.54 પ્રતિ લીટર થઈ ગઈ છે. આ ભાવ વધારો દિલ્હી, મુંબઈ, યુપી અને કોલકાતા ચાર જગ્યાએ જ થયો છે, એટલે ગુજરાતમાં તેની કોઈ અસર નહીં થાય.

# ગુમ થયેલા ત્રણ બાળકોની માહિતી આપનારને ઈનામ આપવાની ઘોષણા

■ માહિતી અથવા શોધી આપનારને ૩૦ હજારનું પ્રોત્સાહિત ઈનામ મળશે

ગુજરાત | વંદન

ગાંધીનગર ખાતે સેક્ટર-૧૭માં આવેલા સરકારી બાળગૃહમાંથી ત્રણ બાળકો ગુમ/અપહરણ થયેલ છે. જે માટે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગુમ થયેલા આ ત્રણ બાળકોની માહિતી અથવા શોધી આપનારને પ્રોત્સાહિત રૂપે પ્રતિ બાળક રૂ. ૧૦ હજાર લેખે કુલ રૂ. ૩૦ હજારનું ઈનામ આપવામાં આવશે તેમ ASI,એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ, ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે.

ગુમ થયેલા બાળકોમાં ગૌરવ રામભાઈ ઠાકોર, ઉંમર-૧૨ વર્ષ, હાલમાં જૂની દિલ્હી,ચૌહાણ પટ્ટી, સોના વિહાર, મૂળ રહેવાસી ઈટાવા, ઉતરપ્રદેશ, આદિત્ય,ઉંમર -૧૬ વર્ષ જે મુકબધિર છે જ્યારે ૧૬ વર્ષના વિજયનો સમાવેશ થાય છે. આ બાળકો અંગે કોઈને પણ માહિતી મળે તો ગાંધીનગર, પોલીસ અધિક્ષક, મો.-૯૯૭૮૪ ૦૫૦૭૦, પોલીસ કંટ્રોલ રૂમ મો. નંબર-૯૯૭૮૪ ૦૫૯૬૮ અને પોલીસ ઈન્સ્પેક્ટર સેક્ટર-૨૧ મો. નંબર-૬૩૫૯૬ ૨૪૯૦૫ ઉપર તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

# જામનગરમાં ચેકિંગમાં નીકળેલા ધારાસભ્ય જાડેજાએ ટેપથી રોડની જાડાઈ માપી, કોન્ટ્રાક્ટરને ખખડાવ્યો... જ્યારે રિવાબા ફિલ્મ 'નાયક'ની જેમ સ્થળ તપાસ માટે બહાર નિકળ્યા, રોડની માપણી કરી

■ RCCના રોડમાં નબળું કામ થતું હોવાની જાણ સ્થાનિકોએ કરી હતી

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાના ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબા જાડેજા વિધાનસભાની ચૂંટણીમાં જામનગર ઉત્તર બેઠકથી લડ્યા અને જીત્યા હતા. ધારાસભ્ય બન્યા બાદથી જ રિવાબા સતત લોકોને મદદરૂપ થવાની સાથે સાથે સ્થાનિક વિસ્તારમાં થઈ રહેલા સરકારી કામકાજ પર નજર રાખી રહ્યા છે. ત્યારે આજે ગોકુલ નગરમાં ચાલતા RCCના રોડમાં ગેરરીતિ જણાતા રિવાબાએ અધિકારીઓ અને સ્થાનિકોની સામે જ કોન્ટ્રક્ટરને ખખડાવી નાખ્યા હતા અને ફરીથી યોગ્ય માપદંડો મુજબ રોડ બનાવવા સૂચન કર્યું હતું.

જામનગરમાં વોર્ડ નંબર 15માં આવતા ગોકુલનગરના મથુરા નગરમાં ચાલતા RCCના રોડમાં નબળું કામ થતું હોવાની જાણ સ્થાનિકોએ કરી હતી. જેને લઈને રિવાબા તપાસ કરવા મહાનગરપાલિકાના અધિકારીઓને સાથે રાખીને ત્યાં પહોંચી ગયા હતા. રોડની મેઝર ટેપથી તપાસ કરતા 6 ઈંચની જગ્યાએ માત્ર 3 ઈંચની જોડાઈ રોડમાં હતી. આ બાદ તેમણે કોન્ટ્રાક્ટરને સવાલ કરતા સાપ સૂંઘી ગયો હોય તેવા હાલ થઈ ગયા હતા. રિવાબાએ તાત્કાલિક ધારાધોરણો મુજબ કામ કરવાના આદેશ કર્યા હતા.



આ અંગે રિવાબાએ કહ્યું હતું કે, વોર્ડ 15માં નવા બનતા રોડ-રસ્તાનું સુપરવિઝન કરવા માટે નીકળ્યા હતા. જેમાં ધોરા ધોરણો અને પહોળાઈ તથા જાડાઈના ધોરણોમાં ક્ષતિ જોવા મળી હતી. આથી જે-તે કોન્ટ્રાક્ટરને ફરીથી કામ કરવા સૂચના આપી છે. જે કોઈ પણ અધિકારીઓ આ મુદ્દા સાથે સંકળાયેલા હશે તેમની આગળ તપાસ કરી આવી ભૂલો અટકાવવા તેમને યોગ્ય દંડ અને સજા કરાવીશું. આ સાથે તેમણે મતદારોને પણ જાગૃત થઈ આવી બેદરકારી ક્યાંય જણાય તો ધ્યાન દોરવા જણાવવા કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રોડ-રસ્તા સહિતની પ્રાથમિક સુવિધાઓના કામમાં ઉપરની મલાઈ લેવા કેટલાક શખ્સો નબળી ગુણવત્તા વાળું કામ કરી, પ્રજાને ગુણવત્તા વગરનું કામ કરી વાહવાહી કરતા હોય છે. જો કે, આવા ભ્રષ્ટચારીઓ પર નવનિયુક્ત જન પ્રતિનિધીએ લાલ આંખ બતાવતા, સ્થાનિક લોકોમાં ધારાસભ્યની કામગીરીને લઈને ઉત્સાહ અને સંતોષકારક કામગીરી થયાની ચર્ચાઓ સાથે ધારાસભ્યને લોકોએ બિરદાવ્યા હતા.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# અમૂલભાઇ, જો જો ધ્યાન રાખજો...અદાણીની જેમ તમારો પણ વારો ના આવી જાય...!!??




દૂધ ડેરી અમૂલે વર્ષો પહેલાં ગુજરાત અને ભારતમાં દૂધ ક્ષેત્રે એકાધિકાર ધરાવનાર પોલસન ડેરીનો ઈજારો તોડ્યો પણ હવે લોકોને એમ લાગી રહ્યું છેઃ પોલસન ગયું..અમૂલસન આવ્યું....?! કારણ..? એ જ .દૂધમાં વારંવાર ભાવ વધારો...ગુજરાતની બહાર અમૂલ ગોલ્ડનો ભાઉવ હવે લિટરના ભભમભમ..66 રૂપિયા થઈ ગયા...!

અમૂલની જેમ અદાણી પણ મનમાં આવે તેમ સીએનજી-પીએનજી ગેસમાં ભાવ વધારો કરતા હતા...આજે...? ફૂટેલો ફૂગ્ગો ફૂઉઉઉઉઉસ...કરીને હવામાં ગુલાંટિયા ખાઈ જમીન પર આવી જાય એમ અદાણીની હાલત થઈ રહી છે. નજર લાગી રાજા તોરે બંગલે પર.. ની જેમ અદાણી પર કોઈ અદેખિયાની નજર લાગી હોય તો નવાઈ નહીં. અમૂલ પણ કોઈ પૂછનાર નથી...કોઈ રોકનાર નથી...કોઈ ટોકનાર નથી...એમ વારંવાર દૂધમાં-દહીંમાં અને અન્ય પ્રોડક્ટ્સમાં ભાવ વધારો કરીને અદાણીની જેમ માલેતુજાર બની રહ્યું છે...

અમૂલભાઈ, જો જો ધ્યાન રાખજો...અદાણીની જેમ તમારો પણ વારો ના આવી જાય...કેમ કે તમારા દ્વારા વારંવાર ભાવ વધારાની હવે હદ આવી ગઈ છે..એમ અમૃતકાલના સામાન્ય વપરાશકારોનો રોષ છે.રોષ આંદોલનમાં બદલાય તે પહેલાં ભાવમાં ઘટાડો ના થાય તો સ્થિર તો રાખી શકાય કે નહીં...આ જુઓ ગયા મે મહિનાથી પેટ્રોલનો ભાવ ગુજરાતમાં 96 રૂપિયા પર સ્થિર છે.....! ન કમ...ન જ્યાદા...સરકાર ભી ખુશ...ઔર પ્રજા ભી ખુશ....!

### બિચ્ચારા...ઋષિ(સુનક)ને વળી પાછા "વન"માં ના જવુ પડે... શરૂ થયું લોકડાઉન-2023 આંદોલન..!!



બ્રિટનના મૂળ ભારતીય કૂળના અને મૂળના વડાપ્રધાન ઋષિજી સુનકની સરકારની સામે દાયકામાં ન થયું હોય એવો રોષ ફાટી નિકળ્યો છે. 5 લાખ લોકો સડકો પર ઉતર્યા છે...ત્યાંના અખબારોએ તેને લોકડાઉન-2023 એવુ નામ આપ્યું છે.સુનક સરકાર મોંઘવારીને રોકવામાં નિષ્ફળ રહી છે અને ઋષિને પાછા વનમાં જવુ ન પડે તો ભયો...ભયો...ઋષિ સુનક તો અમારા....એમ કહીને તેમને વર્ચ્યુલી ખભા પર ઉંચકનારા હરખપદુડા ભારતીયોએ તેમને મદદ કરવા બ્રિટન પહુંચના ચાહિયે...

ભારતમાં મોંઘવારી છે પણ વિરોધ નથી...આંદોલન નથી....કેમ કે લોકો પાસે ટાઈમ નથી...છતાં હમણાં ભારત જોડો યાત્રામાંથી પરવારેલા (આમ તો નવરા પડેલાં) રાહુલ ગાઁધીએ અદાણીના બહાને સરકાર સામે આંદોલનનો બૂંગિયો ફૂંક્યો છે...અને આમ પણ આ યાત્રા બાદ તેમનો હાથ સે હાથ જોડો...ઘર...ઘર...કાર્યક્રમ શરૂ થવામાં જ છે. 2024ની તૈયારીઓ....સંસદમાં અદાણી....સંસદની બહાર અદાણી..રાહુલ કો તો બસ બહાના ચાહિયે...

હિંમત હોય તો અંબાણીની સામે આંદોલન કરી બતાવો....? કેમ.. આંદોલન નથી કરવુ...? શું ધીરૂભાઈ અંબાણીના કોંગ્રેસની સાથે ખૂબ સારા રાજકીય-આર્થિક સંબંધો હતા એટલે....?! જયશ્રી કૃષ્ણ...

### પઠાન શાહરૂખને સલામ- #બોયકોટપઠાન..માંથી એકાએક #વેલકમપઠાન...થઇ ગયું..



ઈન્સ્પેક્ટરસાબ, હમ પઠાન કા બચ્ચા હૈ...આ ડાયલોગ શાહરૂખની ફિલ્મ પઠાનમાં છે કે નહીં પણ શાહરૂખને સલામ કરવી પડે કે #બોયકોટપઠાનમાંથી એકાએક #વેલકમપઠાન... થઇ ગયું અને દિપિકાએ પરિધાન કરેલી બીકીનીના રંગને લઈને શાહરૂખના પોસ્ટરો બાળનારા બાદશાહખાનના પોસ્ટરોને ચાહવા લાગ્યા...

ભારતની ચલણી નોટો જ્યાં છપાય છે એ નાસિકની પ્રિન્ટીંગ પ્રેસમાં ધડાધડ નોટો છપાય તેમ સટ...સટ...સટ..કલેકશન 8 દિવસમાં 600 કરોડને પાર....! ફિલમ બની હશે 300 કરોડમાં અને 8 જ દિવસમાં બહોળી કમાણી...ઉપરથી એક ફરમાન છૂટ્યું...અને પઠાનની સામે સિંહ જેવા બનેલા વિરોધીઓ- પઠાનજી, વેલકમ...બહુ સરસ ફિલમ છે યાર...શું એકટીંગ કરી છે બે શાહરૂખખાને..જોરદાર...! બે પઠાનની સિકવલ પણ બનવી જોઈએ...

સવારે એક સીએમએ કહ્યુ-કોણ શાહરૂખ આઈ ડોન્ટ નો... રાત્રે બે વાગે શાહરૂખે ફોન કર્યો અને ટ્વીટરમાં આવ્યું- શ્રીશાહરૂખને ફોન કિયા થા...હમે ફિલમ કે સામને કોઈ આપત્તિ નહીં..વેલકમ..! પીઆર વર્ક હોય તો શાહરૂખ જૈસા..!! શાહરૂખે કોની મન્નત માની હશે...?!

-પ્રવીણ ઘમંડે

# ગાંધીનગર જિલ્લાના વિકાસ માટે 735 લાખના કામ મંજૂર કરાયા



ગુજરાત | વંદન

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આયોજન મંડળની પ્રભારી મંત્રીના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. જેમાં 735 લાખની ગ્રાન્ટ સામે 735 લાખના કામ મંજુર કરાયા હતા. આયોજન મંડળની બેઠકમાં વર્ષ 2023-24 માટે તાલુકા કક્ષાની વિવિધ જોગવાઈ જેમા વિવેકાધીન જોગવાઈ, ખાસ અંગભુત જોગવાઈ, પ્રોત્સાહક જોગવાઈ અને ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર જોગવાઈ માટે મળવાપાત્ર થતી રૂ. 500 લાખની ગ્રાન્ટની સામે રૂ.500 લાખના કામો મંજૂર કરાયા હતા.

નગરપાલિકા જોગવાઈની મળવાપાત્ર થતી રૂ. 75 લાખની ગ્રાન્ટની સામે 10 કામો રૂ. 75 લાખના, જિલ્લા કક્ષાની જોગવાઈની મળવાપાત્ર રૂ. 150 લાખની ગ્રાન્ટ સામે રૂ.150 લાખના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમા રૂ. 10 લાખની ગ્રાન્ટની સામે 3 કામો રૂ. 10 લાખના મળી, કુલ રૂ.735 લાખના આયોજન સામે રૂ.735 લાખના કામોને મંજુર કરવામાં આવ્યા હતા.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં આચાર્ય દેવવ્રતનું ઉદબોધન

# આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીએ જીવનને સરળ બનાવ્યું: રાજ્યપાલ

» 'ભૌતિકતા પૂર્ણ બનાવે છે,આધ્યાત્મિકતા પરિપૂર્ણ બનાવે છે'



ગુજરાત | વંદન

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના ૧૨મા દીક્ષાંત સમારોહમાં કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઇ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના હસ્તે પદવી અને સુવર્ણપદક એનાયત કરાયા હતા. 434 કોલેજો, 3.70 લાખ વિદ્યાર્થીઓ અને 14,000 થી વધુ અધ્યાપકો ધરાવતી આંતરરાષ્ટ્રીય કક્ષાની આ યુનિવર્સિટીના દીક્ષાંત ઉદબોધનમાં આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભૌતિકતા પૂર્ણ બનાવે છે, તો આધ્યાત્મિકતા પરિપૂર્ણ બનાવે છે. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી એ વિજ્ઞાન અને ટેકનોલોજીની સાથે ગત વર્ષથી ભારતીય સંસ્કૃતિ, ભારતીય દર્શન, પ્રાચીન ભારતીય જ્ઞાન, વેદ, પુરાણ અને ઉપનિષદના 12 અભ્યાસક્રમ શરૂ કર્યા છે. તેમણે કહ્યું હતું કે, આ યુનિવર્સિટી પરિપૂર્ણ વ્યક્તિને સંપૂર્ણ માનવ બનાવવાની દિશામાં પ્રયત્નશીલ છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દીક્ષાંત સમારોહ એ વિદ્યાર્થીઓ ,શિક્ષકો અને તેમના માતા-પિતાની તપસ્યાનું પરિણામ છે. તેમણે વિદ્યાર્થીઓને સમાજમાં જઈને વિદ્યા વિસ્તારવા, માનવતાની ભલાઈ કરવા, રાષ્ટ્રના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહેવા અને પરિવારનું ગૌરવ વધારવા આહ્વાન કર્યું હતું.

વિજ્ઞાન અને ટેકનોલોજીએ જીવનને સરળ કરી નાખ્યું છે, સાથે આધ્યાત્મિકતા ઉમેરાય એ આવશ્યક છે. સભ્યતા અને સંસ્કૃતિ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, સભ્યતા બાહ્ય છે જ્યારે સંસ્કૃતિ આંતરિક બાબત છે. શરીર એ સભ્યતા છે, અને આત્મા સંસ્કૃતિ. ભૌતિક વસ્તુઓ સભ્યતા છે અને આધ્યાત્મિક ઉન્નતિ એ સંસ્કૃતિ છે. જીવનમાં બંનેનો સમન્વય જ જીવનને પરિપૂર્ણતા આપે છે. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીએ આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીથી નવા કીર્તિમાન પ્રસ્થાપિત કર્યા છે સાથોસાથ યુવા પેઢીને વેદ, શાસ્ત્રો અને ઉપનિષદનો પરિચય કરાવીને જીવનને પરિપૂર્ણ બનાવવાની દિશામાં પ્રયત્નો કર્યા છે, આ માટે તેમણે સંચાલકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

## ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદકુમાર સુપ્રીમકોર્ટના જજ બનશે



ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદકુમાર તથા અલ્હાબાદ હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ રાજેશ બિંદાલની સુપ્રીમકોર્ટમાં નિયુક્તિ કરવાની ભલામણ કોલેજીયમ દ્વારા કરવામાં આવી છે. જો કે, કોલેજીયમે કરેલી અગાઉની પાંચ ભલામણો હજુ પેન્ડીંગ છે ત્યાં નવી ભલામણો કરવામાં આવી છે.

ગત 13 ડિસેમ્બરે કોલેજીયમે પાંચ નામો સુચવ્યા હતા તેમાં હજુ નિયુક્તિ થઈ નથી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળના કોલેજીયમે રાજેશ બિન્દાલનું નામ સર્વસંમતિથી સુચવ્યુ હતું. જ્યારે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદકુમારના નામની ભલામણ બહુમતીથી થઈ હતી. જસ્ટીસ કે.એમ. જોસેફે તેમનું નામ હવે પછી વિચારણામાં લેવાનો અભિપ્રાય આપ્યો હતો.

પ્લેટફોર્મ નંબર 3 પાસે તાપણું કરી રહ્યાં હતા શખ્સો

# તાપણું કરવાની ના પાડતા માથાભારે શખ્સોએ RPF જવાનને પત્થર મારી કર્યો ઘાયલ

ગુજરાત | વંદન

રેલવે સ્ટેશન અસામાજીક તત્વોનો અડ્ડો છે, તે કહેવું કંઈ ખોટું નથી. કારણે કે અવારનવાર મારમારી, ચોરી, લૂંટના બનાવો બની રહ્યા છે.અસારવા રેલવે સ્ટેશનમાં ફરજ બજાવતા આરપીએફના જવાન પર ચાર શખ્સોએ પથ્થમારો કરીને નાસી જતા ચકચાર મચી ગઈ છે. ચારેય શખ્સો રેલવે ટ્રેક પર તાપણું કરી રહ્યા હતા ત્યારે આરપીએફના જવાને તેમને રેલવે લાઇનથી બહાર નીકળી જવાનું કહ્યુ હતું. ચારેય શખ્સોને બહાર જવાનું કહેતા મામલો બિચક્યો હતો અને જવાન પર પથ્થરમારો કરી દીધો હતો.



સરસપુરમાં રહેતા અને રેલવે પ્રોટેક્શન ફોર્સમાં ફરજ બજાવતા ભરતભાઈ યાદવે રેલવે પોલીસ સ્ટેશનમાં ચાર અજાણ્યા શખ્સો વિરૂદ્ધ મારમારીની ફરિયાદ કરી છે. ભરતભાઇ છેલ્લા સાત વર્ષથી અમદાવાદ રેલવેમાં પોતાની ફરજ બજાવે છે. બુધવારના દિવસે ભરતભાઇ અસારવા રેલવે સ્ટેશનમાં ફરજ પર હાજર હતા ત્યારે ડ્યુટી સ્ટેશન માસ્ટર વિનોદ બારોટ તેમની પાસે આવ્યા હતા અને જાણવ્યુ હતું કે, પ્લેટફોર્મ નંબર 3 પાસે કોઇ વ્યકિતઓ તાપણું કરી રહ્યા છે. તપાણું કરનાર શખ્સો માથાભારે હોય તેવું લાગી રહ્યું છે. સ્ટેટ માસ્ટરની વાત સાંભણીને ભરતભાઇ રેલવે ટ્રેક પર પહોંચી ગયા હતા. જ્યાં ચાર શખ્સો તાપણું કરી રહ્યા હતા. ભરતભાઇએ તાપણું ઓલવીને રેલવે લાઇનથી દૂર જતાં રહાનું કહેતા ચારેય શખ્સો ઉશ્કેરાયા હતા અને ગાળો બોલીને મારમારી કરવા લાગ્યા હતા. દરમિયાનમાં માથાભારે શખ્સોએ આરપીએફના જવાન ભરતભાઇ પર પથ્થરમારો શરુ કરી દીધો હતો. ભરતભાઇના મોઢા પર પથ્થર વાગતા તે ઈજાગ્રસ્ત થયા હતા અને પોતાનો જીવ બચાવવા માટે પ્લેટફોર્મ તરફ દોડી આવ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ ઉચ્ચ પોલીસ અધિકારીઓને થતાં મોડીરાતે રેલવે પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

ડમ્પરચાલક વાહન મૂકીને નાસી ગયો

## શહેરમાં CTM નજીક ડમ્પરે 20 વર્ષીય યુવતીને કચડતા મોત

ગુજરાત | વંદન


શહેરના CTM વિસ્તાર નજીક અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં એક યુવતીનું મોત નીપજ્યું છે. આ અકસ્માત અંગે સામે આવેલી વિગતો અનુસાર શહેરના CTM નજીક એક યુવતીને ડમ્પરે અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, માહિતી મુજબ, અમદાવાદના ખોખરામાં રહેતી જ્યોતિ પ્રજાપતિ નામની યુવતી સીટીએમ ખાતે આવેલી એક હોસ્પિટલમાં નોકરી કરતી હતી. શુક્રવારે બીઆરટીએસ બસમાંથી ઉતરીને રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે કચરાના ડમ્પરે આ યુવતીને અડફેટે લેતાં તે નીચે પટકાઈ હતી.



ડમ્પરનું આગળનું પૈડું તેના પર ફરી વળતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકો આવી ગયા હતા. જેથી ડમ્પરચાલક ડમ્પર મૂકીને ત્યાંથી નાસી ગયો હતો. ટ્રાફિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ડમ્પર કબ્જે કર્યું છે. તેનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. દીકરીના મોતના સમાચાર સાંભળતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

## ટી-20 મેચ પર સ્ટેડિયમમાં બેસીને સટ્ટો રમાડી રહેલા 8 બુકીની ધરપકડ



ગુજરાત | વંદન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બુધવારે રમાયેલી ટી 20 મેચ પર નરેન્દ્ર મોદી સ્ટેડિયમની અંદર બેસીને ઓનલાઈન એપની મદદથી સટ્ટો રમાડી રહેલા 8 બુકીની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી હતી. આ તમામ 8 બુકી ફ્લાઈટમાં હરિયાણા , ઉત્તરપ્રદેશ તેમજ મહારાષ્ટ્રથી આવ્યા હતા.

પોલીસે બુકીઓ પાસેથી કુલ 13 મોબાઈલ, રોકડ, ફ્લાઈટની ટિકીટ મળીને કુલ 1.69 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ બુકી વિરૂદ્ધ સીઆઈડી ક્રાઈમે ગુનો નોંધી તેમને કોર્ટમાં રજૂ કરવા તજવીજ હાથ ધરી હતી.

ગુજરાતનું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર બની ગયું

# પ્રદૂષિત નદીને લઈ કોંગ્રેસ આકરા પાણીએ, સરકાર પર લગાવ્યા ગંભીર આરોપ

ગુજરાત | વંદન

ગંગા અને યમુનાના પ્રદૂષણનો મામલો સતત સામે આવી રહ્યો છે અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં સરકારે તેને સાફ કરવા માટે અનેક પગલાં લીધાં છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB)ના રિપોર્ટમાં નદીઓની શુદ્ધતાને લઈ એક રિપોર્ટ સામે આવ્યો છે. રિપોર્ટ અનુસાર, ચેન્નાઈની કૂમ નદીને દેશની સૌથી પ્રદૂષિત નદી તરીકે જાહેર કરવામાં આવી છે. ગુજરાતની સાબરમતી પણ દેશમાં પ્રદૂષિત નદીમાં બીજા નંબર પર છે. ત્યારે આ મામલે નદીના શુદ્ધિકરણને લઈ કોંગ્રેસે ભાજપ પર તેમજ રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભાજપ સરકાર માટે પૈસા ઉઘરાવવાનું કામ કરી રહી છે.

નદીઓના શુદ્ધિકરણને લઈ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, ગુજરાતમાં તમામ નદીઓનું સૌથી વધુ પ્રદૂષણ છતાં પણ કોઈ નક્કર પગલાં લેવામાં નથી આવ્યા. 300 કરોડ રૂપિયા




આસપાસ તો શુદ્ધિકરણના નામે વેડફાઇ ગયા. નામદાર વડી અદાલતે સુઓમોટો કરી સાબરમતી નદીને સમગ્ર બાબતને હાઈકોર્ટની ફટકાર આપી. ગુજરાતનું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર બની ગયું છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી રાજ્યમાં કુદરતી જળ સ્ત્રોત હોય કે અન્ય જગ્યા એ એર પોલ્યુશન હોય કે વોટર પોલ્યુશન તમામ પ્રદૂષણ નિયંત્રણ કરવાનું કામ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું છે. તેનાથી ઊલટું કામ કરી રહી છે.

ફરિયાદી પાસેથી ગાડી ચલાવવા હપ્તાની કરી હતી માંગણી

## નરોડા પોલીસ મથકનો હેડ કોન્સ્ટેબલ રૂા. બે હજારની લાંચ લેતા ઝડપાયો

ગુજરાત | વંદન

અમદાવાદના નરોડા પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ રૂા. બે હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો હતો. એસીબીના અમદાવાદ એકમના મદદનીશ નિયામક કે.બી.ચુડાસમાના સુપરવિઝન હેઠળ અમદાવાદ ગ્રામ્યના પીઆઇ એસ.એન. બારોટ અને તેમની ટીમે છટકુ ગોઠવ્યું હતું.

જેમાં નરોડા પોલીસ સ્ટેશનનો ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ રામઅવતારસિંહ ભડોરીયા લાંચ માંગતો હોવાની ફરિયાદ મળતા જે ફરિયાદ મુજબ ડમ્પરમાં માટીની હેરાફેરીનો ધંધો કરતા ફરિયાદીને ગાડી ચલાવી હોય તો આરોપીએ હપ્તાની માંગણી કરી હતી અને નહીંતર ગાડીઓ ડીટેઈન કરાવી



દેવાની ધમકી આપી લાંચ માંગી હતી.

હકીકત મળતા એસીબીએ છટકુ ગોઠવી એસ.પી. રોડ પર હંસાપુર ચાર રસ્તા પાસે હંસાપુર પોલીસ ચોકીની સામે ફરીયાદી પાસેથી લાંચ સ્વીકારતા હેડ કોન્સ્ટેબલને રૂા. બે હજાર સાથે ઝડપી લઇ ગુનો દાખલ કર્યો હતો. આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદીઓને મળશે વધુ એક નઝરાણું

# સાબરમતી રિવરફ્રન્ટ પર શરૂ કરાશે ફ્લોટિંગ રેસ્ટોરાં અને ક્રૂઝની સવારી

ગુજરાત | વંદન

અમદાવાદ- સાબરમતી રિવરફ્રન્ટ ઘણાં અમદાવાદીઓ માટે હરવા ફરવા માટેનું મનપસંદ સ્થળ છે. લોકો અહીંયા પોતાના બાળકોને પાર્કમાં લઈને આવે છે, સાંજના સમયે નદીના કિનારે હવા ખાવા આવે છે, ઘણાં લોકો અહીં સાયકલિંગ કરવા અથવા કસરત કરવા પણ આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પર નવું નજરાણું ઉમેરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. શહેરની સાબરમતી નદીના રિવરફ્રન્ટ ઉપર રિવર ક્રૂઝ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ શરૂ કરાશે.

મળતી માહિતી મુજબ આગામી એપ્રિલ મહિનાના પ્રથમ અઠવાડિયાથી રિવરફ્રન્ટમાં ક્રૂઝ રેસ્ટોરન્ટ શરુ થશે. ક્રૂઝ બોટ અમદાવાદના સરદાર બ્રીજથી ગાંધીબ્રીજ સુધી ક્રૂઝ ફ્લોટિંગ રેસ્ટોરેન્ટ તરીકે સેવા આપશે.

મળતી માહિતી મુજબ આ રેસ્ટોરન્ટ શરૂ કરવા



માટેદક્ષિણ ગુજરાતના વલસાડના ઉંમરગામથી ક્રૂઝ અલગ અલગ છ તબક્કામાં લાવવામાં આવ્યું છે. ત્રણ મહિનામાં ક્રૂઝને એસેમ્બલ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. હાલની ગણતરી અનુસાર 125 થી 150 લોકો એક સાથે આ ક્રૂઝ ઉપર બેસી શકશે.

AMC નો દાવો છે કે દેશમાં પ્રથમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ હશે, જે નદીમાં કાર્યરત હશે. ક્રૂઝ બોટમાં લાઈફ સેવિંગ કિટ, સીસીટીવી કેમેરા અને લાઈટીંગ તેમજ ડીજે સાઉન્ડ સાથે મુકવામાં આવશે.

## લાકડા લેવા સીમમાં ગયેલા દેરાણી-જેઠાણીની ઘાતકી હત્યા

ગુજરાત | વંદન

અમદાવાદ જિલ્લાના ભૂલાવડી ગામ પાસે ઝાણું ગામની સીમમાં લાકડા લેવા ગયેલા દેરાણી-જેઠાણીની લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. બંનેના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જોકે, ક્યાં કારણોસર અને કોણે આ



હત્યાના બનાવને અંજામ આપ્યો છે તે અંગે પોલીસ એ વધુ તપાસ શરૂ કરી છે.

ભુલાવડી નજીક ઝાણું ગામની સીમમાં અવવારું જગ્યામાં લાકડા લેવા માટે ગયેલા દેરાણી-જેઠાણીના મૃતદેહ મળ્યા છે. ગામમાં રહેતા ગીતા બહેન અને મંગી બહેન ઠાકોર નામના દેરાણી જેઠાણી નિત્યક્રમ મુજબ બપોરના સમયે લાકડા લેવા માટે સીમમાં ગયા હતા. જોકે, સામાન્ય રીતે તેઓ બપોરના સમયે ઘરે પરત આવી જાય છે. પરંતુ આજે સાંજના પાંચ વાગ્યા સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી.

# ખોખરા વિસ્તારમાં વાંદરાઓનો આતંક, ત્રણ લોકોને ભર્યા બચકાં

ફરિયાદ કરતા આખરે પ્રશાસને બે વાનરો પાંજરે પુર્યા

ગુજરાત | વંદન

શહેરના ખોખરા વોર્ડના ઘોડાસરમાં વાનરોના આંતકના કારણે લોકોને હેરાવ થવાની સ્થિતિ નિર્માણ પામી હતી. ઘોડાસરની ચરોતર રાણા સોસાયટી મા સાતેક દિવસોથી વાનરો ઉત્પાત મચાવતા હતા એટલુજ નહીં ત્રણ વ્યકિતઓને બચકા ભરતા લોકોને પરેશાન થઈ ગયા હતા. આખરે પ્રશાસનને આ અંગે ફરિયાદ કરતા બે વાનરોને પાંજરે પુરવામાં આવ્યા હતા.

અમદાવાદના ખોખરા વોર્ડમાં આવતા ઘોડાસરમાં વાનરોનો આતંક જોવા મળ્યો હતો. ચરોતર રાણા સોસાયટીનો 12 વર્ષનો



કિશોર જૈનીલ ધર્મેશ રાણા શાળાથી છુટી ને આવી ઘરે આવ્યો હતો. અન્ય કિશોરો સાથે સોસાયટીમાં રમી રહ્યો હતો, ત્યારે વાનરે આંતક મચવાતા તેમના જમણા હાથના કાંડે બચકું ભરી લીધું હતું. વાનરોના આંતકનો ભોગ એક વૃદ્ધા પણ થઈ હતી. ૬૫ વર્ષ વૃધ્ધા પુષ્પાબેન રાણાને વાનરે થાપાના ભાગે બચકા ભર્યા હતા. જેના કારણે પરિજનોએ તાબડતોડ હોસ્પિટલ મા સારવાર માટે ખસેડવા પડ્યા હતા. વાનરોના આંતકની ઘટના વધતા આ અંગેની જાણ નગરસેવક કમલેશ પટેલને કરી તાકીદે વાનરો ને પાંજરે પુરવાની મદદ માગી હતી. નગરસેવકએ કાકરિયા પ્રાણી સંગ્રહાલય અને વન વિભાગને જાણ કરી સોસાયટીમાં ઉત્પાત મચાવતા વાનરો ને પકડી પાડવા કહ્યું હતું. આખરે કલાકોની જહેમત બાદ વાનરોની ટોળકીના બે કદાવર વાનરો ને બેભાન કરી પાંજરે પુરતા સોસાયટીના રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**સ્કેટિંગ...સ્કેટિંગ..:** શહેરના યુવાનોમાં સ્કેટિંગને લોકપ્રિય બનાવવા કોર્પોરેશન દ્વારા લાખો રૂપિયાના ખર્ચે સ્કેડિંગ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. હાલમાં સ્કેટિંગના પ્લેટફોર્મ પર પક્ષીઓ સ્કેટિંગ કરી રહ્યાં છે...!



**જય રણછોડ માખણચોર:** અમદાવાદની ઐતિહાસિક ભગવાન જગન્નાથજીની રથયાત્રાના વર્ષો જુના રથોના સ્થાને નવા નક્કોર રથો બનાવવામાં આવી રહ્યાં છે. તસ્વીરમાં કારીગરો ત્રણેય રથો તૈયાર કરી રહેલા જણાય છે.




**મોબાઈલ અને પુસ્તક:** આજના મોબાઈલ યુગમાં પુસ્તકોનું મહત્વ ઘટી ગયું છે પણ પુસ્તક સાચો મિત્ર છે. ગુજરાત કોલેજની બહાર 50 ટકાના ભાવે પુસ્તક વેચાણ કરનાર એક સ્ટોલ જણાય છે.



**ઢોલી તારો ઢોલ વાગે:** આમ તો નવરાત્રીને હજુ વાર છે. પણ લગ્ન સિઝનમાં ભાડે આપવા ડબગર સમાજના એક વ્યક્તિ દ્વારા ફુટપાથ પર ઢોલ મુકીને ગ્રાહકની રાહ જોવાતી હોય તેમ તસ્વીર કહે છે.

માનવતાના ધોરણે પોલીસે પૂછપરછ બાદ રહેવા અને ટિકિટની વ્યવસ્થા કરી આપી

# સ્ટેડિયમ નજીકથી ઝડપાયેલા ચાર કાશ્મીરી યુવાનો સૂર્યકુમાર યાદવના ચાહક નિકળ્યા

ગુજરાત | વંદન

ભારત-ન્યૂઝીલેન્ડ T20 મેચ પહેલા પોલીસના હાથે ઝડપાયેલા ચાર કાશ્મીરી યુવકોના કેસમાં વળાંક આવ્યો છે. મેચ પહેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બહાર હાજર આ યુવકોને સ્થાનિક પોલીસે પકડીને ક્રાઈમ બ્રાન્ચને હવાલે કર્યા હતા. સ્થાનિક પોલીસે તેમને શંકાસ્પદ તરીકે પકડ્યા, પરંતુ જ્યારે ક્રાઈમ બ્રાન્ચે આ કાશ્મીરી યુવકોની તપાસ કરી તો તેઓ ટીમ ઈન્ડિયાના નવા સ્ટાર સૂર્ય કુમાર યાદવના ચાહક હોવાનું બહાર આવ્યું. આ પછી ક્રાઈમ બ્રાન્ચે આ કાશ્મીરી યુવાનો માટે મેચ જોવાની વ્યવસ્થા કરી હતી.

જમ્મુ કાશ્મીર સ્ટુડન્ટ એસોસિએશન (JKSA)ના ટ્વીટ દ્વારા આ સમગ્ર મામલો સામે આવ્યો છે. જેમાં ગુજરાત




પોલીસની પ્રશંસા કરવામાં આવી હતી. જેમાં લખવામાં આવ્યું હતું કે, ગુજરાત પોલીસની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ચાર યુવકોને મેચ બતાવવામાં મદદ કરી હતી. ટ્વીટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઓફિસનું એકાઉન્ટ ટેગ કરવામાં આવ્યું છે. સ્થાનિક પોલીસે મંગળવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બહારથી આ યુવકોને પકડ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના અધિકારી ચૈતન્ય માંડલિકના જણાવ્યા અનુસાર, આ યુવક ટિકિટની શોધમાં ભટકતો હતો કારણ કે તેને ટિકિટની કિંમત 500 રૂપિયાથી લઈને 1000 રૂપિયા સુધીની હશે તેવી અપેક્ષા હતી, પરંતુ ટિકિટની કિંમત 2500 રૂપિયા હતી. તેમની ઓળખ ગુલામ મોહમ્મદ, ઈર્શાદ હુસૈન, નિસાર અહેમદ, શબીર અહેમદ તરીકે થઈ હતી. આ તમામ મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના રહેવાસી હતા.

માંડલિકે જણાવ્યું કે પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે આ બધા મિત્રો હતા. આ પછી, તેમના માટે ટિકિટની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાદમાં કાલુપુર ખાતે તેમના રોકાણની વ્યવસ્થા કરવામાં આવી હતી. 1 ફેબ્રુઆરીના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે T20 મેચ રમાઈ હતી. આ મેચમાં પહેલા રમતા ટીમ ઈન્ડિયાએ 234 રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. આ સ્કોરનો પીછો કરતા ન્યૂઝીલેન્ડની ટીમ 12.1 ઓવરમાં 66 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાએ આ મેચ 168 રનના મોટા અંતરથી જીતી લીધી હતી. જો કે આ મેચમાં આ યુવાનોના સ્ટાર ખેલાડી સૂર્યકુમાર યાદવે ટૂંકી ઈનિંગ્સ રમી હતી અને બે સિક્સ અને એક ફોરની મદદથી 24 રન બનાવ્યા હતા.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# શું ઉદ્યોગપતિ ગૌતમ અદાણી ભારતના સર્વોપરી વડાપ્રધાન છે...? રાષ્ટ્રપતિ છે...? છે શું તેઓ...?

ભારતના હાલમાં ભારે વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ બની ગયેલા ઉદ્યોગપતિ ગૌતમ શાંતિલાલ અદાણીની કંપનીઓમા મામલે ગંભીર આરોપો થયા છે. અમેરિકાની હિન્ડેનબર્ગ નામની એક રિસર્ચ એજન્સીએ બે વર્ષ તપાસ કરીને ગયા મહિનના અંતમાં અહેવાલ આપ્યો કે અદાણીની કંપનીઓમાં બધુ ઠીક-ઠાક નથી, ગરબડ છે..ગોટાળા છે. અહેવાલના પગલે અદાણીને 4 લાખ કરોડ અને હવે 7 લાખ કરોડનું જંગી અને જલ્દીથી કળ ન વળે એવું ભારે આર્થિક નુકશાન થયું છે.

રિસર્ચ કંપનીના આરોપાત્મક અહેવાલનો અદાણી જુથ દ્વારા 413 પાનોનો વળતો જવાબ આપ્યો ત્યારે એ જવાબની સાથે હિન્ડેનબર્ગ નામની રિસર્ચ કંપનીને




દબડાવવામાં આવી કે તમે અદાણી ઉપર હુમલો કર્યો નથી પણ ભારતની ઉપર હુમલો કર્યો છે...ભારતને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. આ અદાણી નહીં પણ ભારતના આર્થિક ગ્રોથ પર હુમલો છે...એવો જવાબ આપવામાં આવ્યો ત્યારે ઘણાંને નવાઈ લાગી- શું ગૌતમ અદાણી ભારતના કોઈ વડાપ્રધાન છે....? કોઈ રાષ્ટ્રપતિ છે...? છે શું અદાણી..? સામાન્ય રીતે રાજકારણમાં એવુ જોવા મળે છે કે કોઈ રાજકીય નેતા પર આરોપ થાય એટલે તેને ભારત દેશના ના અપમાનની સાથે જોડીને કે પછી જે રાજ્યનો હોય તો રાજ્યના અવમાનની સાથે જોડી દઈને બચાવ કરવામાં આવે છે. ગૌતમ અદાણી કોઈ રાજકારણી નથી, હાં તેમને એક રાજકીયપક્ષ સાથે સારા સંબંધ છે. તેઓ ચૂંટાયેલા વડાપ્રધાન નથી...કોઈ બંધારણીય પદ પર નથી. તેમ છતાં હિન્ડેનબર્ગને જે જવાબ આપ્યો તેમાં પોતાની સરખામણી ભારત દેશ સાથે કરીને આ મારૂ નહીં ભારતનું અપમાન છે...એવો બચાવ રાજકીય જવાબ છે.

આરોપ મૂકનારી રિસર્ચ કંપની કોઈ રાજકીય પક્ષ નથી. તેણે અદાણીની કંપનીઓનીં ફોરેન્સિક ઢબે તપાસ કરીને 32 હજાર શબ્દોનો રિપોર્ટ જાહેર કરીને ભારતના અપમાન..ના સંદર્ભે એવો જવાબ અદાણીને આપ્યોકે તિરંગા કે રાષ્ટ્રવાદનો સહારો લઈને અયોગ્ય વસ્તુ ઢાંકી શકાતી નથી, જો અમે ખોટા છીએ તો અમેરિકા આવીને યુએસની કોર્ટમાં અમારા અહેવાલને પડકારો, અમે તૈયાર છીએ..હવે જ્યારે આરોપ મૂકનાર પોતે એમ સામે ચાલીને કહી રહી હોય કે અમેરિકાની કોર્ટમાં અમારી સામે કેસ કરો ત્યારે કોમનસેન્સ તો એ જ કહે છે કે અદાણી જો સાચા હોય તો રાજકીય બચાવ દ્વારા ચામડી બચાવવાને બદલે તેમની કંપનીઓના સામાન્ય રોકાણકારોના હિતમાં હિન્ડેનબર્ગને કોર્ટમાં ઢસડીને લઈ જતાં કોણ રોકે છે...? ભારતના નામનો સહારો લઈને ગંભીર આરોપોથી બચી શકાય...એમ જો અદાણી માનતા હોય તો એ તેમની મોટી ભૂલ અને બાલિશ બચાવ હોવાની છીપ ઉપસે છે.આવા જવાબથી અને શેર બજારમાં ભરણુ ભરાઈ ગયું છતાં એફપીઓ રદ કરવાનું અદાણીનું પગલુ વગેરે.થી લાખો-કરોડો રોકાણકારોના મનમાં જે ભય અને શંકા વ્યાપી ગઈ છે તેમાંથી બહાર આવવામાં અદાણીને કદાજ સમય લાગી શકે. બની શકે કે કોઈ બજારમાં અબજો ઠાલવીને અદાણીના શેરોને વળી પાછા ઉપર લાવવાની રમત પણ જોવા મળે. કોઈ વળી એમ પણ કહી શકે કે બલીવુડની ફિલ્મ અમરપ્રેમના એક ગીતના શબ્દો- યે ક્યા હુવા...કૈસે હુવા..કબ હુવા ક્યોં હુવા..ની જેમ અદાણીની માનસિક હાલત એક તબક્કે તો એવી થઈ જ હશે કે-આ શું થયું...કેમ થયું..ક્યારે થયું અને અદાણી માટે મોટો સવાલ- કોણે કર્યું....?!

**ધર્મ**

## માઘી પૂર્ણિમા: આ દિવસે ગંગામાં સ્નાન કરવાથી પ્રાપ્ત થાય છે વિશેષ ફળ

માઘ મહિનાના અંતિમ દિવસની તિથિને માઘી પૂર્ણિમા કહે છે. ધાર્મિક દ્રષ્ટિએ આ તિથિ અત્યંત મહત્વપૂર્ણ છે. આ વખતે માઘી પૂર્ણિમા 05 ફેબ્રુઆરી 2023, રવિવારે છે. આ દિવસે ચંદ્રદેવની પૂજાની સાથે ભગવાન વિષ્ણુ (Lord Vishnu)ની પૂજાનું પણ મહત્વ છે. માઘી પૂર્ણિમાએ સંયમિત રહેવું, સવારે સ્નાન કરવું તેમ જ વ્રત, દાન કરવું વગેરે નિયમોનો ઉલ્લેખ ગ્રથોમાં પણ મળે છે.



માઘી પૂર્ણિમાના દિવસે ખાસ કરીને પ્રયાગ સંગમ ઉપર સ્નાન કરવાને પુણ્યદાયી માનવામાં આવે છે. પૌરાણિક માન્યતા છે કે આ દિવસે દેવલોકથી દેવતાગણ પૃથ્વી પર આવે છે. માઘી પૂર્ણિમાનું વિશેષ મહત્વ હોય છે. એ દિવસે અમુક ખાસ ઉપાયથી માતા લક્ષ્મીને પણ પ્રસન્ન કરી શકાય છે. આવો જાણીએ તેનું મહત્વ, સ્નાનનું શુભ મુહૂર્ત અને મા લક્ષ્મીને પ્રસન્ન કરવાના ઉપાય.

માઘ પૂર્ણિમાનું વિશેષ મહત્વ છે. જે સાધકો માઘ મહિનામાં સંગમ નદીના કિનારે રહીને વ્રત અને સંયમ સાથે સ્નાન ધ્યાન કરે છે અને માઘ પૂર્ણિમાના દિવસે પોતાના કલ્પવાસની પરંપરા પૂર્ણ કરે છે તેમના માટે માઘ પૂર્ણિમા ખૂબ જ વિશેષ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે માઘી પૂર્ણિમાના પાવન દિવસે શ્રી હરિ વિષ્ણુ ગંગાના જળમાં નિવાસ કરે છે. એટલા માટે આ દિવસે ગંગામાં સ્નાન કરવાથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે. આ દિવસે આશ્લેષા નક્ષત્ર અને ચંદ્ર કર્ક રાશિમાં રહેશે અને આયુષ્માન યોગ, રવિપુષ્ય યોગ અને સર્વાર્થ સિદ્ધિ યોગ બની રહ્યો છે. તેને શુભ યોગ માનવામાં આવે છે. માન્યતા અનુસાર માઘી પૂર્ણિમાના દિવસે દેવતાઓ પણ ગંગામાં સ્નાન કરવા માટે પ્રયાગ આવે છે, તેથી માઘ મહિનાની પૂર્ણિમા તિથિએ ગંગામાં સ્નાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે.

**રાહુલે યાત્રા દરમ્યાન ચોક્કસ ટીવી મિડિયા ચેનલો પર સતત પ્રહારો કરીને જબરજસ્ત બદલો લીધો હોવાનું તારણ**

# ભારત જોડો યાત્રાનું ફળ: કોંગ્રેસ ઘેર આનંદ ભયો...જય રાહુલબાબા કી.,દિલ્હી અબ દૂર નહીં..!

સાપ્તાહિક ગુજરાત વંદન **રાજકારણના અઠંગ ખેલાડીઓને પણ લાગ્યું- ના.. હો, રાહુલ અબ વો વાલા રાહુલ નહીં..પાક્કો ખેલાડી બની ગયો..**

7 સપ્ટેમ્બર 2022ના રોજ કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીએ તેમના સ્વર્ગસ્થ પિતા રાજીવ ગાંધી , સ્વામી વિવેકાનંદ અને તમિલ કવિ થ્રુવલ્લુવરને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા પછી કન્યાકુમારી ખાતે ભારત જોડો યાત્રાનો પ્રારંભ કર્યો ત્યારે કોંગ્રેસ આ યાત્રાને “ભારતનો સૌથી મોટો જન સંપર્ક કાર્યક્રમ” ગણાવ્યો હતો. રાહુલ અને તેના અન્ય સાથીઓની સાથે પ્રિયંકા ગાંધીએ 29 જાન્યુઆરી-2023ના રોજ ગાંધીનિર્વાણ દિનની પૂર્વ સંધ્યાએ શ્રીનગરના ઐતિહાસિક લાલચોક ખાતે તિરંગો લહેરાવીને ભારતના રાજકારણમાં




એક નવો ઈતિહાસ રચ્યો એમ કોંગ્રેસના નેતાઓ કહી રહ્યાં છે.

યાત્રાના સારથી રાહુલના દેખાવમાં બદલાવ આવવાની સાથે તેમની પર્સાનાલીટીમાં પણ જબ્બર ફેરફારની નોંધ રાજકારણના અભ્યાસુઓની સાથે રાજકારણના અઠંગ ખેલાડીઓએ પણ લીધી. ખુદ રાહુલે યાત્રાની એક પત્રકાર પરિષદમાં કહ્યું કે મૈ અબ વો રાહુલ નહીં હું..ના.. મૈંને અપને અંદર કા જો રાહુલ થા ઉસે રાહુલ કો માર દિયા..યે એક નયા અવતાર હૈ..મૈં તપસ્વી હું...!

યાત્રાને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે, અને ભાજપે આખી યાત્રા પર બારીકાઈથી નજર રાખી હતી. આઈબી સહિતની સુરક્ષા એજન્સીઓએ યાત્રામાં કોણ જોડાયા, શું બોલ્યા વગેરે.ની તમામ માહિતી એકત્ર કરી.જેનો ઉપયોગ યોગ્ય સમયે થશે...

રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસની ભારત જોડો યાત્રા ભારતના દક્ષિણ છેડે સ્થિત કન્યાકુમારીથી કાશ્મિર જવા શરૂ થઈ હતી અને 136મા દિવસે 29, જાન્યુ.2023 માં શ્રીનગરમાં સમાપ્ત થઈ. કોંગ્રેસની ‘ભારત જોડો યાત્રા’ અને ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન ચંદ્ર શેખરની 1983માં લગભગ 4,260 કિલોમીટર લાંબી ભારત યાત્રા વચ્ચે ઘણી સમાનતાઓ વિષે પણ ઘણાંએ નોંધ લીધી.

કોઈએ ગાંધીજીની દાંડીકૂચ યાત્રા સાથે સરખામણી કરી તો કોઈએ 1915માં દ.આફ્રિકાથી ભારત પરત આવેલા મોહનદાસ કરમચંદ ગાંધીએ તેમના ગુરૂ ગોખલેની સુચના અનુસાર ભારતને ઓળખવા ભારત યાત્રા કરી અને ભારતની હાલત જોઈને જેમ તેમનામાં બદલાવ આવ્યો તેમ કોંગ્રેસની ભારત જોડો યાત્રાના પગલે રાહુલમાં પણ વૈચારિક પરિપકવતા આવી. આ યાત્રાનો રાહુલે દેશના ચોક્કસ ટીવી મિડિયા હાઉસીસના નામ લીધા વગર અને તેઓ દર વખતે બે-ચાર ઉદ્યોગપતિઓના નામો લઈને આરોપો કરે છે એ તમામને આડે હાથે લઈને એવા જબરા પ્રહારો રોજેરોજ કર્યા કે રાજકીય નિરીક્ષકોને પણ એમ લાગ્યું કે રાહુલે 2013થી કોંગ્રેસને બદનામ કરવાના એજન્ડા સાથે કામ કરનાર આ ટીવી ચેનલોને બેનકાબ કરવાની ખૂબ સારી તક ઝડપી.

યાત્રાના 136 દિવસ દરમ્યાન રાહુલે શક્ય એટલી પત્રકાર પરિષદો યોજીને ચોક્કસ મિડિયા પર જે પ્રહારો કર્યા તેનું પરિણામ એ આવ્યું કે બીજાના ખીલે કૂદતા ગૌતમ અદાણીએ નાણાંના જોરે ખરીદેલી એનડીટીવી ચેનલને કદાજ કોંગ્રેસ સત્તામાં આવે તો...? એવા કોઈ માનસિક ડરથી ગભરાઈને પાણી પહેલાં પાળ બાંધવા યાત્રાને ખૂબ સારૂ કવરેજ આપ્યું...! હિન્ડેનબર્ગ નામની અમેરિકન રિસર્ચ એજન્સીએ અદાણીના શેરોમાં થતી ગરબડોની તપાસ કરીને જે અહેવાલ જાહેર કર્યો તેનાથી શેરબજારમાં અદાણીના 4 લાખ કરોડ એક જ ધડાકે ગણતરીના કલાકોમાં ડૂબી ગયા પણ જેમના ખીલે કૂદકા મારે છે તેમાંથી તેમને બચાવવા કોઈ તેમની વ્હારે ન આવ્યાં...! રાહુલ મોગામ્બોની જેમ ખુશ હુવા...?!


કોંગ્રેસ પાર્ટીના સર્વેસર્વા સોનિયા ગાંધી , 6 ઓક્ટોબર 2022ના રોજ કર્ણાટકમાં ભારત જોડો યાત્રામાં જોડાયા. નાદુરસ્ત તબિયતને કારણે બહાર નિકળવાની મનાઈ છતાં પુત્રપ્રેમને કારણે અને કોંગ્રેસના કાર્યકરોમાં જાન ફૂંકવા , તેમણે થોડા સમય માટે યાત્રાના સહભાગીઓ સાથે સાંકેતિક કૂચ હાથ ધરી હતી આ યાત્રાએ 12 ઓક્ટોબર 2022 ના રોજ અંગ દાનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. રાહુલ ગાંધી સંચારી વિજય સહિત ઘણા દાતાઓના પરિવારો સાથે ચાલ્યા હતા, જેનું અવસાન થયું હતું પરંતુ જેમના અંગોએ અન્ય જીવન બચાવ્યા હતા. ગાંધીએ ડૉ. રાજકુમાર અને તેમના પુત્ર પુનીત રાજકુમારની ઉદારતાની પણ નોંધ લીધી , જે બંનેએ તેમની આંખોનું દાન કર્યું હતું. યાત્રામાં 33 સહભાગીઓએ આંખોનું દાન કરવાનો સંકલ્પ લીધો હતો..

રાહુલે શ્રીનગરમાં કહ્યું કે ભારત જોડો યાત્રા એક શરૂઆત છે, તે પછી હાથ સે હાથ જોડો અભિયાન ઘર ઘર સુધી શરૂ થશે અને 2024માં લોકસભાની ચૂંટણીઓ પહેલાં કોંગ્રેસ દેશમાં એવુ વાતાવરણ બનાવશે કે ભાજપને જીતવુ મુશ્કેલ બનશે. યાત્રામાં તેમની સાથે



અન્ય વિપક્ષી રાજકીય નેતાઓ, પૂજા ભટ્ટ, ઉર્મિલા માંતોડકર સહિત ફિલ્મી કલાકારો જોડાયા અને કાશ્મિરમાં પીડીપીના નેતા મહેબુબા મુફ્તી, ફારુખ અબ્દુલ્લા ઉષ્માસભર તેમને ભેટ્યા અને હાથ મિલાવ્યાં તેને રાજકીય રીતે સૂચક માનવામાં આવી રહ્યું છે. 136 દિવસમાં 75 જિલ્લાનો પ્રવાસ કરનાર ભારત જોડો (જેને ભાજપે ભારત તોડો ગણાવી) યાત્રાનો રાજકીય સાર ભાગ એ છે કે રાહુલ હવે એ રાહુલ નથી જેની કલ્પના તેમના વિરોધીઓ કરતાં આવ્યાં છે. પત્રકાર પરિષદોમાં તેમને ચોક્કસ રીતે ઘેરવા ચોક્કસ આશય સાથે કોઈને રાજકીય લાભ અપાવવા પૂછાતા પ્રશ્નોના મર્મ સમજીને પૂછનારના મોઢા પર ફટકાર કર્યો અને આવો સવાલ વડાપ્રધાનને કેમ કરતાં નથી...વડાપ્રધાનને સવાલો કરતાં કેમ ડરો છો...એવા પ્રહારોની સાથે તેમનામાં આવેલા જબરજસ્ત આત્મવિશ્વાસના પગલે કોંગ્રેસમાં એક એવી છાપ ઉપસી કે રાહુલ..તુને મોસમ બદલ દિયા...અબ દિલ્હી દૂર નહીં..?!

**પુસ્તક પરિચય**



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

# પ્રમુખસ્વામી મહારાજ :પ્રેરક... પારલૌકિક... પાવક...

**‘યુગો સુધી આ જગમાં જેનાં મળતાં રહેશે અજવાળાં,**
**પ્રમુખસ્વામીનાં કાર્યોના કોઈ કરી શકે ના સરવાળા.’**

‘બાપાએ દુનિયામાં ખૂણે ખૂણે મંદિર બનાવ્યાં, પરંતુ ઈંટ, પથ્થર, ચૂનો, માટી જ ખડકવાનું કામ પ્રમુખસ્વામીએ નથી કર્યું. એમણે તો સામાજિક ચેતનાનાં કેન્દ્ર ઊભાં કર્યાં. લંડનમાં મંદિર બનાવે તો એમને ખબર હોય કે અહીં જે રીતે બાળકોનો ઉછેર થયો છે એ માટે મંદિરમાં રમતગમતનું સ્ટેડિયમ ( જિમ્નેશિયમ) બનાવવું પડે. ભલે એ ભગવાન પાસે આવે કે ન આવે. આ હિંમત સામાન્ય પરંપરાથી બંધાયેલી વ્યક્તિઓમાં ન હોય, સમયાનુકૂલન પરિવર્તન! કદાચ ભારતમાં મંદિરવ્યવસ્થા, મંદિરપરંપરામાં આટલી હદે મેનેજમેન્ટ, હ્યુમન ટચ, પરફેક્શન દુર્લભ છે.’


- (માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અંજલિ)

ઘણાં લોકોનાં મુખે આપણે સાંભળીએ છીએ કે સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાં બધાં મંદિરો છે? તે સૌ માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહેલ ઉપરનું કથન ખૂબ બધું સમજાવી જાય છે. સ્વામિનારાયણ ભગવાનનાં આટલાં ભવ્ય અને અલૌકિક મંદિર પાછળનું આ સત્ય છે કે પ્રમુખસ્વામી મહારાજે ફક્ત મંદિરો જ નથી બનાવ્યાં, તેમણે તો દુનિયાભરમાં સામાજિક ચેતનાનાં કેન્દ્રો સ્થાપ્યાં છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી ઘણાં બધાં રાહતનાં કાર્યો પણ થયાં છે, જેમકે કચ્છમાં આવેલો ભુકંપ હોય કે મોરબી, લાતુર, ઓરિસ્સા, આન્ધ્રપ્રદેશ વગેરે પર ત્રાટકેલી કુદરતી આફતો. બધી જગ્યાએ તત્કાળ મદદ માટે પહોંચી જતાં હરિભક્તો હોય તે ઉપરાંત પર્યાવરણની જાળવણી માટે અનોખો પસ્તીયજ્ઞ હોય. વિશ્વ સંત એવાં પ્રમુખસ્વામી મહારાજનો હમણાં જ અમદાવાદમાં જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવાયો ત્યારે તેમનાં જીવન વિશે ચિત્રલેખાના પત્રકાર શ્રી કેતન મિસ્ત્રી દ્વારા લિખિત એક અદ્ભુત પુસ્તકનું વિમોચન શ્રી મહંત સ્વામી મહારાજ દ્વારા કરવામાં આવ્યું, ‘જેવા જોયા-જાણ્યા’.

‘જેવા જોયા-જાણ્યા’ પુસ્તકમાં પત્રકાર તરીકેની દીર્ઘ કારકિર્દી દરમિયાન શ્રી કેતનભાઈ મિસ્ત્રીએ વિવિધ સમયે પ્રમુખસ્વામી મહારાજની લીધેલ મુલાકાતો, સ્વામીનારાયણ મંદિરના ખાસ મહોત્સવો, સેવાકીય પ્રવૃતિઓ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં પ્રમુખસ્વામી મહારાજના આશિર્વાદથી પ્રગતિ કરનાર મહાનુભાવોની પ્રમુખસ્વામી મહારાજ સાથેની યાદોનું વિગતે વર્ણન છે, જે ચિત્રલેખાના પાનાંઓ પર છપાયેલ છે, તેનું એક સુંદર સંકલન કરીને પત્રકાર શ્રી કેતન મિસ્ત્રીએ પીરસ્યું છે.

પૂજ્ય સાધુ ઈશ્વરચરણદાસ સ્વામીજી આ પુસ્તકને આવકારતાં લખે છે, ‘મહાન સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના જીવનનાં અનેક પાસાંઓ છે. એ પાસાંઓને ઉજાગર કરવા માટે ચિત્રલેખાના નીવડેલા પત્રકાર શ્રી કેતનભાઈ મિસ્ત્રીએ ખૂબ પુરુષાર્થ કર્યો છે. શ્રી કેતનભાઈને બાળવયે અને ત્યારબાદ પત્રકારની નજરે બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાના સત્સંગનો, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો અને સંસ્થાનાં અનેકવિધ કાર્યોને નજરે નિહાળવાનો લાભ મળ્યો છે. ચિત્રલેખાના માધ્યમથી તેઓએ બી. એ. પી. એસ. સંસ્થા દ્વારા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં થયેલાં સેવાકાર્યો, વિવિધ ઉત્સવ પ્રસંગો અને વ્યક્તિત્વો જેવી પ્રેરક બાબતોને લાખો લોકો સુધી પહોંચાડી છે. શ્રી કેતનભાઈ એક નમ્ર, સાલસ સ્વભાવના અને ઉત્સાહી એવા પત્રકાર રહ્યા છે. એમણે પોઝિટિવ જર્નાલિઝમનું એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પુસ્તક પણ એવું જ એક ઉદાહરણ છે.’

સિનિયર પત્રકાર અને લેખક શ્રી કેતનભાઈ મિસ્ત્રી આ પુસ્તક વિશે વાત કરતાં લખે છે, ‘બે ખંડમાં વિભાજિત આ પુસ્તકના પહેલાં ખંડમાં પ્રમુખસ્વામી તથા બી. એ. પી. એસ.ની વિવિધ પ્રવૃતિ વિશેના લેખો છે, જેને વિવિધ પેટા વિભાગ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. બીજા ખંડમાં કેટલાંક વ્યક્તિત્વોની વાત માંડી છે, જેઓ આજે દેશ-વિદેશમાં ઉચ્ચ સ્થાનો પર બિરાજમાન છે અને એમનાં જીવન પર પ્રમુખસ્વામીની ઊંડી અસર છે. તો પ્રકીર્ણ વિભાગમાં સામેલ છે પ્રમુખસ્વામીની તથા મહંતસ્વામીની વિશેષ મુલાકાતો, લેખો અને બીજું ઘણું બધું. કહેવું જોઈએ કે, જે નિમિત્તે આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું એ ‘પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવ’ સહિતના મોટા ભાગના લેખો ‘ચિત્રલેખા’માં પ્રકાશિત થયાં છે. તો બોનસ રૂપે નવા લેખ, મુલાકાતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.’




પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય તેજથી શોભતું પુસ્તકનું મુખપૃષ્ઠ, આ પુસ્તકને પણ એવી જ દિવ્યતા બક્ષે છે. પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં થયેલાં વિવિધ ઉત્સવો, જેમકે સ્વામીનારાયણ મહામંત્રનાં ૨૦૦ વર્ષ, બી.એ. પી.એસ. શતાબ્દી મહોત્સવ, સારંગપુર મંદિરની શતાબ્દી તથા હમણાં જ યોજાયેલ પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવની સુવર્ણ યાદો, સચિત્ર અહીં માણવા મળે છે. તે ઉપરાંત વિવિધ સેવાકાર્યો જેમકે, સારંગપુર તાલીમ કેન્દ્ર, કચ્છનાં એ વિનાશક ભૂકંપ વખતનો સેવાયજ્ઞ, સાહિત્યયજ્ઞ, દેશ-વિદેશમાં સ્થાપેલા શિક્ષણધામો, રશિયા- યુક્રેન વૉર વખતે ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવવા માટે સરકાર સાથે ખભેખભા મિલાવીને કરેલી કામગીરી, મોરબી પુલની વિનાશકારી ઘટના અને કોરોના વખતના રાહતકાર્યો. આમ, આ પુસ્તકમાં લેખકે પ્રમુખસ્વામી મહારાજ અને બી. એ. પી. એસ. સંસ્થા દ્વારા ચાલતાં તમામ સેવાકાર્યોનું સુપેરે વર્ણન વાચકો સમક્ષ કર્યું છે. દેશ- વિદેશમાં વસતા હરિભક્તો અને મહાન વ્યક્તિત્વોએ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી કેવી રીતે પ્રેરણા મેળવી, પ્રમુખસ્વામી મહારાજે તેમનાંમાં કેવી રીતે આત્મવિશ્વાસ જગાવ્યો, તે વ્યક્તિત્વ વિભાગમાં પૂજ્ય મહંત સ્વામી, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી. જે. અબ્દુલ કલામ, આઈ. પી. એસ. ઓફીસર શ્રી યશવંત જેઠવા, અમેરિકાથી આન્ત્રપ્રેન્યોર રિન્કુ પટેલ, સુપ્રસિદ્ધ અદાકાર શ્રી દિલીપ જોશી, ડૉ. દિલીપ પટેલ, વેક્સિન નિષ્ણાત ડૉ. મેહુલ સુથાર વિગેરે અનેક મહાનુભાવોના પ્રેરક... પારલૌકિક... અને પાવક... પ્રમુખસ્વામી મહારાજના તેમણે અનુભવેલા ચમત્કારોને તેમણે તાદ્રશ્ય કર્યાં છે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની દિવ્યતા માણીને આવેલા આપણે સૌ એ, એ જ દિવ્યતા અને અલૌકીકતાને ફરીથી માણવા માટે આ અમૂલ્ય પુસ્તક અચૂક વાંચવું જ રહ્યું.

(અનુસંધાન પેજ નં.૬ પર)


**લઘુકથા**

# વીસ વર્ષ બાદ....જ્યારે બે મિત્રો નક્કી કરેલી જગ્યાએ મળ્યા અને ...

સાપ્તાહિક ગુજરાત વંદન

એ વિશાળ સડક પર પોલીસમેન ગર્વીલી ડાંફો ભરતો ચાલ્યો જતો હતો. તેનું આમ ડાંફો ભરતા ચાલવું એ તદન સ્વાભાવિક હતું અને એમાં ડંફાશનો અંશ માત્ર પણ નહોતો કારણ કે એને એને એ રીતે ચાલતો જોનાર પણ અત્યારે ક્યાં હતા? આમ તો અત્યારે રાતનાં માંડ દસ વાગ્યા હતા પણ સુસવાટાભેર વાતા કાતિલ પવન અને વરસાદનાં જોરે લોકોને વહેલા ઘરભેગા થવા મજબૂર કરી દીધા હતા. એટલે, હાથમાં પકડેલા દંડૂકાને છટાભેર ફેરવતા લોકવિહોણી અને સાવ સૂમસામ થઈ ગયેલી સડક પર રાત્રે ચાલ્યે જતો આ પડછંદ પોલીસમેન જાણે શાંતિ અને સલામતીના મૂર્તિમંત દેવદૂત સમો ભાસતો હતો.

આમ તો આ વિસ્તારમાં વહેલા જ પાટિયાં પડી જતાં છતાં ક્યારેક એકાદ સિગરેટની દુકાન અથવા આખી રાત ખુલ્લી રહેતી વીશીમાં ઝબુકતી બત્તીઓનો ઝાંખો ઝાંખો પ્રકાશ જોવા મળી જાય. એકાદ બ્લોકની વચ્ચે આવેલી સડક પરથી પસાર થતા પોલીસમેની ઝડપી ડાંફોમાં અચાનક ઝોલ પડ્યો. એણે હાર્ડવેરની બંધ દુકાનનાં દરવાજા આગળ અંધારામાં હોઠ વચ્ચે ચેતવ્યા વગરની સિગરેટ દાબીને ઊભેલા એક માણસને જોયો. જ્યારે પોલીસમેન એની નજીક ગયો ત્યારે એ માણસ બોલી ઉઠ્યો, “કશી ચિંતા જેવું નથી, સાહેબ મારા!” પોલીસઅધિકારીને ધરપત થાય એટલે એણે આગળ કહ્યું, “હું તો અહીં મારા મિત્રની રાહ જોતો ઊભો છું. વીસેક વર્ષ પહેલા અમે એકબીજાને અહીં મળવાનું વચન આપ્યું હતું. તમને ગમ્મત જેવું લાગ્યું હશે, ખરું ને? સહેજ વિસ્તારથી કહું તો તમને આખી વાત સમજાશે વાત એમ છે કે આ



દુકાનની જગ્યાએ અહીં વીસ વર્ષ પહેલા એક વીશી હતી - ‘બીગ જો બ્રેડી’ એનું નામ.”

“હા, પાંચેક વર્ષ પહેલા સુધી હતી.” પોલીસમેન બોલ્યો, “પછી એને તોડી પાડવામાં આવી.”

પેલા દરવાજા આગળ ઊભેલા માણસે હવે દિવાસળી વડે સિગરેટ ચેતવી. સિગરેટના અંગારનાં અજવાસમાં એનો ચોખંડી જડબાવાળો ચહેરો, અણિયારી આંખો અને ખાસ તો એની જમણી ભ્રમર પાસે પડેલા ઘાનું સફેદ નિશાન દેખાઈ રહ્યું હતું. એની ટાઈપીનનો ટાંકેલો હીરો પણ એટલા પ્રકાશમાં ઝળકી ઉઠ્યો હતો.

“બરાબર વીસ વર્ષ પહેલાની આવી રાત્રે મેં જિમ્મી વેલ્સ સાથે ‘બીગ જો બ્રેડી’ સાથે ખાણું લીધું હતું, જિમ્મી વેલ્સ, મારો જીગરજાન દોસ્ત અને દુનિયાના સારા માણસોમાંનો એક! અમારા બન્નેનો ન્યુ યોર્કમાં સગા ભાઈઓની જેમ સાથે ઉછેર થયો હતો. એ વખતે હું અઢારનો, અને જિમ્મી વીસનો. બીજે દિવસે સવારે મારે પશ્ચિમના રાજ્યો તરફ કારકિર્દી અર્થે નીકળી જવાનું હતું. જિમ્મી ન્યુ યોર્ક છોડીને બીજે કશે જવા તૈયાર નહોતો, એના માટે તો ન્યુ યોર્ક જ એની દુનિયા હતી. એટલે, અમે ખાણીપીણીની મિજબાની પછી એ રાત્રે નક્કી કર્યું કે આપણે જેવી પણ પરિસ્થિતિમાં હોઈએ અને જ્યાં પણ હોઈએ પણ આપણે વીસ વર્ષ પછી આ જ તારીખે અને સમયે આ જ સ્થળે અચૂક મળીશું. અમે વિચાર્યું હતું કે આટલાં વર્ષોમાં તો કેમેય કરીને અમે અમારી કારકિર્દી બનાવી લઈશું અને ઠરીઠામ થયા હોઈશું.” પેલો માણસ આટલું બોલીને અટક્યો.

“તમારી વાત તો ખૂબ રસપ્રદ છે,” પોલીસમેને કહ્યું, “મારે મતે તો મળવા માટેનો તો આ તો ખૂબ લાંબો સમયગાળો કહી શકાય. પણ એ તો કહો કે તમે આ સમયગાળા દરમ્યાન એકબીજાનાં સંપર્કમાં હતા કે?”

“હા, થોડાક સમય પૂરતા અમે પત્રાચારથી એકબીજાનાં સંપર્કમાં હતા. પણ એકાદ કે બે વર્ષ પછી એ પણ છૂટી ગયો. તમને ખબર છે કે પશ્ચિમના રાજ્યો કેટલા વિશાળ છે, અને એ વિશાળતામાં હું મારી કારકિર્દી બનાવવાની આંટીઘૂંટીઓમાં ખોવાઈ ગયો હતો. પણ મને એક વાતની ખબર હતી કે જો જિમ્મી જીવતો હશે તો એ ચોક્કસ અહીં આવશે જ કારણ કે વચનપાલનની બાબતમાં એનો જોટો જડે એમ નથી. એ ક્યારે ય કશું ભૂલે નહિ અને પોતાનું બોલ્યું ફોક ઠેરવે નહિ. એના ખાતર હું હજાર માઈલ દૂરથી અહીં આવ્યો છું. જોજો ને, એ હમણાં આવી

(અનુસંધાન પેજ નં.૬ પર)

**હેન્રીની જાણીતી વાર્તાઓ વિશે...**

અમેરિકાના પ્રસિદ્ધ વાર્તાકાર ઓ’ હેન્રી[વિલિયમ સિડની પોર્ટર]ની એક ખૂબ જાણીતી વાર્તા એટલે ‘After Twenty Years’ / વીસ વર્ષ બાદ. દુનિયાભરના વાચકોએ માણેલી અને વખાણેલી આ વાર્તા મૂળ તો ઓ’હેન્રીના ઈ.સ. 1906માં પ્રકાશિત થયેલા વાર્તાસંગ્રહ ‘The Four Million’માં સૌ પ્રથમ છપાઈ હતી. ઓ’હેન્રીની વાર્તાઓમાં સામાન્ય રીતે એકબીજા સાથે લાગણીસંબંધથી બંધાયેલા બે પાત્રોને વિકટ પરિસ્થિતિમાંથી પસાર થતા બતાવાય છે અને વાર્તાને અંતે જેને ઓ’હેન્રીની સિગ્નેચર સ્ટાઈલ કહી શકો એવો જોરદાર ‘ટ્વીસ્ટ’ પણ આવે! આ ‘આફ્ટર ટ્વેન્ટી યર્સ’ પણ એવી જ વાર્તા છે.

**એના ખાતર હું હજાર માઈલ દૂરથી અહીં આવ્યો છું. જોજો ને, એ હમણાં આવી ચડશે**

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.

## મહોત્સવના આયોજન અંગે ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

# અંબાજી ખાતે તા.૧૨મી ફેબ્રુઆરીથી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા. ૧૨ ફેબ્રુઆરીથી ૧૬ મી ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેના સુચારુ આયોજન અને વ્યવસ્થાઓના ભાગરૂપે કરવાની થતી કામગીરી અંગે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેક્ટરઆનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી.

જૂનાગઢ ગિરનારની લીલી પરિક્રમાની જેમ યાત્રાધામ અંબાજી ખાતે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમાનું આયોજન લાખો શ્રધ્ધાળુઓની ધાર્મિક આસ્થાને નવી ઊંચાઈ આપશે. આદ્યશક્તિ ધામના દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને એક જ સ્થળે એક સાથે ૫૧ શક્તિપીઠના દર્શનનો લાભ મળશે. જેના લીધે આ મહોત્સવમાં બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી સહિત સમગ્ર ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભાવિકો ઉમટી પડશે.

આ મહોત્સવમાં ગુજરાતભરમાંથી ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિક્રમા કરવા માટે આવનાર હોઈ આટલી મોટી સંખ્યામાં આવતા ભક્તોની તમામ સગવડો અને વ્યવસ્થાઓ સચવાય એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં તંત્ર દ્વારા જે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે તેની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

બેઠકમાં કલેકટર આનંદ પટેલે જણાવ્યું કે, માતાજીના મૂળ પ્રાગટ્ય સ્થાન ગણાતા અંબાજી ગબ્બર ખાતે આવેલ શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન રાજ્ય સરકારના માર્ગદર્શનથી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ પરિક્રમા મહોત્સવની વ્યવસ્થા જાળવવા માટે અલગ અલગ ૨૨ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે. પરિક્રમા મહોત્સવ દરમિયાન યાત્રિકોને મનોરંજન માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાઆરતી, લાઈટ એન્ડ સાઉન્ડ શો નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જેથી વિવિધ સમિતિઓના અધિકારીઓને જે કામગીરી સોંપવામાં આવી છે તે ચોકસાઈપૂર્વક થાય તેવું આયોજન કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.



### અજબ-ગજબ: પ્રેમ લગ્ન કરનાર યુવતીને

# પિતાએ રિસેપ્શન આપવાનું કહી છેતરીને બોલાવી અને બીજા લગ્ન કરાવી દીધા

ગુજરાત | વંદન

મહારાષ્ટ્ર ખાતે રહેતા યુવકે તેના સમાજની યુવતી સાથે કોર્ટમાં પ્રેમ લગ્ન કરી લીધા હતા. યુવતીના પિતા લગ્ન મંજુર નહી હોવાથી યુવતીને સારી રીતે રિસેપ્શન (Reception) આપીશું તેમ કહીને સુરત લઈ આવ્યા હતા. બાદમાં તેના બીજા લગ્ન કરાવી દેતા લગ્ન મંડપની બહાર જ તેનો પહેલો પતિ આવી પહોંચતા તમાશો થયો હતો. અને અંતે યુવકે યુવતી તથા તેના પિતા સહિત 5 સામે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ડિંડોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના ઘાટકોપર કાજુપાડામાં સુભદ્રા નિવાસમાં રહેતા 33 વર્ષીય સ્વપ્રિલ તાનાજી સાબલે રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેને ગત 24 ડિસેમ્બર 2017 માં તેના જ સમાજની રીના નરવડે નામની યુવતી સાથે આંખો મળી જતા બાંદ્રા પુર્વ નિર્મલ નગરમાં મંદિરમાં લગ્ન કરી કોર્ટમાં લગ્ન કરી લીધા હતા. કોર્ટમાં લગ્ન કર્યા પછી યુવતી સ્વપનિલના ઘરે રહેતી હતી. રીનલના પિતાએ સ્વપનિલને તેમની દિકરીને સુરત પરત મોકલી આપો તેમના ધામધુમથી લગ્ન કરાવી રિસેપ્શન આપશે તેવું કહ્યુ હતું. દિકરીને લઈ ગયા પછી કોઈ ફોન ઉપાડતું નહોતું. અને બાદમાં 7 ફેબ્રુઆરી 2018ના રોજ રીનલના અપહરણની ફરિયાદ સ્વપ્નિલ અને તેના પરિવારની સામે નોંધાવી હતી. જેમાં પોલીસે અટકાયત કરતા કોર્ટમાંથી જામીનમુક્ત થયા હતા. ત્યારપછી 29 જાન્યુઆરી 2023 ના રોજ સ્વપ્નિલે ઈન્સ્ટાગ્રામ ઉપર રીનલના 31 જાન્યુઆરીએ બીજા લગ્નની પત્રિકા જોઈ હતી. જેથી સ્વપ્નિલ અને તેની બહેનો સુરત આવ્યા હતા. રીનલના લગ્ન મંડપની બહાર ઉભા હતા. ત્યારે સ્વપનિલે તેની મામી અને રીનલની મોટી બહેનને રીનલના તેની સાથે છુટાછેડા થયા નથી છતા બીજા લગ્ન કેમ કરો છો તેમ કહેતા તેમને સ્વપનિલને ત્યાંથી ચાલી જવા માટે કહ્યું હતું. નહીતર સારુ નહી થશે તેમ કહીને બોલાચાલી કરી ગાળો આપી હતી.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ સપ્તાહે તમારા ધારેલા કાર્ય સફળ થશે. અનેક નવી તક પ્રાપ્ત થશે,વિદ્યાર્થીઓનું અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત રહેશે. સંતાનને લગતી ચિંતામાં વધારો થશે, નાણાંકીય કામ સાવધાનીથી કરવું અને અન્ય લોકોની વાતો ના સાંભળવી આપના માટે હિતાવહ રહેશે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ અઠવાડિયે અનુભવી વ્યક્તિની મદદથી કોઈ અટકેલું કામ ઉકેલાઈ જશે, મહેમાનના આગમનના લીધે ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. તમારા નિર્ણયને પ્રાથમિકતા પર રાખો, તમારી યોજનાઓ અને પ્રવૃત્તિઓ વિશે કોઈની સામે ચર્ચા કરશો નહીં, આળસ અને બેદરકારીથી દૂર રહો.

**મિથુન** (ક.છ.ઘ)
જો મૂડી રોકાણ કરવાની યોજનાનો નિર્ણય ફાયદાકારક સાબિત થશે. પરિવાર સાથે ફરવા જવાનો કાર્યક્રમ પણ બની શકે છે. બીજાના વિવાદથી દૂર રહેવું, બિઝનેસ સંબંધિત કોઈ સરકારી બાબત અટવાયેલી હોય તો તે વધુ સાવચેત રહેવાની જરૂર છે.

**કર્ક** (ડ.હ)
બીજાની સલાહ તમને મૂંઝવી શકે છે. તમારી ક્ષમતા પર વિશ્વાસ રાખો અને આગળ વધો, તમે ચોક્કસ સફળ થશો. તમારા સપના પૂર્ણ કરવાં માટે આ સમય યોગ્ય છે. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં કોઈ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

**સિંહ** (મ.ટ)
શારીરિક અને માનસિક ઉર્જામાં વધારો થશે, મિલકત અથવા કોઈપણ પોલિસીમાં રોકાણ કરવું ફાયદાકારક રહેશે. કોઈના પર વિશ્વાસ કરતા પહેલા તમારે તમામ પાસાઓ પર ધ્યાનથી વિચારવું જોઈએ. કોઈ તમારી સાદગીનો અયોગ્ય ફાયદો ઉઠાવી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આર્થિક સ્થિતિમાં સુધારો થશે, મીડિયા દ્વારા ઘણી નવી માહિતી ઉપલબ્ધ થશે. સંબંધીઓ સાથે પ્રોપર્ટી કે અન્ય કોઈ મુદ્દે, કોઈની મધ્યસ્થી અંગે જે ગેરસમજ ચાલે છે જે ઉકલેવામાં સફળતા મળશે. યુવાનોએ પોતાના ભવિષ્ય, અભ્યાસ પ્રત્યે બેદરકારી ન રાખવી જોઈએ.

**તુલા** (ર.ત)
વાહન કે કોઈ કીમતી વસ્તુ ખરીદવા માટે સમય ઘણો અનુકૂળ છે, વિદ્યાર્થીઓને તેમના પ્રોજેક્ટને પૂર્ણ કરી શકશે. બાળકો પર વધુ અનુશાસન મૂકવાથી તેઓ જિદ્દી બની શકે છે.જૂના નકારાત્મક મુદ્દાઓ વર્તમાનમાં અસર ના કરે તે બાબતે સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** (ન.ય)
આ સપ્તાહે કામનો બોજો વધારે રહેશે, આ સાથે જ કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ થવાથી મન પ્રસન્ન રહેશે. બાળકોના શિક્ષણને લગતી ભવિષ્યની યોજનાઓ બનાવી શકાશે. વધુ પડતો આત્મવિશ્વાસ નુકશાન કરાવશે , જો તમે કોઈને વચન આપ્યું હોય તો તેને પૂરું કરવું જરૂરી છે.

**ધન** (ભ.ધ.ફ)
તમારી પસંદની પ્રવૃત્તિઓમાં તમે સમય પસાર કરી શકશો, લાગણી સ્વભાવ તમને ફાયદો કરાવશે. પ્રતિકૂળ પરિસ્થિતિઓને ધૈર્ય અને સંયમથી ઉકેલવાનો પ્રયાસ કરો. કોઈપણ વિવાદને મૈત્રીપૂર્ણ રીતે ઉકેલવાનો પ્રયાસ કરો. પારિવારિક તણાવને તમારા વ્યવસાય પર હાવી ન થવા દો.

**મકર** (ખ.જ)
ઘરમાં નજીકના સંબંધીઓનું આગમન થશે અને નવું ફર્નિચર ખરીદવાની સંભાવના છે. ક્યાંય વાદ-વિવાદની સ્થિતિ હોય ત્યારે ધીરજ અને શાંતિ જાળવી રાખો, ઘરના વૃદ્ધ વ્યક્તિનાં સ્વાસ્થ્ય કાળજી લેવી જરૂરી છે. નવું કામ શરૂ કરવા માટે એક ફ્રેમવર્ક પણ બનાવવામાં આવશે.


**કુંભ** (ગ.સ.શ.ષ)
તમારા લક્ષ્યો અને યોજનાઓને લગતા કાર્ય કરવા માટે અનુકૂળ સમય છે, સંતાન સંબંધિત કોઈ સારા સમાચાર મળવાથી આનંદ થશે. પ્રમાદ કરવાને બદલે તમારા અંગત કામ પર ધ્યાન આપવાનો આ સમય છે. કોઈપણ ગેરસમજના કારણે નજીકના મિત્ર અથવા સંબંધીથી મનભેદ થઈ શકે છે.

**મીન** (દ.ચ.ઝ)
કાળજીપૂર્વક રીતે કાર્ય કરવું, યુવાનોને તેમની કારકિર્દી અથવા પ્રોજેક્ટમાં સફળતા મળવાની સંભાવના છે. કોઈપણ પ્રકારના વાદ-વિવાદથી પોતાને દૂર રાખવા યોગ્ય છે. જો તમે અંગત કે પારિવારિક સંબંધી કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ના લેવો હિતાવહ રહેશે. તમારા બિઝનેસ પ્લાનમાં કોઈ અજાણ્યા વ્યક્તિને સામેલ કરશો નહીં.ઉચ્ચ અધિકારીઓ સાથે સારા સંબંધો તમારા માટે ફાયદાકારક રહેશે.

# નડિયાદમાં હૃદય - કિડનીની બીમારીવાળા 42 બાળક મળ્યાં

ગુજરાત | વંદન

નડિયાદ આરોગ્ય તંત્ર દ્વારા વર્ષ 2022માં 5 આરબીએસકે. ટીમ દ્વારા 1.29 લાખ બાળકોના આરોગ્ય તપાસ કરી જરૂરી સારવાર માટે મદદ કરવામાં આવી છે. નડીયાદ આરબીએસકે ટીમે ટીબી, કન્જેનિટલ હાર્ટ ડીસીઝ, કિડની, વિકાસલંબી વિલંબ અને ક્લબફુટ જેવી ગંભીર બીમારીઓથી પીડાતા બાળકોના ઘરની મુલાકાત, માતા-પિતાનું કાઉન્સેલિંગથી લઈને હોસ્પીટલમાં ઓપરેશન અને ત્યાર પછીના ફોલો-અપ સુધી તમામ સ્તરે મદદ કરી છે.



નડિયાદ તાલુકાના 1.50 લાખ બાળકોમાંથી આરબીએસકે ટીમ દ્વારા વર્ષ 2022 દરમિયાન અંદાજીત 1.29 લાખ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં હ્રદયના 28, કિડનીના 14, કેન્સરના 1 સહિત કુલ 43 બાળકોને સુપર સ્પેશિયલ સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત ખોડખાપણ વાળા 188, ખામી વાળા 9694 બાળકો, રોગવાળા 8446 બાળકો, વૃદ્ધિ વિકાસલક્ષી વિલંબ વાળા 525 બાળકો અને સંદર્ભ સેવા હેઠળ 1800 બાળકોની તપાસ કરી સારવાર કરવામાં મદદ કરવામાં આવી હતી.

આ ઉપરાંત કુપોષિત 824 બાળકો પૈકી 300 બાળકોને વિનામૂલ્યે બાલ સંજીવની કેન્દ્ર અને બાલ સેવા કેન્દ્ર ખાતે સંસ્થાકીય સારવાર આપવામાં આવી હતી. જેના પરીણામે બાળકોના વજનમાં નોંધપાત્ર વધારો થયેલ છે.

# હવે દમણથી સીધા જ દીવ અને સોમનાથની હેલિકોપ્ટર સેવા શરૂ

### » દમણથી દીવ રોડમાર્ગે જતા અંદાજે 15 કલાક લાગે છે



ગુજરાત | વંદન

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એક નવી સેવાનો પ્રારંભ થયો છે. હવે દમણથી સીધા જ દીવ અને સોમનાથ હેલિકોપ્ટર દ્વારા જઈ શકાશે. આ સાથે જ દમણથી મુંબઈની હેલિકોપ્ટર સેવાની શરૂઆત કરવામાં આવી છે. મહત્ત્વપૂર્ણ છે કે, અત્યાર સુધી માત્ર દમણથી દીવ સુધીની જ હેલિકોપ્ટર સેવા ચાલતી હતી, હવે તેનો રૂટ લંબાવવામાં આવ્યો છે.

દમણથી દીવ-સોમનાથ સુધી પવનહંસ હેલિકોપ્ટર સેવાનો આરંભ કરવામાં આવ્યો છે. તેને લઈને પર્યટકોમાં પણ ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે, દમણથી દીવ રોડમાર્ગે જવું હોય તો અંદાજે 15 કલાક જેટલો સમય લાગતો હોય છે. ત્યારે હેલિકોપ્ટર સેવાથી માત્ર એક કલાક જેટલો જ સમય લાગે છે. તેથી લોકો સમય બચાવવા માટે હવાઈમાર્ગનો ઉપયોગ કરતા હોય છે.

# સાબરકાંઠા, સુરત અને ગાંધીનગરના આકાશમાં દેખાયાં આશ્ચર્યજનક દ્રશ્યો

ગુજરાત | વંદન

સાબરકાંઠા, સુરત તેમજ પંચમહાલમાં આકાશી કુતૂહલ જોવા મળ્યું છે. જેને લઈ લોકો ભય સાથે ચિંતામાં મુકાઈ વિચારમગ્ન થયા છે. સાબરકાંઠાના ઈડર હિંમતનગર તલોદ વિસ્તારમાં આકાશમાં તારા જેવી ટ્રેન આકાશમાં દેખાઈ હોવાનું જાણવા મળ્યું છે. સુરતના ગ્રામ્ય વિસ્તારમાં આકાશમાં લાલ કલરની લાઈન દેખાઈ છે. જ્યારે પંચમહાલ, ગાંધીનગરમાં આકાશી કુતૂહલ જોવા મળ્યું છે.સાબરકાંઠાના ઈડર હિંમતનગર તલોદ વિસ્તારના આકાશમાં તારા જેવી ટ્રેન દેખાઈ છે. આકાશમાં હાર બંધ તારા જેવી કૃતિ દેખાઈ છે. આકાશમાં શું હતું તે અંગે લોકોમાં અનેક પ્રકારના તર્ક-વિતર્ક શરૂ થયા છે. તમને જણાવી દઈએ કે, અગાઉ પણ આ વિસ્તારમાં આ પ્રકારે દ્રશ્યો જોવા મળ્યા હતાં.



# નગરપાલિકાના મહિલા સભ્યના પતિની વાડીમાંથી ઝડપાયો વિદેશી દારુનો જથ્થો

## LCBએ 341 વિદેશી દારૂની બોટલો જપ્ત કરી

ગુજરાત | વંદન

ગુજરાતમાં દારુ બંધી હોવા છતા પણ રાજ્યમાં દારુની રેલમ છેલ જોવા મળે છે. દારૂબંધી માટે પોલીસ સતત તેમની કડક કાર્યવાહી વધારે છે છતા પણ દારુની હેરફેર કરતા બૂટલેગરો અટકતા નથી. રાજકોટના જસદણના કોઠીના નાલા વાડી વિસ્તારમાંથી વિદેશી દારુ ઝડ્પાયો છે. જે જસદણ નગરપાલિકાના મહિલા સભ્યના પતિની વાડીમાંથી વિદેશી દારુ મળ્યો હોવાનું સામે આવી રહ્યું છે. રાજકોટની રૂરલ LCBએ વાડીના મકાનમાં દરોડા પાડતા 341 વિદેશી દારૂની બોટલો સહિત 1.23 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં આરોપી મેહુલ ઉર્ફે રાજા કુંભાણી ફરાર થયો છે. પોલીસે આરોપી રાજા કુંભાણીની ધરપકડ કરવા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે.આ પહેલા પણ સ્ટેટ મોનિટરિંગ સેલે અમદાવાદના સરસપુરમાં મધુભાઈ મિલ કમ્પાઉન્ડમાંથી દારુનો જથ્થો ઝડપાયો હતો. જેમાં તેમણે 883 બોટલો સહિત કુલ રૂપિયા 8 લાખ 59 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં



પોલીસે 1 આરોપીની ધરપકડ કરી હતી જ્યારે બાકીના 7 આરોપીઓ ફરાર થયા હતા. આ અગાઉ પણ ચાંદખેડામાંથી 960 બોટલ વિદેશી દારૂને ઝડપ્યો હતો. જેની કિમત 5 લાખથી વધુ મુદ્દામાલ પકડવામાં આવ્યો હતો. જેના પર પોલીસે કડક કાર્યવાહી કરી હતી.

# કોરોનામાં પતિને ગુમાવ્યાં, પગભર થવા ઈડલીની દુકાન શરૂ કરી, આજે ઈડલી ખાવા લોકોની લાગે છે લાઈન...

ગુજરાત | વંદન

કોરોનાની બીજી લહેર ઘણા બધા લોકોએ પોતાના અંગત લોકોને ગુમાવ્યા છે. જ્યારે કોરોનામાં પતિનું અવસાન થયું ત્યારે વિદ્યાબેન એકલા પડી ગયેલા અને ઘરની સંપૂર્ણ જવાબદારી પણ એમના પર આવી ગઈ હતી. ત્યારે એમને ખુદનું ગુજરાન ચલાવવું મુશ્કેલ પડી ગયું અને એમને પોતાનુ ઈડલી, મેંદુવડા,સમોસાની દુકાન શરૂ કરી હતી.

**હોમ સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે**

મહેસાણનાં વિદ્યાબેને અભ્યાંસ હોમસાયન્સમાં ગ્રેજ્યુએશન કરેલુ છે.પરંતુ લગ્ન પછી નોકરી કરી ન હતી અને ઘર સંભાળ્યું. અને જ્યારે તક્લીફ પડી ત્યારે એમને આ પોતાનું કંઈક કરવાનું વિચાર આવ્યો,પણ એમને હંમેશાથી રુચી જમવાનું બનાવવામાં હતી. જેથી એમને ઇડલી, સમોસા બનાવીને વેચવાનું નક્કી કર્યું. એ ઉપરાંત વિદ્યાબેન રોટલી વણવાનું તેમજ બીજી છૂટક મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા પરંતુ પતિના અવસાન બાદ આ કરવું પણ શક્ય ન બન્યું એટલે એમને પોતાનો નાનો એવો ધંધો કરવાનું વિચાર્યું હતું. તેમણે મહેસાણાનાં બીએસએનએલની ઓફીસ પાસે દુકાન શરૂ કરી છે. સગા સંબંધીની મદદથી ધંધો શરૂ કર્યો છે.

**6000 રૂપિયાથી વ્યવસાયની શરૂઆત કરી હતી**

વિદ્યાબેને રૂપિયા 6000થી ધંધાની શરૂઆત કરી હતી. જેમાં ઈડલી, સમોસા બનાવવા માટેની સામગ્રી લાવ્યા અને એનેલગતા વાસણો , પ્લેટો વગેરે લાવ્યા. અને હાલ લગભગ છ મહિનાના ગાળામાં સારી કમાણી કરી રહ્યાં છે.




## શબ્દોની સંતાકૂકડી 47 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | 3 | ■ | 4 | 5 |
| | ■ | 6 | | 7 | ■ | |
| 8 | 9 | | ■ | 10 | 11 | |
| ■ | | ■ | 12 | | | ■ |
| ■ | 13 | | | ■ | 15 | 16 |
| 16 | | ■ | 17 | 18 | | |
| | ■ | 19 | ■ | | ■ | |

**ઊભી ચાવી**

(1) પ્રિયજનનો વિયોગ [3]
(2) ડાક, પોસ્ટ [3]
(3) પ્યાલો [2]
(5) ગંધ, વાસ [3]
(7) જડસું, બેવકૂફ [3]
(9) મારે એવું [4]
(11)ઝવેરચંદ મેઘાણીનું એક પુસ્તક - સૌરાષ્ટ્રની ---------- [4]
(12) લત, ટેવ [3]
(15) લોફર, ગુંડો [3]
(16) અગ્નિ, અગન [2]
(18) રામના એક પુત્રનું નામ [2]

**આડી ચાવી**

(1) ભડાકો થાય તેવું [4]
(4) ગુજરાતી વર્ષનો આખરી મહિનો [2]
(6) શેકી અને તળીને ખવાતી એક વસ્તુ [3]
(8) બોજો ઉપાડનાર [3]
(10) સુગંધ, સુવાસ [3]
(12) એદીપણું, સુસ્તી [3]
(13) એક જાતના ચોખા [3]
(14) ઠામ-ઠેકાણું, સ્થાનક [2]
(16) કરિયાવર [2]
(17) અહીં તલવાર શબ્દ આડોઅવળો થયો છે [4]
(19) કૌરવોની સંખ્યા [1]

**શબ્દોની સંતાકૂકડી-46નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 પા | 2 ન | ■ | 3 માં | ડ | 4 વા | 4 ળ |
| 5 દ | ર | વા | જો | ■ | 6 ઉ | ■ |
| ર | ■ | 7 ચા | ■ | 8 સં | ચ | ય |
| ■ | 9 ક | ળ | 11 શ | ■ | ર | જ |
| 11 અ | દા | ■ | 12 ટ | કો | ■ | 13 મા |
| 14 મા | વ | 15 ત | ર | ■ | 16 વા | ન |
| સ | ર | 17 ક | ■ | શ્વા | સ | ■ |

**શબ્દોની સંતાકૂકડી-47 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 49 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | 9 | | | | | | 7 |
| | 8 | | | 1 | | 5 | 2 | |
| | | 3 | | 8 | 4 | | | 1 |
| | 9 | | 7 | | | | | 2 |
| 4 | | | | 5 | | 3 | 9 | |
| 8 | | 2 | 1 | | | | | 4 |
| | | | 3 | | 2 | | | 5 |
| | 4 | | | | | 7 | | |
| 1 | | 7 | | 9 | | | 8 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-49નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 1 | 9 | 6 | 2 | 3 | 8 | 4 | 7 |
| 6 | 8 | 4 | 9 | 1 | 7 | 5 | 2 | 3 |
| 7 | 2 | 3 | 5 | 8 | 4 | 9 | 6 | 1 |
| 3 | 9 | 6 | 7 | 4 | 8 | 1 | 5 | 2 |
| 4 | 7 | 1 | 2 | 5 | 6 | 3 | 9 | 8 |
| 8 | 5 | 2 | 1 | 3 | 9 | 6 | 7 | 4 |
| 9 | 6 | 8 | 3 | 7 | 2 | 4 | 1 | 5 |
| 2 | 4 | 5 | 8 | 6 | 1 | 7 | 3 | 9 |
| 1 | 3 | 7 | 4 | 9 | 5 | 2 | 8 | 6 |



કોઈએ યોગ્ય જ કહ્યું છે કે, જિંદગી કા સફર હૈ યે કૈસા સફર કોઈ સમજા નહીં કોઈ જાના નહીં...

# જીવનકથા:ચા અને દારૂવાળો આસુમલ..મોટેરાવાળા આસારામ બાપુ અને હવે રેપિસ્ટ આસારામ...!

ગુજરાત | વંદન

કોઈએ યોગ્ય જ કહ્યું છે કે, જિંદગી કા સફર હૈ યે કૈસા સફર કોઈ સમજા નહીં કોઈ જાના નહીં....આ પંક્તિઓ એક સમયે રાજકારણમાં અને ધાર્મિક સંતો-મહંતોમાં દબદબો ધરાવનાર આસારામબાપુ કે જે હવે કોર્ટ દ્વારા બળાત્કારી ઘોષિત થયા છે, તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય ભકતોની વચ્ચે નાચગાન કરતાં કરતાં તેમની આગામી જિંદગી જેલમાં પસાર થશે....!

તાજેતરમાં જ ગાંધીનગર કોર્ટે સુરતની બે સગીર બહેનો પર 2001માં દુષ્કર્મ આચરવાના કેસમાં 2023માં આસારામને આજીવન કેદની સજા ફટકારી છે. જો કે તેઓ પહેલાથી જ બળાત્કારના અન્ય એક કેસમાં જોધપુરની જેમમાં આજીવન કેદની સજા કાપી રહ્યં છે. આસારામની ઓગસ્ટ 2013માં ઈન્દોરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ગાંધીનગર કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકાર્યા બાદ તેમના પાછલા જીવન અંગેની વિગતો જાહેર થઈ છે. જેમાં જણાવાયું છે કે, એક સમય હતો જ્યારે આસારામ ચાની દુકાન ચલાવતા હતા. ત્યારે લોકો તેને આસુમલના નામથી ઓળખતા હતા. ત્યાંથી તેની બાબા બનવાની સફર એટલે કે આસુમલ આસારામ બનવાની કહાની કંઈક આ મુજબ છે....

તેમનો જન્મ 17 એપ્રિલ 1942ના રોજ નવાબશાહ (હવે પાકિસ્તાનમાં)ના બરાની ગામમાં થીમલ સિરુમલાની અને વ્યવસાયે વેપારી મેહગી બાને ત્યાં થયો હતો. નામ આપ્યું આસુમલ. આસુમલનો પરિવાર પણ ભાગલા વખતે ભારત આવ્યો હતો.

પરિવાર અમદાવાદ નજીક મણિનગરમાં સ્થાયી થયું, પરંતુ આસુમલના પિતાનું ટૂંક સમયમાં અવસાન થયું. પછી બાળપણમાં જ પરિવારની જવાબદારી આસુમલ પર આવી ગઈ. આસુમલ મહેસાણાના વિજાપુરમાં રહેવા ગયા, જે તે સમયે મોટું મુંબઈ હતું. ગુજરાત પણ આ રાજ્યનો એક ભાગ હતું. આ લગભગ 1958-59ની વાત હશે.

તે ચાની દુકાન હજુ પણ અસ્તિત્વમાં છે:આજે પણ વિજાપુરમાં આવી ચાની દુકાન છે, જે મેજિસ્ટ્રેટની ઓફિસની બહાર હતી. આ ચાની દુકાન આજે પણ છે. જેઓ આસુમલને ઓળખે છે તેઓ કહે છે કે એક સમયે આસુમલ આ દુકાન પર બેસતો હતો. આ દુકાન આસુમલના સંબંધી સેવક રામની હતી. જાણકારોનું કહેવું છે કે આસુમલ લાંબા સમયથી ચાની દુકાન ચલાવતો હતો. તે જ સમયે તેણે લાંબી દાઢી રાખવાનું શરૂ કર્યું. ત્યાં રહેતા ઘણા વૃદ્ધો એ સમયગાળો ભૂલી શક્યા નથી.

દારૂનો ધંધો અને હત્યાનો આરોપ: ભૂતકાળને જાણનારાઓનું માનીએ તો આસારામનો વિવાદો સાથેનો સંબંધ જૂનો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, 1959માં અસુમલ અને તેના સંબંધીઓ પર પણ દારૂના નશામાં હત્યાનો આરોપ હતો. પુરાવાના અભાવે આસુમલને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.ત્યારબાદ તેઓ બજારમાં દારૂ વેચીને મોટો નફો મેળવતા હતા.

કહેવાય છે કે હત્યાના આરોપમાંથી નિર્દોષ છૂટ્યા બાદ આસુમલે વિજાપુર છોડી દીધું હતું. અમદાવાદના સરદારનગર વિસ્તારમાં સ્થાયી થયા. તે 60નો દશક હતો. અહીં પણ આસારામને ઓળખવાનો દાવો કરનારાઓએ આસુમલના ભૂતકાળ વિશે આશ્ચર્યજનક વાતો કહી. કાદુજી ઠાકોર નામની એક વ્યક્તિ દાવો કરે છે કે તે અને આસુમલ એક સમયે મિત્રો હતા.

કાદુજી કહે છે કે આસુમલ ત્યારે દારૂનો ધંધો કરતો હતો. આ વ્યવસાયમાં આસુમલના ચાર ભાગીદાર હતા. જામરમલ, નથુમલ, લચરાણી અને કિશનમલ નામ હતા.. કાદુજીના કહેવા પ્રમાણે, તે બધા તેની દુકાનમાંથી દારૂ ખરીદતા હતા, જેને આસુમલ બજારમાં વેચીને મોટો નફો કમાઈ લેતો હતો.

પછી નવા અવતારરૂપે આસારામ તરીકે બહાર આવ્યા: ઘણા વર્ષો પછી આસુમલ નહીં પણ આસારામબાપુ તરીકે જાણે નવા અવતારરૂપે દુનિયાની સામે આવ્યા. આસારામ કે જે પોતાના અનુયાયીઓને જીવન ઉપદેશ આપતો હતો તે હવે બળાત્કાર અને હત્યા સહિતના અનેક આરોપોમાં વર્ષોથી જેલના સળિયા પાછળ છે. હજુ પણ તેઓ લાખો ભક્તોની નજરમાં આધ્યાત્મિક ગુરુ છે. તેઓ માને છે કે આસારામ નિર્દોષ છે અને કોઈ શડયંત્રના ભાગરૂપે તેમની સામે આ કાર્યવાહી થઈ રહી છે. જો કે, ગાંધીનગર કોર્ટ દ્વારા દોષિત અને આજીવન કેદની સજા સંભળાવ્યાં બાદ 81 વર્ષિય આસારામની.

## વર્ષો પછી આસુમલ નહીં પણ આસારામબાપુ તરીકે નવા અવતારરૂપે દુનિયાની સામે આવ્યાં..



જેલમાંથી જીવીત બહાર આવવાની કોઈ શક્યતા જણાતી નથી. તેમને અગાઉના એક કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે અને જોધપુરની જેલમાં પાક્કા કામના કેદી તરીકે સજા કાપી રહ્યાં છે અને હવે ગાંધીનગરની કોર્ટ દ્વારા આજીવન કેદની સજા આપવામાં આવી છે. અર્થાત તેમનું જીવન હવે જેલમાં જ પૂર્ણ થાય તેમ છે.

આસારામની સત્તાવાર વેબસાઈટ અનુસાર, આસુમલ લગ્ન ટાળવા માટે ઘરેથી ભાગી ગયો હતો. પરિવારના સભ્યો તેને 8 દિવસ પછી ભરૂચના એક આશ્રમમાં મળ્યા હતા. આખરે આસુમલને પરિવાર સામે ઝૂકવું પડ્યું. તેના લગ્ન લક્ષ્મી દેવી સાથે થયા. છતાં આસુમલની આધ્યાત્મિકતામાં રસ ઓછો થયો ન હતો. આસુમલ ગુરુની શોધમાં હતો.

એવું કહેવાય છે કે આ શોધ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણ થઈ હતી. લીલાશાહ બાપુમાં આસુમલને ગુરુ મળ્યા. જેઓ આસુમલના ભૂતકાળને જાણે છે તેમના મતે તેઓ થોડો સમય લીલાશાહ બાપુ સાથે રહ્યા હતા. અહીં તેમનું નામ આસુમલથી બદલીને આસારામ થઈ ગયું. નવા નામ અને નવી ઓળખ સાથે આસારામ આખરે અમદાવાદના મોટેરા આવ્યા.

આસારામે સાબરમતી નદીના કિનારે કાચો આશ્રમ બનાવ્યો હતો. ધીરે ધીરે આસારામ પોતાના પ્રવચનથી લોકપ્રિય થવા લાગ્યા. તેની સાથે ભક્તો જોડાવા લાગ્યા. પછી એવો સમય આવ્યો જ્યારે આસારામ ટેલિવિઝન પર પણ દેખાવા લાગ્યા. ટેલિવિઝન પર તેમના પ્રવચનો લોકપ્રિય થવા લાગ્યા.

દેશભરમાં ભક્તોની સંખ્યા વધવા લાગી. દેશભરમાં ફેલાયેલા આશ્રમોની સંખ્યા પણ 400 સુધી પહોંચી ગઈ છે. આસારામ દેશના મોટા આધ્યાત્મિક નેતાઓના સમૂહમાં જોડાયા હતા. રાજકીય નેતાઓ પણ તેમના આશ્રમની મુલાકાત લઈને પ્રવચનમાં તેમની સાથે જોડાતા હતા. પણ નશીબનું ચક્ર એવુ ફર્યું કે એ રીજકીય નેતાઓ હવે તેમનું મોઢુ પણ જેવા માંગતા નથી.સમય સમય બલવાન હૈ.. નવીં મનુષ્ય બલવાન....!

### દૂધની નોકરી અને પછી ગાયબ...

કાડુજી કહે છે કે તેઓ આસુમલના ભૂતકાળને ભૂલી શકતા નથી. આસુમલ તેની દુકાને સફેદ વેસ્ટ અને વાદળી ચડ્ડી પહેરીને દારૂ ખરીદવા આવતો હતો. તે એકલા ખભા પર દારૂનો આખો ગેલન લઈ જતો હતો. તેને ઓળખનારાઓ અનુસાર, આસુમલે ત્રણ-ચાર વર્ષ સુધી દારૂનો ધંધો કર્યા બાદ આ કામ છોડી દીધું હતું. પછી તેણે દૂધની દુકાનમાં માત્ર રૂ.300માં કામ કરવાનું શરૂ કર્યું. પછી થોડા સમય પછી તે ગાયબ થઈ ગયો.



### આધ્યાત્મિકતામાં કેવી રીતે આવ્યાં...

સવાલ એ છે કે આસુમલ એક સામાન્ય શહેરીમાંથી આધ્યાત્મિક ગુરુ આસારામ કેવી રીતે બન્યો? આ વાર્તા 70ના દાયકામાં શરૂ થાય છે. આસુમલની માતા આધ્યાત્મિક પ્રકૃતિની હતી. એવું કહેવાય છે કે તે તેની માતાનો પ્રભાવ હતો જેણે તેને આધ્યાત્મિકતા તરફ ખેંચ્યો. આસુમલ પ્રથમ કેટલાક તાંત્રિકોના સંપર્કમાં આવ્યો. આસુમલે એ તાંત્રિકો પાસેથી સંમોહનની કળા પણ શીખી. તેમણે પ્રવચન પણ આપવાનું શરૂ કર્યું, પરંતુ ત્યાં સુધી તેઓ આ કળામાં પૂરેપૂરા પારંગત નહોતા. આધ્યાત્મિકતાની હરોળમાં તેમનો દબદબો જામવા લાગ્યો. ભીડ અને ભક્તો તેમને બાપુજી કહેવા લાગ્યા. જોકે, આસુમલને આધ્યાત્મિકતા તરફ વળતો જોઈને તેના પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. કેમ કે આસુમલના લગ્ન નક્કી હતા.

અનુસંધાન પેજ 4 પરથી...

## લઘુકથા...

ચડશે."

પછી એણે પોતાની અફલાતૂન દેખાતી કાંડા ઘડિયાળમાં સમય જોયો. એ ઘડિયાળનાં ચંદાની કોરે નાના-શા હીરા જડેલા હતા.

"દસ વાગવામાં ત્રણ મિનિટની વાર છે." એણે કહ્યું. "અમે બરાબર દસના ટકોરે અહીંની વીશીના દરવાજેથી છૂટા પડ્યા હતા."

"પશ્ચિમમાં તમે કારકિર્દી સારી બનાવી હશે, ખરું ને?" પોલીસમેને સવાલ કર્યો.

"કેમ નહિ, જરૂરથી! મને થાય છે કે જિમ્મીએ પણ એ બાબતમાં મારી સરખામણીએ અડધી મંજિલ કાપી હોય. એ ઘણો મહેનતુ, ખંતીલો અને સારો માણસ હતો. મારે તો મારી કારકિર્દી જમાવવા ભલભલા ભેજાબાજોને હંફાવવા પડ્યા હતા. અહીં ન્યુ યોર્કમાં તો બીબાંઢાળ જિંદગી જીવાઈ જાય પણ પશ્ચિમમાં તો ડગલે ને પગલે આફતો અને પડકારોનો સામનો કરવો પડે છે."

પોલીસમેને દંડૂકો ઘુમાવીને એક-બે ડગ ભર્યા.

"ચાલો, હવે મારે આગળ જવું પડશે. આશા રાખું કે તમારો દોસ્ત હવે આવી ચડે. ધારો કે એ વેળાસર નહિ આવે તો શું કરશો?"

"અડધોએક કલાક તો મારે એની રાહ જોવી જોઈએ. સાહેબ મારા, જો એ આ દુનિયામાં હયાત હશે તો કેમેય કરીને એટલા સમયમાં તો આવી જ જશે."

"એ આવજો!" કહીને પોલીસમેને પેલા માણસની વિદાય લીધી અને બીજી સડક પર રોન મારવા નીકળી ગયો.

હવે કાતિલ પવને વધારે જોર પકડ્યું અને ઝરમર ઝરમર વરસાદ વરસવો શરૂ થયો. એટલે સડક પર ટહેલતા એકલદોકલ રાહદારીઓ પણ કોટના કોલર ઊંચા કરીને ખિસ્સામાં હાથ ઘાલીને વેગીલી ચાલે આઘાપાછા થવા લાગ્યા. અને આવામાં જે અહીં હજાર માઈલનું અંતર કાપીને જવાનીના પોતાના યારદોસ્તારને મળવા આમ આવી ચડ્યો હતો એવા પેલા હાર્ડવેરની દુકાનનાં બંધ દરવાજા આગળ ઊભેલા આદમીએ સિગરેટ ચેતવીને દોસ્તારની રાહ જોવા માંડી.

એણે વીસેક મિનીટ રાહ જોઈ હશે ત્યાં તો છેક કાનને ઢાંકે એટલે સુધી કોલર ચડાવી દીધેલો લાંબો ડાગલો પહેરેલો એક ઊંચોસરખો માણસ સડકની બીજી બાજુએથી એની પાસે જઈ ચડ્યો.

"બોબ, તું જ છે ને?" એણે સાશંક સવાલ કર્યો.

"કોણ, જિમ્મી, તું?" રાહ જોઈ રહેલા માણસે ઉત્સાહથી ઉછળીને કહ્યું.

"ભલા ભગવાન!" આ નવા આગંતુકે પેલા માણસના બન્ને હાથને ઉમળકાથી પોતાનાં હાથમાં દબાવ્યા. "વાહ, બોબ! મને ખબર હતી કે તું હયાત હોઈશ તો ચોક્કસ આવીશ. ઓહ! વીસ વર્ષ જેટલો લાંબો અંતરાલ! કાશ આપણા નસીબમાં વધુ સમય જોડે રહેવાનું લખાયું હોત! ખેર, પશ્ચિમમાં કેવું રહ્યું, બોબ?"

"જોરદાર હોં! પશ્ચિમે મને મોં માંગ્યું બધું જ આપ્યું છે. પણ યાર જિમ્મી, તું ઘણો જ બદલાઈ ગયો છે આટલાં વર્ષોમાં. મેં કદી વિચાર્યું પણ નહોતું કે આટલાં વર્ષોમાં તારી ઉંચાઈ આમ બે-ત્રણ ઈંચ વધી જશે."

"હા દોસ્ત, વીસ વર્ષ બાદ મારી ઊંચાઈ થોડીક વધી છે ખરી."

"બાકી ન્યુ યોર્કમાં કેવું ચાલે છે, જિમ્મી?"

"ચાલે છે. હું અહીં શહેર સુધરાઈમાં જોડાયો છું. અરે બોબ, ચાલ ને તને એવી એક જગ્યાએ લઈ જઉં જ્યાં જઈને આપણે નિરાંતે મનભરીને વાતો કરી કરીએ."

પછી બન્ને જણા એકમેકનો હાથ પકડીને ચાલવા માંડ્યા. અને પશ્ચિમમાં મળેલી સફળતાથી પોરસાતા બોબે પોતાની સંઘર્ષકથા કહેવાનું શરૂ કર્યું અને ડગલામાં ખૂંપેલા બીજાએ રસભેર કાન માંડી રાખ્યા.

આમ ચાલતા ચાલતા તેઓ વીજળીના દીવાથી ઝળહળતી એક દવાની દુકાન સુધી આવી ચડ્યા. દીવાની રોશનીમાં બન્ને એકબીજાનો ચહેરો જોવા એકમેક તરફ ફર્યા.

અચાનક બોબે ઝાટકો મારીને પોતાનો હાથ પેલા ઊંચા માણસના હાથમાંથી છોડાવી લીધો અને બોલ્યો, "તું જિમ્મી નથી! વીસ વર્ષ ભલે ઘણો લાંબો સમયગાળો હોય પણ એમાં કંઈ કોઈનું અણિયાળું નાક સાવ ચીબું ના થઈ જાય!" પેલા ઊંચા 'જિમ્મી'એ કહ્યું, " પણ ક્યારેક સારો માણસ ખરાબ ચોક્કસ બની જાય. તારી ધરપકડ કરવામાં આવી છે, બોબ. શિકાગો પોલીસ તરફથી અમને તાર દ્વારા તારા અહીં આવવા વિશે બાતમી મળી હતી. અને હા, આપણે પોલીસ સ્ટેશન જઈએ એ પહેલા તારે માટે અમારા પહેરગીર વેલ્સે એક ચિઠ્ઠી મોકલાવી છે. અહીં બારી પાસે અજવાળામાં ઊભો રહીને વાંચી લે."

બોબે ચિઠ્ઠી ખોલીને વાંચવા માંડી પણ ચિઠ્ઠી પૂરી વંચાવા આવી ત્યારે એનો હાથ ધ્રુજવા માંડ્યો. ચિઠ્ઠીમાં લખ્યું હતું : 'બોબ : હું આપણી નક્કી કરેલી જગ્યાએ તને મળવા આવ્યો હતો. તે સિગરેટ ચેતવી એ વખતે તારો ચહેરો જોઈને હું ચોંકી ઊઠ્યો કે આ તો શિકાગોનો એ બદનામ ગુનેગાર છે જેની શોધખોળ ચાલે છે. તારી ધરપકડ કરવાની હામ મારામાં નહોતી એટલે મેં સાદા વેશમાં રહેલા બીજા પોલીસમેનને આ કામ માટે મોકલ્યો. જિમ્મી.'

- ઓ' હેન્રી અનુવાદ : ઈશાન ભાવસાર (સૌજન્યથી...)

## પ્રમુખસ્વામી...

'સ્વામીશ્રીએ બીજાનું ભલું કરવા પોતે કષ્ટ વેઠ્યા, પોતાની જાત સામે એમણે ક્યારેય જોયું જ નહીં. પોતાનાં વર્તનથી સૌને રાજી કર્યાં. અરે, પોતાના વિરોધીઓની પણ એમણે સેવા કરી. ક્યારેક ક્યારેક નહીં, પણ એકધારા -એકસરખા ભાવથી બીજા માટે એ ઘસાઈ છૂટ્યા છે. ક્યારેક તો લાગે કે એમને દેહ છે કે નહીં? રહેણીકરણી અને નિયમધરમમાં દ્રઢતા એ સાધુતાનું પહેલું મહત્વનું લક્ષણ છે. બ્રહ્મરૂપ રહીને પરબ્રહ્મની ઉપાસના કરવી એ બીજું મહત્વનું લક્ષણ. સ્વામીશ્રીમાં આ બંને લક્ષણ ઝળહળતાં દેખાય. ક્યાંય ડાઘ નથી, કલંક નથી, દેહભાવ નથી અને આ જ સૌથી મોટું વર્તન. એમનો આત્મભાવ જોઈને આપણને પ્રેરણા મળે કે દેહ સાચવવા જેવો નથી. ભગવાન અને ભક્તો માટે ખપી જવા જેવું છે. એમના જીવનથી આપણું જીવન ઘડાયા કરે છે.'

- પૂજ્ય મહંત સ્વામી દ્વારા ગુરુસ્મરણ.

અનુસંધાન પેજ 10 પરથી...

## ગોધરા પર...

જાહેર સેવા પ્રસારણનો તેમનો ખ્યાલ યુનાઈટેડ કિંગડમમાં સફળ રહ્યો હતો અને અન્ય ઘણા દેશોમાં પ્રસારણને પ્રભાવિત કર્યું હતું.

2002ના ગુજરાત રમખાણો પર બીબીસી ડોક્યુમેન્ટ્રીને બ્લોક કરવાના કેન્દ્રના નિર્ણયને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચે એડવોકેટ એમ.એલ. શર્મા અને વરિષ્ઠ વકીલ સી.યુ.સિંઘની દલીલો ધ્યાને લીધી હતી.

પીઆઈએલએ સર્વોચ્ચ અદાલતને બીબીસી ડોક્યુમેન્ટરી - ભાગ I અને II બંનેને બોલાવવા અને તેની તપાસ કરવા વિનંતી કરી હતી. જેમાં 2002ના ગુજરાત રમખાણો માટે પ્રત્યક્ષ અને આડકતરી રીતે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. શર્માએ જણાવ્યું હતું કે તેમની પીઆઈએલમાં તેમણે બંધારણીય પ્રશ્ન ઉઠાવ્યો છે અને તે સર્વોચ્ચ અદાલતે નક્કી કરવાનું છે કે શું નાગરિકોને કલમ 19(1)(2) હેઠળ 2002ના ગુજરાત રમખાણો અંગેના સમાચાર, તથ્યો અને અહેવાલો જોવાનો અધિકાર છે કે નહીં.

# પથ્થર અને મૂર્તિ

ગુજરાત | વંદન

માઈકલ એન્જેલો મહાન શિલ્પી થઈ ગયા. તેમની કૃતિઓ આજે પણ વિશ્વભરમાં સુવિખ્યાત છે.

એકવાર તેઓ રસ્તામાંથી પસાર થતા હતા. ત્યાં દેવળની બહાર એક પથ્થરની શિલા તેમના જોવામાં આવી. તેમણે અંદર જઈને તપાસ કરી તો કહેવામાં આવ્યું કે, આ બેડોળ પથ્થર કોઈ જ કામનો નથી , જેને જોઈએ તે લઈ જઈ શકે છે.માઈકલ એન્જેલોએ પથ્થર પોતાના ત્યાં પહોંચતો કર્યો. છીણી અને હથોડો લઈને તે રાત્રિ-દિવસ તેને કંડારવામાં તેઓ લાગી ગયા.

ઘણા માણસો ત્યાંથી પસાર થતા હતા તે કહેવા લાગ્યા કે, આ નકામો પથ્થર છે તમારી મહેનત પાણીમાં જશે. તમે આ શું કરી રહ્યા છો ? માઈકલ એન્જેલોએ કહ્યું કે, 'હું આમાંથી નકામો વધારાનો ભાગ કાઢી નાખું છું.'

ધીમે-ધીમે તે પથ્થરમાંથી અદ્ભૂત કલાકૃતિ ઉપસી આવી. ઈસુ અને તેમની માતા મેરીનું આબેહુબ ચિત્ર ઉપસી આવ્યું. શિલ્પ તૈયાર થતાં સૌ મોંમાં આંગળાં નાખી ગયા.

જે આ કૃતિને જોવા આવતાં તેના મુખમાંથી શબ્દો સરી પડતા કે, " અદ્ભુત! અદ્ભુત! એન્જેલો અદ્ભુત!"

કોઈએ પૂછ્યું :" એક બેડોળ પથ્થરમાંથી આવી સુંદર શિલ્પકૃતિ શી રીતે તમે ઉપજાવી? "



ત્યારે માઈકલ એન્જેલોએ કહ્યું કે :

"મેં આંમાં કશું નવું કર્યું જ નથી. સુંદર કૃતિ તો અંદર પથ્થરના પેટમાં પડી જ હતી. મેં તો મૂર્તિની આજુબાજુમાંથી વધારાનો જે ભાગ હતો તે જ માત્ર ઓછો કર્યો છે.વધારાનો મેદ કાઢી નાંખવાથી સુંદર કૃતિ બહાર પ્રગટ થઈ આવી !'

બોધ પાઠ:

દરેક મનુષ્યનું પણ આવા એક બેડોળ પથ્થર જેવું જ છે. આપણી અંદર પણ એક મહાન વ્યક્તિત્વ છુપાયેલું પડ્યું હોય જ છે .આપણે પણ આ બેડોળ પથ્થરમાં છુપાએલ મૂર્તિની જેમ મહાન બની શકીએ જેમ ઈતિહાસમાં ઘણા બધા લોકો મહાન બન્યા છે એમ.

ફરક માત્ર એટલો જ છે કે આપણે આપણી આજુ બાજુ લાગેલા દુર્ગુણોના વધારાના થરને દૂર કરવાનો પ્રયત્ન જ નથી કરતા! સારા આચાર અને વિચારોના ટાંકણાથી એ સૌ દુર્ગુણોનો વધારાનો પથ્થર જ્યારે તમે દુર કરશો ત્યારે જ તમારામાં છુપાએલ સુંદર વ્યક્તિત્વ રૂપી મૂર્તિ આપોઆપ માઈકલ એન્જેલોની સુંદર મૂર્તિની જેમ બહાર દેખાઈ આવશે.!!

અનુસંધાન પેજ 1 પરથી...

## અદાણી પતી...

સૂત્રધારો કહે છે કે, 10-11 દિવસ પહેલાં ભારતના ઉદ્યોગ જગતમાં શિરમોર સમાન ટોચે બિરાજમાન ગૌતમ અદાણીએ કદાજ એવુ વિચાર્યુ પણ નહીં હોય કે એક વિદેશ એજન્સીનો રિપોર્ટ તેના સામ્રાજયના પાયા હચમચાવી નાંખશે..! કોર્પોરેટ સેક્ટરમાં અને રાજકારણમાં સૌ વાકેફ છે કે અદાણી પર કોના ચાર હાથ છે અને એમ સૌ કોઈ માનતા હતા કે અદાણીને કોઈ હરાવી કે હંફાવી શકે તેમ નથી. સરકારે 6 એરપોર્ટ, બંદરો અને 21 શહેરમાં પીએમનજી ગેસ પૂરો પાડવાનો પરવાનો સહિત કેટકેટલાય કારોબાર પૂરા પાડ્યા છે. 18 મહિનામાં કરેલી કમાંણી શેરબજારના 7 સત્રોમાં ગુમાવનાર અદાણીના માથે કોંગ્રેસ અને અન્ય રાજકીય વિપક્ષોએ મોરચાબંધી કરી, તેમના માછલાં ધોવાયા ત્યારે તેની અડખે પડખે કોઈ મહારથી નથી અને રાજકીય નુકશાનથી બચવા હાલમાં સરકાર પણ તેનાથી અંતર રાખી રહ્યાં હોવાની છાપ ઉપસી રહી છે.

જાણકારો એ બાબતે હેરાન છે કે જેનું કોઈ વાળ પણ વાંકુ ન કરી શકે એવી રાજકિય પીઠબળ ધરાવનાર બાહુબલિ ઉદ્યોગપતિની આવી હાલત પાછળ કોણ અને ક્યા પરિબળો છે..? શું કોઈ રાજકિય પરિબળ છે, ઉદ્યોગજગતમાં દેશ-વિદેશમાં તેમના કોઈ હરિફ છે...? કેમ કે અદાણીનો કારોબાર વિદેશમાં ઓસ્ટ્રેલિયા અને ઈઝરાયલ સુધી વિસ્તરેલો છે

એક એવી અટકળ ચાલી રહી છે કે અદાણીએ પૈસાના જોરે કોકના કહેવાથી એનડીટીવી નામની ટીવી ચેનલ ખરીદી કરતાં લગભગ આંચકી લીધી અને તેમાં અન્ય દ્વારા નિર્ધારિત એકતરફી રાજકીય પોલીસીની ઉપરવટ જઈને રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને લાઈવ ટીવી કવરેજ આપ્યું અને તે પહેલાં 29 ડિસ્મ્બર,2022ના રોજ એક ટીવી મુલાકાતમાં અદાણીએ તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીના ભારોભાર વખાણ કરીને એમ કહ્યું હતું કે કે તેઓ આજે જે કાંઈ છે એ રાજીવ ગાંધીને આભારી છે, કેમ કે રાજીવના કાર્યકાળમાં આયાત-નિકાસમાં ઉદારતા હોવાથી તેમના કારોબારને ખૂબ વેગ મળ્યો....!

કથિત કોંગ્રેસ તરફી અદાણીનું વલણ અને તેમનું કથન કદાજ એવા રાજકિય આગેવાનોને નહીં ગમ્યુ હોય કે જેઓ એમ માને છે કે અદાણીને ફર્શ પરથી અર્શ એટલે કે નીચેથી ઉપર લાવવામાં પોતાનો ફાળો છે અને અદાણી જે કાંઈ કમાણી કમાવ્યાં તે અમારા કારણે છે....એમ માનનારાઓને અદાણીના મુખે રાજીવના વખાણ અને અદાણીએ ખરીદેલી એનડીટીવી ચેનલમાં રાહુલની યાત્રાને લાઈવ કવરેજ આપવું કદાજ નહીં ગમ્યુ હોય.

સોમવારથી સંસદનું સત્ર ફરી શરૂ થશે ત્યારે શક્ય છે કે વિપક્ષ અદાણીના મામલે ઉહાપોહ મચાવે તેમ મનાય છે. કેમ કે જાણકારોના મતે, કેન્દ્ર સરકારને સંસદમાં અને સંસદની બહાર મજબૂતીથી ઘેરવા માટે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને અદાણી નામનું શસ્ત્ર હાથમાં આવ્યું છે અને યુપેમાં જેમ તે વખતે વિરોધપક્ષોએ 2જીના મામલે મનમોહન સરકારને ઘેરી તેમ હવે અદાણી-જીના મામલે તેઓ ઘેરી રહ્યાં છે.

અદાણીનું હવે શું થશે..અને અદાણી હવે ફરીથી બજારમાં ઉભા થશે કે કેમ.. અનિલ અંબાણીની જેમ પોતાને નાદાર જાહેર કરી દેશે કે કેમ...ફરી રાજકીય પીઠબળ મેળવવામાં સફળ થશે કે કેમ એવા સવાલો બજારમાં રોકાણકારોના મનમાં ચાલી રહ્યાં છે. સોમવારથી શેરબજારના નવા સપ્તાહમાં અદાણીના શેરોનું શું થશે...? વધુ ડૂબશે કે હિન્ડેનબર્હમાં હવાઈ જશે...?

## દીપા કર્માકર...

રિયો ઓલિમ્પિક 2016માં ચોથું સ્થાન મેળવનારી દીપાને હાઈજેમીન ડ્રગનો ઉપયોગ કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો છે. ઈન્ટરનેશનલ ડોપિંગ એજન્સીએ Hygemin S-3 Beta-2 ને પ્રતિબંધિત દવાઓની શ્રેણીમાં રાખ્યું છે. 2021 પછી આ પદાર્થ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

## ભૂસ્ખલનના કારણની...

પરિવારોને શક્ય તમામ મદદની ખાતરી આપી. કેટલાક પરિવારો જિલ્લા વહીવટી તંત્રના અસ્થાયી આશ્રયસ્થાનમાં ગયા છે, જ્યારે અન્ય ઘણા તેમના સંબંધીઓ અથવા સંબંધીઓ સાથે સ્થળાંતર થયા છે.

## રાજ્યના ઈતિહાસના...

રાજદેવ સંબંધ ધરાવતો હોવાની આશંકા છે. ગુજરાતના બુકીઓ જાતે જ સોદા બુક કરતા હોવાનો પણ ખુલાસો થયો હતો. સટ્ટાકાંડની રકમ સાત હજાર કરોડ રૂપિયા સુધી પહોંચે તેવી સંભાવના છે. રાકેશ રાજદેવ વિરુદ્ધ પણ લુકઆઉટ નોટિસ જાહેર કરાઈ છે. હોંગકોંગ અને નેધરલેન્ડની સ્થાનિક મેચો પર પણ સટ્ટો રમાડાતો હતો. રાકેશ રાજદેવ દુબઈમાં સામ્રાજ્ય જમાવી બેઠો છે.

## કેજરીવાલે બજેટના...

કરીએ છીએ. આનાથી બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવામાં અને વિશ્વાસ વધારવામાં મદદ મળશે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત અફઘાનિસ્તાનમાં ઘણા પ્રોજેક્ટ માટે ફંડિંગ કરી રહ્યું છે. જો ભારત આવું જ ચાલુ રાખશે તો બંને દેશો વચ્ચેના સંબંધો સુધરશે.

ઉલ્લેખનીય છે કે સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે બજેટમાં દિલ્હીની જનતા સાથે ફરી એકવાર સાવકી મા જેવું વર્તન કરવામાં આવ્યું છે. ગયા વર્ષે લોકોએ 1.75 લાખ કરોડથી વધુ આવકવેરો ભર્યો હતો. તેમાંથી માત્ર 325 કરોડ રૂપિયા દિલ્હીના વિકાસ માટે આપવામાં આવ્યા હતા.

અનુસંધાન પેજ 12 પરથી...

## હાટકેશ્વરમાં...

અવરમાં ભીડભાડ- ટોળેટોળા એકત્ર થાય, આ ઉપરાંત કેસી સ્ટોલના માલિક દ્વારા રોડ ઉપર મસ્કાબનની લારીઓ ઉભી રાખીને વધુ ટ્રાફિક જામ કરવામાં આવે છે.

કોર્પોરેશન એસ્ટેટ વિભાગ દ્વારા લારી-ગલ્લા અન્યત્ર જગ્યાએથી દૂર કરવામાં આવે છે. જેમ કે બાગ-બગીચાની બાહર આરોગ્યપ્રદ જૂશ વગેરે વેચનાર લારી ગલ્લાને ઉભી રાખવા દેતા નથી પરંતુ કેસી સ્ટોલની બાહર હાર બંધ ઉભી રહેતી મસ્કાબનની આ લારીઓ શુ કાયદાથી ઉપર છે? જો બાગ-બગીચા બહારની લારીઓ ગેરકાયદે હોય તો કેસી ટી સ્ટોલની બહાર અડધુ રોકનાર આ લારીઓ ગેરકાયદે ગણાય કે નહીં? એવા સવાલો પણ તેનાથી પીડિત અસરગ્રસ્તો દ્વારા થઈ રહ્યા છે.

બાગ-બગીચાની બહાર જૂશ વગેરે વેચનાર લારી ગલ્લા વાળાઓ 'ભરણુ' ભરે તો તેમણે પણ ઉભા રહેવા દેવામાં આવે પરંતુ હટાવી દેવાથી તેવી લાગણી સર્જાય છે કે તેવો ભરણુ નહી આપતા હોય તો શું કેસી ટી સ્ટોલની બહાર ટ્રાફિકને અડચણરુપ મસ્કાબનની લારીઓ અધિકારીઓને મફતમાં રેવડી કલ્ચરના ભાગરુપે મસ્કાબન ખવડાવે છે? એવા સવાલો પણ થઈ રહ્યા છે

એક તો ભરચક વિસ્તાર, પુલની નીચે રોડ અને તેમાંથી અડધો રોડ મસ્કાબન વાળા રોકી લેતા હોય તો શું સ્થાનીક એસ્ટેટ વિભાગના આ લારીઓ કેમ દેખાતી નથી? લારીઓ પર નાસતો કરવા આવતા લોકોના કારણે થતી ભીડથી વાહન ચાલકો- રાહદારીઓને પડ઼તી ભારે મુશ્કેલીમાંથી ક્યારે છુટકારો મળશે?

## ગુજરાતમાં રિયલ...

2021માં 2310 કરોડ અને 2022 માં 2963 કરોડે પહોંચી છે. રીયલ એસ્ટેટ ક્ષેત્રનાં સુત્રોએ જણાવ્યું હતું કે કોરોના કાળથી મિલકતોનાં વ્યવહારોમાં નોંધપાત્ર વૃદ્ધિ છે અને સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફીમાં ઘટાડો કરવામાં આવે તો હજુ રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં વધુ વિકાસ થઈ શકે છે.

## પેપરલીક...

અમદાવાદમાં 6 તારીખે બપોરે 1 થી 3 વાગ્યા સુધી રિલીફ રોડ ઉપર આવેલી LICની ઓફિસ ખાતે ધરણાં કરવામાં આવશે. જીગ્નેશ મેવાણીએ કહ્યું હતું કે ફેક કંપની ઊભી કરીને કરોડોની ટેકસની ચોરી કરી છે.

## ગુજરાતમાં દૂધ...

રૂપિયાએ પહોચ્યો છે. તો અમૂલ ગોલ્ડનો લીટરનો ભાવ વધીને 66 રૂપિયાએ પહોંચ્યો છે. આમ, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ભાવમાં પ્રતિ લિટર રૂ. 3નો વધારો કર્યો છે. દૂધના નવા ભાવ આજે 3જી ફેબ્રુઆરીથી લાગુ થશે.

## શમશેરસિંઘ અમદાવાદ...

શમશેર સિંઘ અમદાવાદ પોલીસ કમિશનર બની શકે તેવી પુરી શકયતા છે. શમશેરસિંઘને ડીજીપી તરીકે પ્રમોશન મળતા અત્યારે પોલીસ બેડામાં શમશેરસિંઘ આગામી સમયમાં અમદાવાદ પોલીસ કમિશનર બનશે તેવી ચર્ચા પણ ચાલી રહી છે. અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ આગામી એપ્રિલ મહિનામાં નિવૃત થશે.

# મોંઘી હોમ લોન હોવા છતાં, 2022માં ઘરનું વેચાણ આઠ વર્ષની ઊંચી સપાટીએ



■ સાત મોટા શહેરોમાં કુલ 3,64,900 ઘરો વેચાયા

ગુજરાત | વંદન

હોમ લોનના વ્યાજદરમાં વધારા છતાં આ વર્ષે સાત મોટા શહેરોમાં ઘરનું વેચાણ આઠ વર્ષની ટોચે પહોંચ્યું છે. આ સમયગાળા દરમિયાન કુલ 3.65 લાખ મકાનો વેચાયા હતા. અગાઉ 2014માં આ આંકડો 3.43 લાખ યુનિટ હતો.

પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એનારોકના રિપોર્ટ અનુસાર, આ વર્ષે સાત મોટા શહેરોમાં કુલ 3,64,900 ઘરો વેચાયા હતા. આ આંકડો 2021માં વેચાયેલા 2,36,500 યુનિટ કરતાં 54 ટકા વધુ છે. રહેણાંક મિલકતોના ભાવમાં ચારથી સાત ટકાનો વધારો થયો છે.

## નવા ઘરોની ઉપલબ્ધતામાં 51 ટકાનો વધારો

આ વર્ષે સાત મોટા શહેરોમાં નવા આવાસનો ઉપલબ્ધતા 51 ટકા વધીને 3,57,600 યુનિટ થયો છે. 2021માં આ આંકડો 2,36,700 યુનિટ હતો. નવા સપ્લાયમાં મુંબઈ અને હૈદરાબાદનો સૌથી મોટો હિસ્સો છે. સામૂહિક રીતે, બંને નવા સપ્લાયમાં લગભગ 54 ટકા હિસ્સો ધરાવે છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં ન વેચાયેલા મકાનોની સંખ્યા એક ટકા ઘટીને 6,30,953 યુનિટ થઈ છે.

**મુંબઈ પછી NCRમાં સૌથી વધુ વેચાણ**

| શહેર | વેચાણ | તેજી |
|---|---|---|
| મુંબઈપ્રદેશ | 1,09,700 | 44% |
| દિલ્હી-એનસીઆર | 63,712 | 59% |
| પુણે | 57,146 | 59% |
| બેંગ્લોર | 49,478 | 50% |
| હૈદરાબાદ | 47,487 | 87% |
| કોલકાતા | 21,220 | 62% |
| ચેન્નાઈ | 16,097 | 29% |

## બજારોનાં અંતરંગ

### ટાઈટનનો શુદ્ધ નફો 9.96%ના ઘટાડાની સાથે 904 કરોડ રહ્યું




ટાઈટન કંપની ના શેર 3 ફેબ્રુઆરની ફોક્સમાં રહેશે કારણ કે કંપનીએ કાલે જ પોતાના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામ રજુ કર્યા છે. ટાઈટન કંપનીએ ગુરૂવારના ડિસેમ્બર 2022 ક્વાર્ટર માટે કંસોલિડેટેડ શુદ્ધ નફો 9.96 ટકાના ઘટાડાની સાથે 904 કરોડ રૂપિયા દર્જ કર્યો. ટાઈટન કંપનીએ છેલ્લા વર્ષના આ ક્વાર્ટરમાં કંપનીનો નફો 1004 કરોડ રૂપિયા રહ્યો હતો. કંપનીએ સ્ટૉક એક્સચેન્જ ફાઈલિંગમાં કહ્યુ કે કુલ આવક 15.89 ટકા વધીને 11,698 કરોડ રૂપિયા રહી. જ્યારે એક વર્ષ પહેલાના ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક 10,094 કરોડ રૂપિયાથી રહી હતી. મનીકંટ્રોલ દ્વારા આપવામાં આવેલા પોલના અનુસાર પાંચ બ્રોકરેજીસએ ટાટા સમૂહની કંપનીની આવક 10,656 કરોડ રૂપિયા અને શુદ્ધ નફો 985 કરોડ રૂપિયા રહેવાનુ અનુમાન લગાવ્યુ હતુ.

### આગામી સમયમાં ઑટો-કન્ઝ.ને બુસ્ટ મળશેઃ સુનિલ સુબ્રમણ્યમ



સુન્દરમ મ્યુચ્યુઅલના MD અને CEO સુનિલ સુબ્રમણ્યમનું કહેવુ છે કે બજેટ સંતુલિત રાખવામાં આવ્યું છે. રેટિંગ એજન્સી પણ બજેટથી ખુશ થશે. ગ્રોથને ચાલુ રાખવા માટે નિયંત્રિત બજેટ રાખ્યું છે. આવનારા સમયમાં ઑટો, કન્ઝમ્પ્શનને બુસ્ટ મળશે. સુનિલ સુબ્રમણ્યમના મતે RBI હજૂ એક વખત વ્યાજ દર વધારશે. ગ્રોથને સપોર્ટ કરવા માટે RBIએ પણ પગલા લેવા પડશે. રોકાણ કરતા સમયે સ્થાનિક સેક્ટર પર ધ્યાન આપવું જોઈએ. બેન્ક સ્ટૉક્સમાં ખરીદી કરવાની સારી તક છે. સુનિલ સુબ્રમણ્યમનું માનવું છે કે ડેટ માર્કેટમાં એક વર્ષ સુધી સારૂ રિટર્ન મળી શકે છે. 3 વર્ષ માટે રોકાણ કરવું હોય તો જ ડેટમાં રોકાણ કરો. 3 વર્ષના હિસાબે ઈક્વિટીમાં ડેટ કરતા વધુ રિટર્ન મળી શકે છે.

### ડાબર ઈન્ડિયાના ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખા નફામાં ઘટાડો




ડાબર ઈન્ડિયાએ રજુ કરવામાં આવેલા ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખા નફામાં ઘટાડો નોંધવામાં આવ્યું છે. ડાબર ઈન્ડિયાએ ડિસેમ્બર 2022 ને સમાપ્ત ક્વાર્ટર માટે કંસોલિડેટેડ ચોખ્ખો નફામાં 5.5 ટકા ઘટીને 476.7 કરોડ રૂપિયાનો નફો દર્જ કર્યો. ડાબરે ગુરૂવારના સ્ટૉક એક્સચેન્જ ફાઈલિંગમાં કહ્યુ કે એક વર્ષ પહેલા આ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો 504 કરોડ રૂપિયા રહ્યો હતો. જ્યારે ઑપરેશંસથી આવક Q3 FY22 માં 2,942 કરોડ રુપિયાથી વર્ષના 3.5 ટકા વધીને 3,043 કરોડ રૂપિયા થઈ ગઈ. કંપનીએ કહ્યુ કે આવક પહેલીવાર 3,000 કરોડ રૂપિયાના આંકડાને પાર કરી ગઈ છે. વર્ષ દર વર્ષના આધાર પર ઑક્ટોબર થી ડિસેમ્બરમાં ડાબરના એબિટડા 627 રૂપિયાથી ઘટીને 610 રૂપિયા રહ્યા છે. જ્યારે વર્ષના આધાર પર ત્રીજા ક્વાર્ટરમાં ડાબરના એબિટ માર્જિન 21.3 ટકાથી ઘટીને 20.05 ટકા રહ્યા છે.






# ભારતીય શેરબજાર માટે સપ્તાહનો અંતિમ દિવસ શાનદાર જોવા મળ્યો

■ સેન્સેક્સ 900થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યો

ગુજરાત | વંદન

ભારતીય શેરબજાર માટે સપ્તાહનો અંતિમ દિવસ શાનદાર રહ્યો. સેન્સેક્સ 900થી વધુ અને નિફ્ટી 222 પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યા. માર્કેટ કેપ 266.55 લાખ કરોડ રહ્યું.

અદાણી એન્ટરપ્રાઈઝ 52 સપ્તાહના નીચા સ્તર રૂ. 1017.45થી વધીને રૂ.1586.80 પર બંધ રહ્યો

ભારતીય શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ આજે 909.64 પોઈન્ટ (+1.52 ટકા)ના વધારા સાથે 909.6 પોઈન્ટ અને નિફ્ટી 243.65 પોઈન્ટ (+1.38 ટકા)ના વધારા સાથે 17854.05 પર બંધ રહ્યા. બેંક નિફ્ટી 830 પોઈન્ટ (+2.04 ટકા)ના વધારા સાથે 41499.70 પર બંધ રહી. ગુરુવારે સેન્સેક્સ 224.16 પોઈન્ટના વધારા સાથે 59,932.24 પોઈન્ટ અને નિફ્ટી -5.9 પોઈન્ટના ઘટાડા સાથે 17610 પર બંધ થયા હતા. બુધવારે સેન્સેક્સ 158.18 પોઈન્ટના વધારા સાથે 59708.08 પોઈન્ટ અને નિફ્ટી 57.12 પોઈન્ટના ઘટાડા સાથે 17616.30 પર બંધ થયા હતા. છેલ્લા ત્રણ દિવસમાં સેન્સેક્સમાં આશરે 1300 પોઈન્ટનો વધારો થયો છે.

# UKમાં ફુગાવો હજુ પણ બેકાબૂ: બેંક ઓફ ઈંગ્લેન્ડે ફરીથી વ્યાજ દર 0.50 ટકા વધાર્યા

■ બ્રિટનની મધ્યસ્થ બેંક દ્વારા હાલના તબક્કે આ છેલ્લો દર વધારો હોઈ શકે

ગુજરાત | વંદન



ભારત, અમેરિકા સહિત વિશ્વભરમાં ફુગાવો કાબૂમાં આવ્યાના સંકેત મળી રહ્યાં છે પરંતુ ઉર્જા સંકટનો સામનો કરી રહેલ બ્રિટનમાં ફુગાવો ઓછો થતો હોય તેવું લાગતું નથી. ફુગાવાને અંકુશમાં લેવાના ઉદ્દેશ્ય સાથે બ્રિટનની મધ્યસ્થ બેંક, બેંક ઓફ ઈંગ્લેન્ડે ગુરુવાર, ફેબ્રુઆરી 2ના રોજ ફરી એકવાર વ્યાજ દરોમાં 0.50નો વધારો કર્યો છે.

બેંક ઓફ ઈંગ્લેન્ડે સતત 10મી વખત આ વધારો કર્યો છે. આ સાથે બેંકના બેંચમાર્ક વ્યાજદર હવે વધીને 4 ટકા થયા છે. કોરોના રોગચાળા અને યુક્રેન-રશિયા યુદ્ધથી સપ્લાય ચેઈન મોરચે વિક્ષેપને કારણે યુકેમાં ફુગાવો હાલમાં 40 વર્ષની ટોચે પહોંચ્યો છે.

જોકે અર્થશાસ્ત્રીઓના મતે બ્રિટનની મધ્યસ્થ બેંક દ્વારા હાલના તબક્કે આ છેલ્લો દર વધારો હોઈ શકે છે કારણ કે ફુગાવો ધીમો થવાના સંકેતો મળી રહ્યાં છે.

યુકેનો ફુગાવો ડિસેમ્બરમાં સતત બીજા મહિને 10.5% થયો હતો, જે ઓક્ટોબરમાં 11.1% ની ટોચે હતો. જોકે આ આંકડો હજુ પણ યુએસ અને યુરો ઝોનના બાકીના 20 દેશોના ફુગાવાના દર કરતા વધારે છે. યુરોપિયન સેન્ટ્રલ બેંક પણ હવે વ્યાજદરમાં 0.50 ટકા વધારો કરી શકે છે.

# ભારતીય એવિયેશન સેક્ટરને 2020-22માં 24,000 કરોડથી વધુનું નુકસાન

■ સરકારે એવિયેશન સેક્ટરને ટેકો આપવા માટે અનેક યોજનાઓ રજૂ કરી છે

ગુજરાત | વંદન



ભારતના એવિયેશન સેક્ટરને ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાનના છેલ્લા બે નાણાકીય વર્ષમાં રૂ. ૨૪,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ઉદ્યોગને ૧૨,૪૭૯ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧,૬૫૮ કરોડ રૂપિયાનું નુકશાન થયું હતું.ગુરુવારે લોકસભામાં એક જવાબમાં મંત્રાલયે કહ્યું કે કેન્દ્ર સરકારે એવિયેશન સેક્ટરને ટેકો આપવા માટે અનેક પ્રકારની પહેલ કરી છે. સરકાર અનેક સહાય આપવા માટે યોજનાઓ ઘડી પણ રહી છે.કેન્દ્ર સરકારે એવિયેશન ક્ષેત્ર માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમને પણ મંજૂરી આપી છે.એવિએશન ટર્બાઈન ફ્યુઅલ પર વેલ્યુ એડેડ ટેક્સમાં ઘટાડો કરવા રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સૂચન કરવામાં આવ્યું હતુ. પરિણામે ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા એટીએફ પરના વેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ સિવાય ઘરેલું જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) સેવાઓ માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ દર ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે.મંત્રાલયે વધુમાં જણાવ્યું કે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને અન્ય એરપોર્ટ ડેવલપર્સે નવા અને હાલના ટર્મિનલ્સના વિસ્તરણ અને ફેરફાર તેમજ રનવેના મજબૂતીકરણ માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે રૂ. ૯૮,૦૦૦ કરોડના મૂડી ખર્ચનું લક્ષ્યાંક રાખ્યું છે.

## ડોલરની અછતનો સામનો કરતા પાક.માં ફુગાવો વધીને 48 વર્ષની ટોચે પહોંચ્યો

ગુજરાત | વંદન

આયાતી માલસામાન સામે ચૂકવવા માટે ડોલરની અછતને પરિણામે પાકિસ્તાનમાં જાન્યુઆરીનો ફુગાવો વધીને ૧૯૭૫ બાદ સૌથી ઊંચો રહી ૪૮ વર્ષની ટોચે જોવા મળ્યો છે.

ડોલરના અભાવે ખોરાકી ચીજવસ્તુઓ, કાચા માલસામાન તથા સાધનોની આયાત પાકિસ્તાને અટકાવી દેતા ઘરઆંગણે તેની વ્યાપક અછત વર્તાઈ રહી છે.રિટેલ ફુગાવો જે ડિસેમ્બરમાં ૨૪.૪૭ ટકા હતો તે જાન્યુઆરીમાં વધી ૨૭.૫૫ ટકા પહોંચી ગયાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયું હતું. અછતને કારણે ખોરાકી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ અગાઉ ૧૯૭૫ના મેમાં પાકિસ્તાનમાં ૨૭.૭૭ ટકા ફુગાવો જોવાયો હતો. ઊંચા ફુગાવાને ધ્યાનમાં રાખી સ્ટેટ બેન્ક ઓફ પાકિસ્તાને વ્યાજ દર વધારી ૧૭ ટકા કર્યો છે.

# વોટ્સએપે ડિસે. 2022માં પ્રતિબંધિત કર્યા 36 લાખથી વધુ ભારતીય એકાઉન્ટ

■ ફેક ન્યૂઝ અને અપ્રિય ભાષણને પ્રોત્સાહન આપતા એકાઉન્ટ્સ સામે કાર્યવાહી...

ગુજરાત | વંદન



વોટ્સએપ કંપનીની નીતિના ઉલ્લંઘન, વપરાશકર્તાની ફરિયાદો અને અન્ય કારણોસર દર મહિને લાખો એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકે છે. કંપની ફેક ન્યૂઝ અને અપ્રિય ભાષણને પ્રોત્સાહન આપતા એકાઉન્ટ્સ પર સતત કાર્યવાહી કરી રહી છે. મેટા-માલિકીના મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપે ડિસેમ્બર 2022 માં લાખો ભારતીય એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે ડિસેમ્બર મહિનામાં પ્રતિબંધિત ખાતાઓની સંખ્યા નવેમ્બરની સરખામણીએ થોડી ઓછી છે. એકાઉન્ટ પર પ્રતિબંધની માહિતી WhatsApp દ્વારા સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી છે.

વોટ્સએપે એક નિવેદનમાં કહ્યું કે ડિસેમ્બર 2022 માં, કંપનીએ ભારતમાં કુલ 36,77,000 એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમાંથી 13,89,000 એકાઉન્ટ્સ કોઈપણ અહેવાલ પહેલા સક્રિયપણે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. આ ખાતાઓ IT નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાનું જણાયું હતું. નવેમ્બર મહિનામાં, મેસેજિંગ એપ્લિકેશને 37.16 લાખ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો, જે ડિસેમ્બર મહિનામાં ઘટીને 36.77 લાખ થઈ ગયો. કંપનીએ કહ્યું કે આમાં 13.89 લાખ ભારતીય ખાતાઓને સક્રિયપણે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. કંપની દર મહિને IT નિયમો 2021 હેઠળ પ્રતિબંધિત ભારતીય ખાતાઓની માહિતી આપે છે.

# Dow Jones: સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સથી બહાર કરાતા અદાણીનો શેર 35% ગગડ્યો

■ કંપનીના સ્ટૉક 35%ના કડાકા સાથે 1,017.45ના નીચલા સ્તરને સ્પર્શ્યો

ગુજરાત | વંદન



ભારતીય અબજપતિ ગૌતમ અદાણીની મુશ્કેલીમાં સતત વધારો થતો જઈ રહ્યો છે. ગત 10 દિવસોમાં તેમની નેટવર્થમાંથી 52 અબજ ડૉલરની મોટી રકમ ધોવાઈ ગઇ હતી અને દુનિયાના ધનિકોની યાદીમાં પણ તેઓ બીજા ક્રમેથી સીધા સરકીને 21મા ક્રમે આવી ગયા છે.

હિન્ડેનબર્ગ રિસર્ચની ઈફેક્ટ... | રિસર્ચ ફર્મ હિન્ડેનબર્ગના અહેવાલ બાદથી અદાણી ગ્રૂપની મોટાભાગની કંપનીઓની હાલત દયનીય થઈ ચૂકી છે. તાજેતરમાં Dow Jones Index દ્વારા અદાણીના શેરોને બહાર કરવાનો અહેવાલ જાહેર થયા બાદ અદાણી એન્ટરપ્રાઈઝના શેરોમાં 35 ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. કંપનીના સ્ટૉક 35%ના કડાકા સાથે 1,017.45ના નીચલા સ્તરને સ્પર્શી ગયા હતા.

ડાઉ જોન્સે પર આકરો નિર્ણય કર્યો | અમેરિકાના ડાઉ જોન્સે સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સથી અદાણી એન્ટરપ્રાઈઝના શેરને બહાર કરવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય કંપનીના શેરોમાં સતત કડાકાને ધ્યાનમાં રાખીને લેવાયો હતો. હિન્ડેનબર્ગના રિપોર્ટમાં અદાણી ગ્રૂપને લઈને સ્ટોક હેરફેર-એકાઉન્ટિંગ ફ્રોડ સહિત અનેક પ્રકારના દાવા કરાયા હતા.

હાલમાં દરરોજ કડાકા...| હાલમાં દરરોજ અદાણીના સ્ટૉક્સમાં કડાકો બોલાઈ રહ્યો છે. તેમની સંપતિ પણ તેના લીધે ઘટતી જઇ રહી છે. આ વર્ષે ૨૦૨૩માં અત્યાર સુધી તેમને 59.2 અબજ ડૉલરનું નુકસાન થયું છે અને તેમાંથી ૫૨ અબજ ડૉલરનું નુકસાન તો માત્ર 10 જ દિવસમાં થયું છે. ગત 24 કલાકમાં જ ગૌતમ અદાણી ધનિકોની યાદીમાં વધુ 5 ક્રમ નીચે સરકી ગયા હતા.

## ભારતનું સ્ટાર્ટઅપ્સ ક્ષેત્ર આજે વિશ્વમાં ત્રીજા નંબરે

# ભારે અનિશ્ચિતતા વચ્ચે સ્ટાર્ટઅપ્સમાં પીઈ/વીસી રોકાણ 63 મહિનાના તળિયે

■ ઊંચા ફુગાવા, વધી રહેલા વૈશ્વિક વ્યાજ દરો તથા મંદીની ચિંતાથી ઈન્વેસ્ટરો રોકાણથી દૂર

ગુજરાત | વંદન




બૃહદ્ આર્થિક અનિશ્ચિતતામાં વધારાને પગલે ભારતના સ્ટાર્ટઅપ્સને પ્રાઈવેટ ઈક્વિટી તથા વેન્ચર કેપિટલ (પીઈ/વીસી) ફન્ડિંગ જાન્યુઆરીમાં ઘટીને ૬૩ મહિનાની નીચી સપાટીએ રહ્યું છે.

121 સોદા મારફત ભારતના સ્ટાર્ટઅપ્સે પીઈ/વીસી રોકાણકારો પાસેથી જાન્યુઆરીમાં ૬૩ કરોડ ડોલરનું રોકાણ મેળવ્યું છે જે ૨૦૧૭ના સપ્ટેમ્બર બાદ સૌથી નીચું છે. ૨૦૧૭ના સપ્ટેમ્બરમાં સ્ટાર્ટઅપ્સે ૩૯ સોદા મારફત ૧૪.૮૩ કરોડ ડોલર મેળવ્યા હતા.

ઊંચા ફુગાવા, વધી રહેલા વૈશ્વિક વ્યાજ દરો, મંદીની ચિંતા તથા યુરોપમાં યુદ્ધને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાને કારણે રોકાણકારો મોટા સાહસોમાં ભંડોળ પૂરા પાડવાથી દૂર જઈ રહ્યા છે, એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું.

વેલ્યુએશન્સ વ્યવહારિક સ્તરે આવશે નહીં ત્યાં સુધી ફન્ડિંગ ધીમું રહેશે. ૨૦૨૩ના પ્રથમ ૬ મહિના સુધી માત્ર ભારત જ નહીં વિશ્વભરમાં દરેક સ્ટાર્ટઅપ્સ માટે સ્થિતિ પડકારરૂપ રહેશે. સ્ટાર્ટઅપ્સને વિકસવામાં વધુ સમય લાગી જતો હોવાથી કયા મૂલ્યાંકને તેમાં રોકાણ કરવું તેનો નિર્ણય કરવાનું મુશકેલ બની રહે છે. ૨૦૨૧માં દર મહિને સરેરાશ ૩ અબજ ડોલરઁ બાદ ૨૦૨૨માં સ્ટાર્ટઅપ્સે દર મહિને સરેરાશ બે અબજ ડોલરનું ભંડોળ મેળવ્યું હતું, એમ પ્રાપ્ત આંકડા જણાવે છે.

# MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમને 1 એપ્રિલથી સુધારીને અમલમાં મૂકવામાં આવશે




■ નાણાપ્રધાને બજેટ 2023-24 માં કરી મહત્વપૂર્ણ જાહેરાત

ગુજરાત | વંદન

દેશમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ને પ્રોત્સાહન આપવા માટે બજેટ 2023 માં એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે એમએસએમઈ માટે ક્રેડિટ ગેરંટી સ્કીમને 1 એપ્રિલ, 2023થી સુધારીને અમલમાં મૂકવામાં આવશે અને આ માટે કોર્પસમાં 9000 કરોડ રૂપિયા ઉમેરવાની જોગવાઈ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારે કહ્યું કે તે 30 કૌશલ્ય ભારત આંતરરાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકાર પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના 4.0 શરૂ કરશે. તેમણે કહ્યું કે યુવાનોને આંતરરાષ્ટ્રીય તકો માટે કૌશલ્ય બનાવવા માટે વિવિધ રાજ્યોમાં 30 સ્કીલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

એમએસએમઈ એટલે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો. દેશમાં નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને તેમને આર્થિક મદદ કરવા માટે, ભારત સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની રચના કરી છે. ભારતમાં લગભગ 45% રોજગાર નાના ઉદ્યોગોને કારણે ઉપલબ્ધ છે, તેથી સરકારનું આ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન છે.



આ પખવાડિયા દરમિયાન, બેંક ઓફ બરોડા પર્યાવરણની સુરક્ષા સાથે અને સ્વચ્છ અને હરિયાળા ભારત તરફ યોગદાન આપવા સાથે ટકાઉ જીવન પ્રત્યેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે મુંબઈમાં તેની કોર્પોરેટ ઓફિસ સહિત 100 થી વધુ સ્થળોએ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી રહી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# અયોધ્યા જ નહીં ભગવાન શ્રીરામના આ મંદિર પણ છે ખૂબ જ પ્રસિદ્ધ, એકવાર તો દર્શન કરવા જોઈએ...

અયોધ્યામાં સ્થિત શ્રીરામ જન્મભૂમિના દર્શન માટે દૂર-દૂરથી લોકો આવે છે. આ મંદિર વિશે દરેક લોકો જાણે છે. પણ, શું તમે જાણો છો કે, ભગવાન શ્રીરામ જન્મભૂમિ ઉપરાંત ભારતમાં ઘણાં એવા મંદિર છે. જ્યાં શ્રીરામ વિરાજમાન છે. એવું કહેવામાં આવે છે કે, આ મંદિરમાં પૂજા કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. ત્યારે અમે તમને આ મંદિર વિશે જણાવીએ.

## કેરળનું ત્રિપ્રાયર મંદિર



કેરળના ત્રિશૂર જિલ્લામાં ત્રિપ્રાયર મંદિર આવેલું છે. અહીં એવી માન્યતા છે કે, ભગવાન શ્રીકૃષ્ણએ અહીં મૂર્તિ સ્થાપિત કરી હતી. આ મંદિર કેરળના ચેટ્ટુવા વિસ્તારના એક માછીમારે સ્થાપિત કર્યું હતું. આ પછી શાસક વક્કાયિલ કેમલે અહીં મૂર્તિને ત્રિપ્રાયરમાં સ્થાપિત કરી હતી. એવું કહેવામાં આવે છે કે, અહીં આવતાં ભક્તોને ખરાબ આત્માથી છુટકારો મળે છે.

## નાસિકનું કાલારામ મંદિર



મહારાષ્ટ્રના નાસિકના પંચવટીમાં કાલારામ મંદિર સ્થિત છે. અહીં ભગવાન શ્રીરામની 2 ફૂટ લાંબી કાળા રંગની પ્રતિમા સ્થાપિત છે. એવુ કહેવામાં આવે છે કે, વનવાસ વખતે ભગવાન શ્રીરામ, માતા સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે પંચવટીમાં રોકાયા હતાં. મંદિરનું નિર્માણ સરદાર રંગારુ ઓઢેકરે કર્યું હતું. તેમણે એક સપનું જોયું હતું કે, ગોદાવરી નદીમાં શ્રીરામની એક કાળા રંગની મૂર્તિ છે. જે બિજા દિવસે પાણીમાંથી કાઢી મંદિરમાં સ્થાપિત કરી હતી.

## તેલંગાણાનું સીતા રામચંદ્રસ્વામી મંદિર



શ્રીરામનું આ મંદિર તેલંગાણાના ભદ્રાદી કોઠાગુડેમના ભદ્રાચલમમાં સ્થિત છે. આ મંદિર ત્યાં સ્થિત છે, જ્યાં ભગવાન શ્રીરામ લંકાથી માતા સીતાને પાછા લાવવા માટે ગોદાવરી નદીને પાર કરી હતી. આ મંદિરમાં ભગવાન રામના ધનુષ અને બાણ સાથે ત્રિભંગા રૂપમાં સ્થાપિત છે.

## મધ્યપ્રદેશનું રામ રાજા મંદિર



મધ્યપ્રદેશના ઓરછામાં સ્થિત આ મંદિર એક માત્ર એવું મંદિર છે. જ્યાં ભગવાન શ્રીરામની રાજા તરીકે પૂજા થાય છે. અહીં દરેક દિવસે ગાર્ડ ઓફ ઓનર આપીને ભગવાન શ્રી રામને શસ્ત્ર સલામી આપવામાં આવે છે.

## કનક ભવન અયોધ્યા



આ મંદિર શ્રીરામ જન્મભૂમિથી થોડેક દૂર સ્થિત છે. સોનાના આભૂષણ અને સ્વર્ણ સિહાંસન હોવાને લીધે તેને કનક ભવન કહેવામાં આવે છે. આ મંદિરની મુખ્ય દિવાલ પૂર્વ દિશા તરફ છે. જ્યારે પણ સૂર્યોદય થાય છે ત્યારે દીવાલ તેજસ્વી લાગે છે.

## અમૃતસરનું શ્રીરામ તીર્થ મંદિર



શ્રીરામનું આ મંદિર પંજાબના અમૃતસરમાં સ્થિત છે. આ મંદિર ત્યાં બનેલું છે જ્યાં માતા સીતાએ લવ કુશને જન્મ આપ્યો હતો.

## ચિકમંગલૂરનું કોન્ડાન્ડા રામાસ્વામી મંદિર



ચિકમંગલૂરનું કોન્ડાન્ડા રામાસ્વામી મંદિર ખૂબ જ અનોખું છે. એવી માન્યતા છે કે, હિરામંગલૂરમાં પરશુરામે ભગવાન શ્રીરામને તેમના લગ્નનું દ્રશ્ય બતાવવાનો અનુરોધ કર્યો હતો. જેને લીધે કોન્ડાન્ડામાં રમાસ્વામીની મૂર્તિ હિન્દુ વિવાહ સમારોહની પરંપરાઓ અનુસાર સ્થિત છે. આ એકમાત્ર એવું મંદિર છે જ્યાં માતા સીતા ભગવાન રામ અને લક્ષ્મણના જમણી બાજુ ઊભા છે.

# વેલેન્ટાઈન ડે પર હટકે દેખાવા ખાસ છે રેડ ડ્રેસ, લેટેસ્ટ ડિઝાઈન અને પછી ટ્રાય કરો

લાલ રંગ દેખાવમાં એકદમ ક્લાસી અને રોમેન્ટિક લાગે છે, પરંતુ તેને કેરી કરવો એકદમ સરળ નથી. તેને પહેરવા માટે જરૂરી છે યોગ્ય રીતે સ્ટાઈલ કરવું. વેલેન્ટાઈન ડે હવે બહુ નજીક છે. કપલ્સ માટે આ દિવસ ખૂબજ મહત્વનો ગણાય છે. એ વાત તો આપણે સૌ જાણીએ જ છીએ કે, આ દિવસે સૌને સ્ટાઈલિશ દેખાવું ગમતું હોય છે. તો વેલેન્ટાઈન ડે પર મોટાભાગના લોકો લાલ રંગના વેસ્ટર્ન ડ્રેસ પહેરવાનું જ પસંદ કરતા હોય છે. સાથે-સાથે તેને સ્ટાઈલ પણ કરવામાં આવે છે. જો તમે પણ તમારા પાર્ટનર સાથે વેલેન્ટાઈન ડે પર ડેટ પર જઈ રહ્યા હોવ તો, આ આર્ટિકલને અંત સુધી ચોક્કસથી વાંચજો. આ આર્ટિકલમાં અમે તમને જણાવશું, રેડ રંગની વેસ્ટર્ન ડ્રેસ ડિઝાઈન્સ જેને તમે વેલેન્ટાઈન ડે પર સ્ટાઈલ કરી શકો છો અને દેખાઈ શકો છો એકદમ સુંદર અને સ્ટાઈલિશ.



### ફ્લેયર ડ્રેસ

આવા ડ્રેસ સાથે તમે પહોળો બેલ્ટ પણ કેરી કરી શકો છો. આ પ્રકારના ડ્રેસ સાથે તમે પંપ્સ હીલ્સ કેરી કરી શકો છો. ઉલ્લેખનિય છે કે, આવો ડ્રેસ તમને બજારમાં લગભગ 500 રૂપિયાથી લઈને 1000 રૂપિયા સુધીમાં સરળતાથી મળી જશે.

### સીક્વેન ડ્રેસ

જો તમે વેલેન્ટાઈન ડેના દિવસે કોઈ પાર્ટીમાં જઈ રહ્યા હોવ તો આ પ્રકારના સીક્વેન શોર્ટ ડ્રેસને સ્ટાઈલ કરી શકો છો. આવા ડ્રેસ સાથે વાળ માટે ઓપન વેવી હેર સ્ટાઈલ પસંદ કરો. સાથે-સાથે તમે ઈચ્છો તો, લેધર બૂટ્સ સાથે તમારા લુકને બોલ્ડ બનાવી શકો છો. આવો ડ્રેસ તમને બજારમાં લગભગ 800 રૂપિયાથી લઈને 1000 રૂપિયા સુધીમાં મળી જશે.

### ફ્લોરલ ડ્રેસ

વેલેન્ટાઈન ડેના દિવસે તમે ઈચ્છો તો ફ્લોરલ પેટર્નમાં પણ વેસ્ટર્ન ડ્રેસ ખરીદી શકો છો. આ પ્રકારના ડ્રેસ સાથે તમે વાળ માટે હાઈ પોનીટેલ હેર સ્ટાઈલ પસંદ કરી શકો છો. સાથે-સાથે આ પ્રકારનો શોર્ટ ડ્રેસ તમને લગભગ 500 રૂપિયાથી લઈને 800 રૂપિયા સુધીમાં સરળતાથી મળી જશે.



# બજારમાં ધૂમ વેચાઇ રહ્યું છે નકલી સરસિયાનું તેલ, આ રીતે ઓળખી લો અસલી છે કે નહીં..

રસોડામાં જમવાનું બનાવતી વખતે અનેક લોકો સરસિયાના તેલનો ઉપયોગ કરતા હોય છે. સરસિયાનું તેલ હેલ્થ માટે અનેક રીતે ગુણકારી છે. સરસિયાના તેલથી હેલ્થને લગતી અનેક સમસ્યાઓ દૂર થાય છે. ઘણાં લોકો સ્કિન કેરમાં પણ સરસિયાના તેલનો ઉપયોગ કરતા હોય છે. સરસિયાનું તેલ વાળનો ગ્રોથ વધારવામાં મદદ કરે છે. પરંતુ માર્કેટમાં નકલી સરસિયાના તેલનું પણ એટલું જ વેચાણ થાય છે. નકલી સરસિયુ હેલ્થને અનેક રીતે નુકસાન પહોંચાડે છે. આ માટે સરસિયાના તેલ લેવા જાવો ત્યારે ખાસ એ ચેક કરી લો કે અસલી છે કે નકલી. તો જાણો આ તેલની ઓળખ કેવી રીતે કરશો.

રસિયાના તેલમાં કોઈ મિલાવટ છે કે નહીં એ ચેક કરવા માટે તમે ફ્રિજનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમે સરસિયાનું તેલ ફ્રિજમાં મુકી દો. થોડી વાર રહીને અસલી સરસિયાનું તેલ છે કે નહીં એ તમને જાણ થઈ જશે. જો તેલ નકલી હશે તો સફેદ રંગના પાર્ટિકલ્સ તરવા લાગશે, જેનાથી તમે સમજી શકો છો કે સરસિયાનું તેલ નકલી છે.

### રબિંગ ટેસ્ટ કરો

સરસિયાનું તેલ શુધ્ધ છે કે એ નહીં ચેક કરવા માટે તમે રબિંગ ટેસ્ટનો ઉપયોગ કરી શકો છો. આ માટે સરસિયાનું તેલ હથેળી પર લો અને હવે બન્ને હાથથી ભાર આપીને રબ કરો. એવામાં સરસિયાનું તેલ મિક્સ હોય તો માત્ર સ્મેલ જ નહીં પરંતુ એનો કલર પણ ચેન્જ થઈ જશે. આ સાથે અસલી સરસિયાનું તેલ સ્કિન પર ચોંટશે નહીં.

### કલર ટેસ્ટ ટ્રાય કરો

અસલી અને નકલી સરસિયાનું તેલ ચકાસવા માટે તમે ઘરે કલર ટેસ્ટ પણ ટ્રાય કરી શકો છો. આ માટે ટેસ્ટ ટ્યૂબમાં 5 ગ્રામ સરસિયાનું તેલ લો. હવે આમાં નાઈટ્રિક એસિડ મિક્સ કરો. પછી ટેસ્ટ ટ્યૂબને થોડી વાર માટે હલાવો. આનાથી અસલી અને નકલીના રંગનો અંદાજો આવી જશે. જો તેલ નકલી હશે તો તરત જ સરસિયાનો તેલનો રંગ લાલ થઈ જશે. અસલી તેલનો રંગ નારંગી તેમજ પીળા રંગનો નજર આવશે



# દેશના 5 સૌથી સસ્તા ફેમસ બજાર, અહીં ઓછા બજેટમાં કરો મોટું શોપિંગ

શોપિંગના શોખીલ લોકો ઘણીવાર દેશના અલગ-અલગ માર્કેટ એક્સપ્લોર કરવાનું પસંદ કરે છે. જેમાં દેશના કેટલાક માર્કેટ તેની ખાસિયત માટે જાણિતા છે. પણ અમે તમને દેશના સૌથી સસ્તા અને ફેમસ માર્કેટ વિશે જણાવીએ જ્યાં તમે ઓછા બજેટમાં મોટું શોપિંગ કરી શકો છો.

### ક્રોફર્ડ માર્કેટ

મુંબઈનું ક્રોફર્ડ માર્કેટ ટ્રેન્ડી અને લેટેસ્ટ આઈટમની ખરીદી માટે જાણિતું છે. મુંબઈના સૌથી જૂના બજારમાંથી એક ક્રોફર્ડ માર્કેટમાં તમે ઈમ્પોર્ટેડ ચોકલેટ, કટલરી, બ્યૂટી પ્રોડક્ટ્સ, સ્ટાઈલિશ ડ્રેલ, પરફ્યૂમ અને ગ્રોસરીની શોપિંગ કરી શકો છો.

### જોહરી માર્કેટ

રાજસ્થાનના જોધપુર સ્થિત જોહરી બજારનું નામ દેશના સૌથી ચીપ માર્કેટમાં પહેલાં નંબરે છે. હવા મહેલ પાસે આવેલાં આ માર્કેટનમાં મિરર વર્ક જ્વેલરી, રાજસ્થાની હેન્ડી ક્રાફ્ટ, ઈન્ટ્રીકેટ એમ્બ્રોયડરી, ફર્નિશિંગ આઈટમ્સ અને હોમ ડેકોરેશનનો સામાન ખૂબ જ સસ્તા ભાવે મળે છે.

### ચાંદની ચોક બજાર

દિલ્હીના ચાંદની ચોક બજાર પણ દેશનું સૌથી સસ્તુ માર્કેટ ગણાય છે. જૂની દિલ્હીમાં આવેલાં આ માર્કેટમાં તમે ટ્રેડિશનલ જ્વેલરી, બ્રાઈડલ લહેંગા, એથનિક ડ્રેસ, સૂકો મેવો, ઈલેક્ટ્રોનિક આઈટમ્સ અને શુદ્ધ મસાલો ખરીદી શકો છો.

### સુરત ટેક્સટાઇલ માર્કેટ

ગુજરાતમાં સ્થિત સુરત સિટી દેશના ટેસ્કટાઈલ માર્કેટનું કેપિટલ કહેવાય છે. સુરત દેશનું સૌથી મોટું કાપડ બજારમાંથી એક છે. ભારતમાં ઉપયોગ થતાં 90 ટકા પોલિસ્ટર સૂરતથી જ આવે છે. એવામાં સૂરત ટેક્સસ્ટાઈલ માર્કેટમાં તમને સસ્તા ભાવે કઢાઈખરીદી શકો છો.

### ન્યૂ માર્કેટ

પશ્ચિમ બંગાળના કોલકાતામાં દેશનું સૌથી સસ્તુ અને ફેમસ માર્કેટ આવ્યું છે. ન્યૂ માર્કેટના નામથી ફેમસ આ બજારમાં તમે બંગાળના પારંપારિક વણાટવાળી સાડી ખરીદી શકો છો. આ સાથે જ બ્રાઈડલ શોપિંગ અને રંગબેરંગી બંગડી ખરીદવા માટે પણ ન્યૂ માર્કેટ જઈ શકો છો.



# Goaમાં મંજૂરી વગર પ્રવાસીઓ સાથે સેલ્ફી લઈ શકાશે નહીં, સરકારે જાહેર કરી એડવાઇઝરી

હવે તમે જ્યારે પણ ગોવા જાવ તો બીજા પ્રવાસીઓ સાથે તેમની મંજૂરી વગર સેલ્ફી ના લેતાં, નહીં તો તમે મુશ્કેલીમાં પડી શકો છો. ગોવા સરકારે પર્યટન મંત્રાલયની એક એડવાઈઝરી જાહેર કરી છે. પ્રવાસીઓની પ્રાઈવસીનું ધ્યાન રાખી સરકારે આદેશ કર્યો છે. આ એડવાઈઝરીમાં એવું કહેવામાં આવ્યું છે કે, ગોવા ફરવાં આવતાં પ્રવાસીઓએ કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે તેની મંજૂરી વગર સેલ્ફી લેવી નહીં. ખાસ તો દરિયા કિનારે તરતા હોય અથવા બિચ પર આરામ કરતાં હોય તે આ વાતનું ધ્યાન રાખવું અને તેમની પ્રાઈવસીનું સન્માન કરવું. પ્રવાસીઓની સુરક્ષા અને ચિટિંગથી બચવા સરકારે આ આદેશ આપ્યા છે.

ગોવાના ટૂરિઝમ મંત્રાલયે એક એડવાઈઝરી જાહેર કરી છે. આ એડવાઈઝરીમાં ખતરનાક જગ્યા જેવી કે, ઊંચા પહાડો હોય અથવા દરિયાની વચ્ચે આવેલી જગ્યા. આ દરેક સ્થળે સેલ્ફી પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ સાથે જ પ્રવાસીઓ હેરિટેજ જગ્યાને નુકસાન પહોંચાડે અથવા તેની સાથે છેડછાડ પણ કરી શકશે નહીં. એડવાઈઝરી મુજબ કોઈ પણ ગેરકાયદે ખાનગી ટેક્સીને ભાડા પર ના લે અને ટેક્સી ડ્રાઈવરને મીટરથી જ ચાલવાનું કહે જેથઈ વધુ રૂપિયાની ચૂકવણી કરવી પડે નહીં.

ટૂરિઝમ મંત્રાલયે કહ્યું કે, રજિસ્ટર હોટેલ અને વિલામાં પ્રવાસીઓએ રોકાવવું. જાહેરમાં દારૂ પીવો નહીં. જોકે, રેસ્ટોરામાં દારૂ પી શકાય છે. ગોવામાં દર વર્ષે લાખો લોકો ફરવા આવે છે. એવામાં સરકારે ટ્રાન્સપોર્ટ વિભાગ પાસે રજિસ્ટર્ડ વ્હીકલને ભાજે આપવાનો આદેશ આપ્યો છે. હોટેલમાં રહેવા અને વોટર સ્પોર્ટ્સ માટે ગેરકાયદે એજન્ટ હાયર ના કરવા અને માત્ર રજિસ્ટર્ડ એજન્ટની મદદ લેવી. ટૂરિઝમ મંત્રાલયે જાહેરમાં ખાવા માટે પણ પ્રતિબંધ લગાવ્યો છે. જે આવું કરશે તેના પર 50 હજાર રૂપિયાનો દંડ થશે.

# હાર્દિક બીજો ધોની બનવા માંગે છે, કહ્યું- માહી જેવી ભૂમિકા ભજવવામાં કોઈ વાંધો નથી.”




ગુજરાત | વંદન

ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાનું માનવું છે કે તેણે પ્રેશર સામે ટકી રહેવાની ક્ષમતા વિકસાવી છે અને તેને ટીમ માટે મહાન મહેન્દ્રસિંહ ધોની જેવી ભૂમિકા ભજવવામાં કોઈ સમસ્યા નથી. 29 વર્ષીય ઓલરાઉન્ડર તેની બેટિંગ માટે જાણીતો છે પરંતુ તાજેતરમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ સામેની ટી -20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં ટીમનું નેતૃત્વ કરનારા આ ખેલાડીએ કહ્યું કે તેણે ઈનિંગ્સને સંભાળવાનું શીખી લીધું છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના ઉત્તરાર્ધમાં આવી ભૂમિકા ભજવતો હતો. ત્રીજી ટી-20 ઈન્ટરનેશનલમાં ન્યૂઝીલેન્ડ સામે 168 રનથી વિજય મેળવીને શ્રેણી 2-1થી જીતનારા ભારતીય કેપ્ટને કહ્યું કે, “મારે બીજી રીતે જવાબદારી લેવી પડશે. જ્યાં મેં હંમેશા ભાગીદારીમાં વિશ્વાસ કર્યો છે. હું મારી ટીમ અને અન્ય લોકોને વધુ આત્મવિશ્વાસ અને ખાતરી આપવા માંગુ છું કે ઓછામાં ઓછું હું ત્યાં છું, “તેમણે કહ્યું. તેથી અનુભવથી હું દબાણને સંભાળવાનું અને દરેક પરિસ્થિતિમાં ટીમમાં વાતાવરણ શાંત રહે તે સુનિશ્ચિત કરવાનું શીખી ગયો છું.

ધોની તેના શાંત વર્તન માટે જાણીતો છે અને હાર્દિક માને છે કે, હવે બેટ્સમેન તરીકે લેજન્ડરી વિકેટકિપરના સ્થાને તેની જવાબદારી છે. આ રોલ નિભાવવા માટે તે પોતાનો સ્ટ્રાઈક-રેટ ઓછો કરવાની તૈયારીમાં છે. “આ રીતે, કદાચ મારે મારો સ્ટ્રાઈક રેટ ઘટાડવો પડશે અથવા નવો પડકાર લેવો પડશે. એવું કંઈક છે જે હું બનતું જોઉં છું. મને માહી ભાઈ જેવી ભૂમિકા ભજવવામાં કોઈ વાંધો નથી.” હાર્દિકે કહ્યું કે, તેણે 87 ટી-20 મેચમાં 142.17ની સ્ટ્રાઈક રેટથી 1271 રન બનાવ્યા છે. “પ્રામાણિકપણે કહું તો, મને છગ્ગા ફટકારવાનું પસંદ છે પરંતુ એક ખેલાડી તરીકે તમારે વધુ સારું થતું રહેવું પડશે. મારે એક અલગ જ ભૂમિકા ભજવવાની છે અને હું બેટિંગ કરતી વખતે ભાગીદારીમાં માનું છું.

હાર્દિકે કહ્યું કે અત્યારે તેનું સંપૂર્ણ ધ્યાન આગામી વનડે અને ટી-20 વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને મર્યાદિત ઓવરોના ક્રિકેટ પર છે. તેણે પોતાની છેલ્લી ટેસ્ટ 2018માં ઓસ્ટ્રેલિયા સામે રમી હતી. તેણે 2019માં સર્જરી કરાવી હતી અને ત્યાર બાદ તે રમતના સૌથી લાંબા ફોર્મેટ માટે ટીમની બહાર છે. “જ્યારે મને લાગશે કે મારા માટે ટેસ્ટ ક્રિકેટ રમવાનો આ યોગ્ય સમય છે ત્યારે હું પાછો આવીશ. હાલ તો હું વ્હાઈટ બોલ ક્રિકેટ પર ધ્યાન આપી રહ્યો છું, જે મહત્વનું છે.

# ટેસ્ટ ક્રિકેટમાં રવિચંદ્રન અશ્વિનનો ડંકો, 1 વિકેટ અને ઐતિહાસિક રેકોર્ડ તેના નામે




ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 9 ફેબ્રુઆરીથી બોર્ડર ગાવસ્કર ટ્રોફી શરૂ થઈ રહી છે. પ્રતિષ્ઠિત શ્રેણી દરમિયાન તમામ ક્રિકેટ પ્રેમીઓની નજર અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિન પર કેન્દ્રિત રહેશે. જો તે પ્રથમ મેચ દરમિયાન વિકેટ લેવામાં સફળ થાય છે, તો તે એક વિશેષ સિદ્ધિ હાંસલ કરશે.

વાસ્તવમાં, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી 450 વિકેટ લેવાની સિદ્ધિ શ્રીલંકાના પૂર્વ સ્પિનર મુથૈયા મુરલીધરનના નામે છે. મુરલીધરને 80મી મેચમાં 450 વિકેટ લેવાનું કારનામું કર્યું છે. આ પછી બીજા સ્થાને પૂર્વ ભારતીય સ્પિનર અનિલ કુંબલેનું નામ આવે છે. કુંબલેએ 93મી ટેસ્ટમાં 450 વિકેટના રેકોર્ડને સ્પર્શ કર્યો હતો.

જો રવિચંદ્રન અશ્વિન ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે નાગપુરમાં 9 થી 13 ફેબ્રુઆરી દરમિયાન રમાનારી પ્રથમ ટેસ્ટ મેચમાં વિકેટ લેવામાં સફળ રહેશે તો તે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી 450 વિકેટ લેવાના મામલે અનિલ કુંબલેને પાછળ છોડી દેશે. આ સાથે તે 450 ટેસ્ટ વિકેટ લેનારો ભારતનો પ્રથમ અને વિશ્વનો બીજો સૌથી ઝડપી બોલર બની જશે.

રવિચંદ્રન અશ્વિનની ટેસ્ટ ક્રિકેટ કારકિર્દીની વાત કરીએ તો તેણે ટીમ માટે 88 મેચ રમીને 166 ઈનિંગ્સમાં 24.3ની એવરેજથી 449 વિકેટ ઝડપી છે. ટેસ્ટ ક્રિકેટમાં અશ્વિને 30 વખત પાંચ વિકેટ અને સાત વખત 10 વિકેટ લેવાની સિદ્ધિ છે. ટેસ્ટ ક્રિકેટમાં અશ્વિનનું સર્વશ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન 59 રનમાં સાત વિકેટ છે.

# ક્રિકેટર દીપક ચહરની પત્ની સાથે 10 લાખની છેતરપિંડી થઈ




ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટર દીપક ચહરની પત્ની જયા ભારદ્વાજ સાથે 10 લાખની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. ક્રિકેટરના પિતા લોકેન્દ્ર ચહરે હરિપર્વત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આરોપ છે કે હૈદરાબાદના રહેવાસી ધ્રુવ પારીક અને કમલેશ પારિકે બિઝનેસના નામે 10 લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે.

જણાવી દઈએ કે દીપક ચાહરનો પરિવાર શાહગંજ વિસ્તારની માન સરોબર કોલોનીમાં રહે છે. આરોપીઓ હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનના પદાધિકારી રહી ચૂક્યા છે. આરોપીએ સંજય પ્લેસમાં લેવડદેવડ કરી હતી. 7 ઓક્ટોબર 2022ના રોજ 10 લાખ રૂપિયા લીધા. ફરિયાદ મુજબ આજદિન સુધી પૈસા પરત કરવામાં આવ્યા નથી.

# ધોની બન્યો પોલીસ અધિકારી ! ચાહકો બન્યા ગાંડાતૂર



મહાન ભારતીય કેપ્ટન એમ.એસ.ધોની આઈપીએલ માટે ખૂબ જ પરસેવો પાડી રહ્યા છે. હવે તેની એક નવી તસવીર વાયરલ થઈ રહી છે જેમાં તે પોલીસ અધિકારીના રૂપમાં જોવા મળી રહ્યા છે. ધોની સેના લેફ્ટેનન્ટ કર્નલનો માનદ રેન્ક ધરાવી રહ્યા છે તે વાત પણ નોંધનીય છે. આ તસવીર કોઈ જાહેરાતની હોય તેવું લાગી રહ્યું છે. તસવીરમાં ધોની સાથે અન્ય પોલીસ કર્મીઓ જોવા મળી રહ્યા છે. તસવીર વાયરલ થયા બાદ ચાહકોએ કોમેન્ટનો ભરપૂર મારો ચલાવ્યો હતો. હવે ધોની કોની જાહેરાત કરી રહ્યો છે તેના માટે ચાહકોએ થોડો સમય રાહ જોવી પડશે.

# GOAT લિયોનેલ મેસ્સીના ફૂટબોલમાંથી નિવૃતિના સંકેત




## ગત વર્ષે આર્જેન્ટિનાને વિશ્વચેમ્પિયન બનાવ્યો હતો

ગુજરાત | વંદન

ફૂટબોલ જગતના સૌથી મહાન ખેલાડી તરીકે નામના પ્રાપ્ત કરેલ અને તાજેતરમાં જ ફૂટબોલ ફીફા વર્લ્ડકપ જીતવાનું સપનું સાકાર કર્યા બાદ ‘THE GOAT’ લિયોનેલ મેસ્સીએ નિવૃતિના સંકેત આપ્યા છે. જોકે તેમણે અગાઉ જ જાહેર કરી દીધુ હતું કે, કતારમાં યોજાનાર વર્લ્ડ કપ મારી કારકીર્દીનો અંતિમ વર્લ્ડ કપ હશે.

મેસ્સી જણાવ્યું કે, તેમણે પોતાના જીવનમાં બધુ જ મેળવ્યુ છે. મારી મહત્વાકાંક્ષા અનુરૂપ મેં સમસ્ત મેળવી લીધુ છે તેથી હવે વધુ કોઈ ચાહના રહી નથી. જોકે, તેમના તરફથી આધિકારીક રીતે ખુલીને કઈ કહેવામાં નથી આવ્યુ પરંતુ લાગી રહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં નિવૃતિનું એલાન કરી શકે છે. મેસ્સીની કેપ્ટનસી હેઠળ આર્જેન્ટિનાએ ગયા વર્ષે કતારમાં રમાયેલા વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો.

આર્જેન્ટિનાના કેપ્ટને કહ્યું કે, હું સમાપ્તીના સમય તરફ આગળ વધી રહ્યો છું. મારી કારકિર્દીનો સુખદ અંત નજીક જણાય છે. નેશનલ ટીમ સાથે મેં જે પણ સપનું જોયું હતું તે બધું મેં પૂરું કર્યું છે. મેં મારી કારકિર્દીમાં બધું જ હાંસલ કર્યું છે. અંગત રીતે મારે મારી કારકિર્દીનો અંત અલગ રીતે લાવવો હતો અને તે સપનું સાકાર થયું છે.

મેસ્સીએ વધુમાં કહ્યું કે, જ્યારે મેં રમવાનું શરૂ કર્યું ત્યારે મેં વિચાર્યું ન હતું કે, મારા જીવનમાં મને આટલુ બધુ પ્રાપ્ત થશે. અહીં સુધી આવવું એક શ્રેષ્ઠ સફર રહી છે. હવે હું કંઈપણ માંગી ન શકુ અને મને કોઈ ફરિયાદ પણ નથી. અમે 2021માં કોપા અમેરિકા જીત્યા અને બાદમાં વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો છે. હવે હાંસલ કરવા માટે કંઈ બાકી નથી રહ્યું.

# ભારત સામેની ટેસ્ટ શ્રેણી પહેલા અમે જાણી જોઈને પ્રેક્ટિસ મેચ નથી માંગી: સ્ટીવ સ્મિથ




ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેન અને ભુતપૂર્વ કેપ્ટન સ્ટિવ સ્મિથે ચોંકાવનારું નિવેદન કર્યું છે કે આગામી ૯ ફેબ્રુરઆરીથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટની શ્રેણીની પ્રથમ ટેસ્ટ રમાશે તે અગાઉ ભારતમાં એકપણ પ્રેક્ટિસ મેચ નહીં રમવાનો અમે યોગ્ય નિર્ણય લીધો છે.

સ્ટિવ સ્મિથે આ અંગેનું કારણ આપતા જણાવ્યું કે ‘ભુતકાળમાં મેં ભારત ટેસ્ટ શ્રેણી રમવા બે પ્રવાસ ખેડયા છે. બંનેમાં અમે હાર્યા હતા. આ શ્રેણી અગાઉ અમને પ્રેક્ટિસ મેચમાં ગ્રીન ટોપ પીચ એટલે કે ફાસ્ટ બોલરોને અનુકૂળ પીચ આપવામાં આવી હતી પણ ટેસ્ટ શ્રેણીમાં ડ્રાય અને સ્પિનરોને ખૂબ જ મદદ કરતી પીચ આપવાાં આવી હતી. આમ ભારતમાં આ રીતે જ ભેદ રાખીને પ્રેક્ટિસ મેચ રમવાની હોય તેનો કોઈ અર્થ કે ફાયદો નથી. તેના કરતા ઓસ્ટ્રેલિયામાં સીડનીમાં જ ભારતની સ્પિનરોને માટે ફાવટ આપે તેવી ખાસ પીચ બનાવીને અમે સ્પિનરોને આમંત્રણ આપીને મહત્તમ પ્રેક્ટિસ કરી છે.’ સ્ટિવ સ્મિથે એમ પણ કહ્યું હતું કે ભારતના પ્રવાસે પહોંચ્યા પછી પણ જે દિવસો પ્રથમ ટેસ્ટ અગાઉ મળશે તેમાં પ્રેક્ટિસ મેચની જગ્યાએ નેટ પ્રેક્ટિસ અને ફિઝિકલ ટ્રેનિંગને પ્રાધાન્ય આપીશું.

# રવિન્દ્રએ તિલક વર્માને ક્રિકેટ ઈન્ડિયાના ફ્યુચર સ્ટાર ગણાવ્યાં

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ સોશિયલ મીડિયા પર એક સેલ્ફી શેર કરી છે જેમાં તેમની સાથે એક ખેલાડી જોવા મળી રહ્યા છે. જાડેજાએ આ ખેલાડીને ટીમ ઈન્ડિયાના ફ્યુચર સ્ટાર ગણાવ્યા છે. લેફ્ટ હેન્ડ બેટર જાડેજા અત્યારે ઓસ્ટ્રેલિયા સામે આગામી બોર્ડર ગાવસ્કર ટ્રોફીની તૈયારીઓમાં કાર્યરત છે. જાડેજાએ તાજેતરમાં જ ઈજાથી ઉભરીને ફિટનેસ પ્રાપ્ત કરવા માટે રણજી ટ્રોફી રમી હતી જ્યાં તેમણે સૌરાષ્ટ્ર તરફથી તમિલનાડુ સામે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતુ.

34 વર્ષીય રવીન્દ્ર જાડેજાએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પેજ પર તિલક વર્માની સાથે એક સેલ્ફી શેર કરી છે. જાડેજાએ ફોટોના કેપ્શનમાં લખ્યુ, ‘ભારતના ફ્યુચરની સાથે ચિલ કરતા’... ફોટોમાં બંનેના ચહેરા પર સ્માઈલ છે. હૈદરાબાદ તરફથી ઘરેલૂ ક્રિકેટ રમતા તિલક વર્માએ આઈપીએલના ડેબ્યુ સિઝનમાં પોતાના દમદાર બેટિંગથી તમામને પ્રભાવિત કર્યા હતા. તેમણે આઈપીએલ 2022માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી હાજરી આપી હતી.



## તિલક વર્માએ 14 મેચમાં 397 રન ફટકાર્યા

IPLની 15મી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યુ નહોતુ પરંતુ તિલકે પોતાની બેટિંગથી દિગ્ગજોને દિવાના બનાવી દીધા હતા. 20 વર્ષીય લેફ્ટ હેન્ડ બેટર તિલકે ગયા વર્ષે આઈપીએલની 14 મેચમાં 2 અડધી સદીની મદદથી કુલ 397 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેમનો સ્ટ્રાઈક રેટ 131નો રહ્યો હતો. આઈપીએલમાં તેમનો બેસ્ટ સ્કોર 61 રન રહ્યો હતો.

# ભારતને T20 વર્લ્ડ કપ જીતાડનાર જોગીન્દર શર્માએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી લીધો સંન્યાસ

ગુજરાત | વંદન

વર્ષ 2007માં ભારતીય ટીમે મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ટી20 વર્લ્ડ કપ જીત્યો હતો. બધાને યાદ છે જોગીન્દર શર્મા, જે તે વર્લ્ડ કપમાં ફાઈનલના હીરો હતા. જોગીન્દર શર્માએ હવે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. શુક્રવારે 39 વર્ષીય જોગીન્દર શર્માએ



ટ્વિટર પર નિવૃત્તિની જાહેરાત કરી.


હરિયાણાના રોહતકથી આવેલા જોગીન્દર શર્માએ ભારત માટે માત્ર 4 ODI અને 4 T20 મેચ રમી છે. ખાસ વાત એ છે કે તેણે પોતાના કરિયરની તમામ ટી20 મેચો માત્ર વર્લ્ડ કપમાં જ રમી અને ઈતિહાસ રચાઈ ગયો. જ્યારે તેણે 2004માં ભારત માટે ODI ડેબ્યૂ કર્યું હતું અને 2007માં છેલ્લી ODI રમી હતી. જોગીન્દર શર્મા હાલમાં હરિયાણા પોલીસમાં ડીએસપી તરીકે તૈનાત છે, તે થોડા સમય પહેલા હરિયાણા તરફથી રણજી ટ્રોફી પણ રમી રહ્યો હતો.

# આફ્રિકામાં રમાયેલી ટી20 ફ્રેન્ચાઇઝી લીગની બાકી મેચોમાં ધમાલ મચાવશે તેમ્બા બવુમા

## સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે તેમ્બાને પોતાની સ્ક્વૉડમાં સામેલ કર્યો

ગુજરાત | વંદન

## પૉઇન્ટ ટેબલમાં બીજા નંબર પર છે સનરાઇઝર્સ



સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ હાલમાં SA20 પૉઈન્ટ ટેબલમાં બીજા નંબર પર છે, આવામાં તેના નૉકઆઉટ સ્ટેજમાં પહોંચવાના પુરેપુરા ચાન્સ છે. સનરાઈઝર્સની પાસે 8 મેચોમાં 17 પૉઈન્ટ છે, અહીં પહેલા નંબર પર પ્રીટૉરિયા કેપિટલ્સ છે, કેપિટલ્સ માત્ર 7 મેચોમાં 23 પૉઈન્ટ હાંસલ કરી ચૂકી છે.

દક્ષિણ આફ્રિકાની ટી20 અને વનડે ટીમના કેપ્ટન તેમ્બા બવુમા છેલ્લા કેટલાય સમયથી બેટિંગમાં કંઇ ખાસ નથી કરી શક્યો. આ કારણે તેને દક્ષિણ આફ્રિકામાં રમાઇ રહેલી ટી20 ફ્રેન્ચાઈઝી લીગ (SA20) માટે તેના પર કોઈપણ ટીમે દાંવ ન હતો લગાવ્યો, ગયા વર્ષે આ લીગ માટે તે અનસૉલ્ડ રહ્યો હતો, જોકે, હવે ઈંગ્લેન્ડ વિરુદ્ધ વનડે સીરીઝમાં ધમાકેદાર પ્રદર્શનના કારણે તેને SA20 ની ટિકીટ મળી ગઇ છે. સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે તેમ્બા બવુમાને પોતાની સ્ક્વૉડમાં સામેલ કરી લીધો છે. ફ્રેન્ચાઈઝીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમ્બા બવુમા હવે આ લીગની બચેલી મેચોમાં સ્ક્વૉડમાં રહેશે. ઉલ્લેખનીય છે કે SA20 માં હવે ગણતરીની મેચો જ બાકી બચી છે. 11 ફેબ્રુઆરીએ આ લીગની ફાઈનલ મેચ રમાશે.

# એક મેચમાં લેવુ અને બીજી મેચમાં ડ્રોપ કરવું એ ખોટી રીત, સંજુ સેમસનના પક્ષમાં આવ્યું રોબિન ઉથપ્પાનું નિવેદન




ગુજરાત | વંદન

સંજુ સેમસને માત્ર 21 વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. 2015માં તેને ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો. હવે આ ખેલાડી 28 વર્ષનો છે, પરંતુ છેલ્લા સાત વર્ષમાં તેને માત્ર 11 ODI અને 17 T20 મેચ રમવાની તક મળી છે. આ ખેલાડી ટીમની અંદર અને બહાર રહ્યો છે. જો તમે છેલ્લી કેટલીક સિરીઝ પર નજર નાખો તો સંજુ સેમસનનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ તેને સિરીઝની એક પણ મેચ રમવાની તક ભાગ્યે જ મળી છે અને બાકીની મેચોમાં તેને પ્લેઈંગ-11માંથી બહાર રાખવામાં આવ્યો છે. હવે આ અંગે ભારતીય ક્રિકેટર રોબિન ઉથપ્પાનું નિવેદન આવ્યું છે.

રોબિન ઉથપ્પાનું કહેવું છે કે ટીમ મેનેજમેન્ટે સંજુ સેમસનને થોડો વધુ સમય માટે તક આપવી જોઈએ. એક મેચમાં લેવુ અને બીજી મેચમાં ડ્રોપ કરવી એ ખોટી રીત છે. TOI સાથેની વાતચીત દરમિયાન એક પ્રશ્નના જવાબમાં ઉથપ્પાએ આ વાત કહી. ઉથપ્પાએ કહ્યું, ‘તેને થોડો વધુ સમય પ્લેઈંગ-11માં રાખવો જોઈએ. તે ઘણી ક્ષમતા ધરાવતો ઉચ્ચ ગુણવત્તાનો ખેલાડી છે. છેલ્લા ઘણા સમયથી તેને તક મળી નથી. જો તમે તેને નંબર-3 પર ખવડાવવા માંગો છો, તો તેને ઓછામાં ઓછી 5 સતત મેચોમાં તક આપો. જો તમે તેને નંબર-5 પર ઉતારવા માંગો છો, તો તેને આ સ્લોટ પર ઓછામાં ઓછી થોડી તક આપો.

ઉથપ્પા કહે છે, ‘તેને બે-ત્રણ શ્રેણીમાં સતત તક આપો અને પછી જુઓ કે તે કેવું પ્રદર્શન કરે છે. જો તે સારો દેખાવ કરી શકતો નથી તો તમે કહી શકો છો કે તે આંતરરાષ્ટ્રીય સ્તરનો ખેલાડી નથી. પરંતુ જો તમે તેને ટીમમાં પસંદ કરો છો, પછી એક મેચ રમો અને પછી તેને બીજી મેચમાં છોડો અને કહો કે તે સારું નથી રમી રહ્યો, તો તેનાથી ખોટો સંદેશ જાય છે.

# PM મોદીએ ઓસ્ટ્રેલિયન પીએમને આમંત્રણ આપ્યું, અમદાવાદમાં ટેસ્ટ મેચ જોવા આવી શકે

ગુજરાત | વંદન

અમદાવાદમાં બોર્ડર- ગાવસ્કર ટ્રોફી અંતર્ગત ચોથી ટેસ્ટ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 9મી માર્ચે રમાવાની છે. આ મેચ દરમિયાન ભારતના વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની આલ્બાનેસે પણ હાજર રહેશે. પીએમ મોદીએ એન્થની આલ્બાનેસેને આ મેચ જોવા માટેનું આમંત્રણ પાઠવ્યું હોવાની માહિતી મળી છે. આલ્બાનેસે ભારતમાં યોજાનાર ટ્રેડ ડેલિગેશનની સત્તાવાર મુલાકાતે આવનાર છે.

**ચોથી ટેસ્ટ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે**

સિડની ખાતે આલ્બાનેસેએ જણાવ્યું હતું કે, મને ભારતના વડાપ્રધાનના હોમ સ્ટેટમાં યોજાનાર ક્રિકેટ મેચ જોવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વ્યાપારની તકો માટે અમારુ ડેલિગેશન ભારત જઈ રહ્યું છે. ક્રિકેટ લોકો અને તેમની પરંપરાઓને એક સાથે લાવે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દેશમાં વંદે ભારત ટ્રેનબાદ હવે વંદે મેટ્રો શરૂ કરવામાં આવશે

ગુજરાત | વંદન




2024-25 સુધીમાં વંદે મેટ્રો ટ્રેન શરૂ કરશે. તેમાં સુવિધાઓ વંદે ભારત ટ્રેન જેવી જ હશે. એન્જિન સંપૂર્ણપણે હાઈડ્રોજન આધારિત હશે. જેના કારણે પ્રદૂષણ શૂન્ય થશે. નાણા પ્રધાને ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરોને બજેટમાં મોટી ભેટ આપી છે.બજેટની રજૂઆત બાદ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે પણ જાહેરાત કરી હતી કે વંદે ભારત ટ્રેનની સફળતા બાદ હવે ભારતીય રેલવે 2024-25 સુધીમાં વંદે મેટ્રો ટ્રેન શરૂ કરશે.

રેલ્વે પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, વંદે મેટ્રો શહેરોમાં 50-60 કિમીનું અંતર કાપવાનો કોન્સેપ્ટ લઈને આવી રહી છે. આ વર્ષે પ્રોડક્શન અને ડિઝાઈનનું કામ કરવામાં આવશે. આવતા વર્ષથી તેને શરૂ કરવાની યોજના છે. વંદે મેટ્રો 125 થી 130 પ્રતિ કિલોમીટરની ઝડપે દોડશે. તેની ડિઝાઈન મુંબઈ સબ-અર્બનની તર્જ પર કરવામાં આવશે. જો કે વંદે મેટ્રોમાં શૌચાલયની સુવિધા નહીં હોય.

વંદે મેટ્રો ટ્રેન 1950 અને 1960ના દાયકામાં ડિઝાઈન કરાયેલી ઘણી ટ્રેનોનું સ્થાન લેશે. તેની ડિઝાઈન બાબતે હજુ સુધી કોઈ જાણ નથી કરાઈ. પરંતુ એવું માનવામાં આવે છે કે તેમાં સુવિધાઓ વંદે ભારત ટ્રેન જેવી જ હશે. એન્જિન સંપૂર્ણપણે હાઈડ્રોજન આધારિત હશે. જેના કારણે પ્રદૂષણ શૂન્ય થશે. વંદે ભારત ટ્રેનની જેમ આ ટ્રેનમાં પણ આધુનિક બ્રેક સિસ્ટમ, રેડ સિગ્નલ બ્રેકિંગથી બચવા માટે કવચ સેફ્ટી સિસ્ટમ, ઓટોમેટિક ડોર, ફાયર સેન્સર, GPS, LED સ્ક્રીન હશે, જે મુસાફરોને આગલા સ્ટેશન વિશે અગાઉથી જાણ કરશે. આ ટ્રેનનું ભાડું ઘણું ઓછું હશે, જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ મુસાફરી કરી શકશે.

ટ્રેનની ટિકિટમાં વેઈટિંગનો અંત ક્યારે આવશે ? આ પ્રશ્નના જવાબમાં રેલ્વે પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 10 વર્ષ પહેલા દરરોજ 4 કિલોમીટરના નવા ટ્રેક બનાવવામાં આવતા હતા. આજે દરરોજ 12 કિલોમીટરના નવા પાટા નાખવામાં આવી રહ્યા છે. આવતા વર્ષે તેને 16 કિમી સુધી લઈ જવાશે. ઘણા દાયકાઓની ખામીઓને 8 વર્ષમાં પૂરી કરવાનો પ્રયાસ કર્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતને પહોંચી વળવાથી જ માંગ અને પુરવઠાનો તફાવત ઘટશે. આ પછી જ ટિકિટમાં વેઈટિંગ અંગે કઈ કહી શકાય.

ભારતીય રેલવેએ બજેટમાં તેની આવક અને ખર્ચની વિગતો પણ આપી છે. તેણે 2023-24ના બજેટમાં મુસાફરો પાસેથી રૂ. 70,000 કરોડની કમાણીનો અંદાજ મૂક્યો છે. જે ગયા બજેટ સત્રમાં રૂ. 64,000 કરોડ હતો. જ્યારે , આ વર્ષે માલ વહનથી રૂ. 1.79 લાખ કરોડની કમાણી થવાની ધારણા છે. જે ગયા બજેટ સત્રમાં રૂ. 1.65 લાખ કરોડ હતી.

## ઇતિહાસના પાનામાંથી...

5 ફેબ્રુઆરીની મહત્વપૂર્ણ ઘટનાઓ..

664 પ્રખ્યાત ચીની બૌદ્ધ સાધુ હ્યુએન ત્સાંગનું અવસાન.

1679 જર્મન શાસક લિયોપોલ્ડ દ્વારા ફ્રાન્સ સાથે શાંતિ સંધિ પર હસ્તાક્ષર

1783 30000 લોકો ઈટાલીના કેલેબ્રિયામા તીવ્ર ભૂકંપમાં મૃત્યુ પામ્યા.

1870 ફિલાડેલ્ફિયાના થિયેટરમાં પ્રથમ મોશન પિક્ચર દર્શાવાયું

1900 અમેરિકા- બ્રિટન વચ્ચે પનામા કેનાલ કરાર પર હસ્તાક્ષર.

1904 ક્યુબા અમેરિકાના કબજામાંથી મુક્ત થયું.

1917 મેક્સિકોએ નવું બંધારણ અપનાવ્યું.

1922 ગોરખપુર પાસેના ચૌરીચૌરા શહેરમાં ટોળાએ પોલીસ સ્ટેશનને આગ ચાંપતા 22ના મોત

1924 રેડિયો ટાઈમ સિગ્નલ GMT પ્રથમ રોયલ ગ્રીનવિચ પરથી પ્રસારિત

1931 મેક્સીન ડનલોપ પ્રથમ ગ્લાઈડર પાઈલટ બન્યા.

1961 બ્રિટિશ અખબાર સન્ડે ટેલિગ્રાફની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત.

1970 અમેરિકાએ નેવાડામાં પરમાણુ પરીક્ષણ કર્યું.

1994 સારાજેવોના બજારમાં મોર્ટાર બોમ્બ વિસ્ફોટ, 68 લોકોના મોત

2006 ઈરાને યુરેનિયમ સંવર્ધન શરૂ કર્યું.

2007 સુનિતા વિલિયમ્સ પ્રથમ મહિલા જેણે અવકાશમાં સૌથી વધુ સમય વિતાવ્યો.

2010 ભારતીય શૂટર અભિનવ બિન્દ્રાએ નેધરલેન્ડ શૂટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો.

2020 યુ.એસ. સેનેટે યુક્રેન કૌભાંડ કેસમાં ડોનાલ્ડ ટ્રમ્પ સામેની મહાભિયોગની કાર્યવાહીને રદ કરી.

5 ફેબ્રુઆરીએ જન્મેલ વ્યક્તિ..

1990 ભુવનેશ્વર કુમાર - ભારતીય ઝડપી બોલર.

1630 હર રાય - પંજાબના કિરાતપુર, શીખોના સાતમા ગુરુ.

1639 ઝેબુન્નિસા - મુઘલ સમ્રાટ ઔરંગઝેબની પુત્રી

1916 જાનકી વલ્લભ શાસ્ત્રી - પ્રખ્યાત કવિ

1976 અભિષેક બચ્ચન - ફિલ્મ અભિનેતા

1932 શંખ ઘોષ - પ્રખ્યાત બંગાળી કવિ, વિવેચક અને શિક્ષણવિદ

5 ફેબ્રુઆરીના રોજ અવસાન થયું...

2014 - જુથિકા રોય, પ્રખ્યાત ભજન ગાયિકા.

2010-સુજીતકુમાર - ભોજપુરી-હિન્દી ફિલ્મોના પ્રખ્યાત અભિનેતા

2008-મહર્ષિ મહેશ યોગી- પ્રખ્યાત ભારતીય યોગાચાર્ય

1927 - ઈનાયત ખાન - ભારતીય સૂફી સંત

5 ફેબ્રુઆરીના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ

વન સલામતી દિવસ (અઠવાડિયું)

### ટોપ 5માંથી બાઈડેન અને સુનક બહાર

# પીએમ મોદી ફરીથી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે ચૂંટાયા છે. તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક સહિત 16 દેશોના દિગ્ગજ નેતાઓને પાછળ છોડી દીધા છે. મોર્નિંગ કન્સલ્ટની વેબસાઈટ પર જાહેર કરવામાં આવેલી યાદીમાં 78 ટકા વૈશ્વિક લીડર એપ્રુવલ રેટિંગ સાથે પીએમ મોદી ટોચ પર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે ચૂંટાયા છે. PM મોદી મોર્નિંગ કન્સલ્ટની વેબસાઈટ પર જાહેર કરવામાં આવેલી યાદીમાં 78 ટકા વૈશ્વિક લીડર એપ્રુવલ રેટિંગ સાથે ટોચ પર છે. તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેન, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક સહિત 16 દેશોના દિગ્ગજ નેતાઓને પાછળ છોડી દીધા છે.

પીએમ મોદીને વિશ્વભરમાં પુખ્ત વયના લોકોમાં સૌથી વધુ રેટિંગ મળ્યું છે. આ યાદીમાં મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર બીજા સ્થાને છે, જેમને 68 ટકા એપ્રુવલ રેટિંગ મળ્યું છે. જ્યારે ત્રીજા સ્થાને સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ એલેન બેર્સેટ છે, જેમને 62 ટકા એપ્રુવલ રેટિંગ મળ્યું છે. સર્વે અનુસાર, વર્ષ 2021 પછી પીએમ મોદીની લોકપ્રિયતામાં વધુ વધારો થયો છે.

આ લિસ્ટમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન અને બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકને ટોપ ફાઈવમાં સ્થાન મળ્યું નથી. બિડેન આ યાદીમાં 40 ટકા એપ્રુવલ રેટિંગ સાથે છઠ્ઠા ક્રમે છે. બીજી તરફ, સુનકે આ લિસ્ટમાં 30 ટકા એપ્રુવલ રેટિંગ સાથે 10મું સ્થાન મેળવ્યું છે. મોર્નિંગ કન્સલ્ટ દ્વારા દરરોજ 20,000 વૈશ્વિક ઈન્ટરવ્યુ લેવામાં આવે છે. ઈન્ટરવ્યુમાં મળેલા જવાબોના આધારે ગ્લોબલ લીડર વિશેનો ડેટા તૈયાર કરવામાં આવે છે. અમેરિકામાં તેનું સેમ્પલ સાઈઝ 45,000 હજાર છે. બીજી તરફ, અન્ય દેશોના નમૂનાનું કદ 500 થી 5000 ની વચ્ચે છે. દરેક દેશમાં વય, લિંગ, પ્રદેશ અને કેટલાક દેશોમાં શિક્ષણના આધારે સર્વેક્ષણોને મહત્વ આપવામાં આવે છે. અમેરિકામાં જાતિ અને વંશીયતાના આધારે પણ સર્વે કરવામાં આવે છે

# પ્રતિબંધ છતાં દેશભરમાં 23 ટકા યુવાપેઢી ઈ-સિગારેટની ચુંગાલમાં

ગુજરાત | વંદન



વર્ષ 2019માં નાણામંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતાવાળી સમિતિએ ભારતમાં ઈ-સિગારેટનુ વેચાણ, સંગ્રહ અને નિર્માણ પર પ્રતિબંધ લગાવી દેવાયો હતો પરંતુ એક નવા અધ્યયનમા ચોંકાવનારો ખુલાસો થયો છે કે હજુ પણ 23 ટકા યુવા વસ્તી ઈ-સિગારેટનો ઉપયોગ કરી રહી છે. રીપોર્ટમાં એવો પણ સનસનીખેજ ખુલાસો થયો છે કે ઉચ્ચ શિક્ષિત લોકો સૌથી વધુ ઈ-સિગારેટનુ સેવન કરે છે.

અધ્યયનનો નિષ્કર્ષ જર્નલ પ્રિવેન્ટીવ મેડીસીન રીપોર્ટસમાં પ્રકાશિત થયો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર લગભગ 27 ટકા ભારતની વસ્તી તમાકુનુ સેવન કરે છે. દેશમાં પૂર્ણ પ્રતિબંધ હોવા છતાં યુવાનો હજુ પણ ઈ-સિગારેટની ચુંગાલમાં ફસાયા છે.

આઠ ટકા યુવાનોએ બંનેનુ સેવન કર્યુંઃ સંશોધકોએ જણાવ્યુ હતુ કે ઈ-સિગારેટ અને તમાકુના ઉપયોગ, વિજ્ઞાપનના સંપર્કમાં આવવાના આધારે 240 યુવાનોનુ સર્વેક્ષણ કરાયુ હતુ. જેમા 70 ટકાએ તમાકુના સેવનની કબુલાત કરી હતી. જયારે 23 ટકાએ ઈ-સિગારેટનો ઉપયોગ કર્યાના બારામાં જણાવ્યુ હતુ. જયારે 8 ટકાએ સ્વીકાર્યું હતુ કે તેઓ બંનેનો ઉપયોગ કરે છે. શું છે ઈ-સિગારેટઃ ઈ-સિગારેટ અર્થાત ઈલેકટ્રોનિક સિગારેટ બેટરીથી ચાલતુ એક ડીવાઈસ છે. જેમા નિકોટીનની સાથે કેમિકલ ભરેલા હોય છે. જયારે ઉપયોગ કરનાર ઈ-સિગારેટનો કશ ખેંચે છે તો ડીવાઈસમાં રહેલુ દ્રવ્ય વરાળમાં બદલાય છે અને ઈ-સિગારેટમા ધુમાડાની જગ્યાએ વરાળ નીકળે છે.

નુકશાનઃ નિકોટીનની સાથે કેમીકલ્સ અંદર જવાથી ફેફસાના કેન્સરની આશંકા વધી જાય છે. ઈ-સિગારેટની વરાળ ગર્ભમાં વિકસી રહેલા બાળક પર ખરાબ અસર પડે છે. ફલેવરીંગથી રકત સંચાર થાય છે, જેથી હૃદયની બિમારીનો ખતરો વધે છે.

# ગુપ્ત દસ્તાવેજો શોધવા અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડનના નિવાસે ત્રીજી વખત દરોડા પડયા

ગુજરાત | વંદન



અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનના ઘરે ગુપ્ત દસ્તાવેજોને લઈને એફબીઆઈ ત્રીજી વાર ત્રાટકી હતી.જોકે તપાસ દરમ્યાન બાઈડનનાં ઘરમાંથી કોઈ ગુપ્ત દસ્તાવેજ હાથ લાગ્યા નહોતા. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનના આવાસે ગુપ્ત દસ્તાવેજોને લઈને સંઘીય તપાસ બ્યુરો-એફબીઆઈએ ફરી એકવાર ગઈકાલે બુધવારે દરોડા પાડયા હતા.

પરંતુ આ વખતે એફબીઆઈને ખાલી હાથે પાછા ફરવુ પડયુ હતું. બાઈડનના હેલાવેરના રેહોબેથ વચ્ચે આવેલા ઘરની પૂરી તલાસી બાદ કોઈ ગોપનીય દસ્તાવેજો નહોતા મળ્યા. બાઈડનના અંગત વકીલ બોબ બાઉરે જણાવ્યું હતું કે અમેરીકી ન્યાય વિભાગ દ્વારા રાષ્ટ્રપતિનાં રેહોબોથ ખાતેના આવાસમાં યોજનાબદ્ધ રીતે તપાસ થઈ છે.તેમાં કોઈ ગોપનીય દસ્તાવેજો નથી મળ્યા.

આ અગાઉ પણ બાઈડનના ઘેર એફબીઆઈએ રેડ પાડી હતી. આ દરમ્યાન તેમાં ગોપનીય દસ્તાવેજો સંબંધ અનેક ન્ય દસ્તાવેજો મળ્યા હતા. આ દસ્તાવેજો એ સમયના છે જયારે બાઈડન ઉપ રાષ્ટ્રપતિ પદ પર હતા આરોપ હતો કે પદ છોડતી વખતે બાઈડન ગોપનીય દસ્તાવેજ પોતાની સાથે લઈ ગયા હતા. વકીલે જણાવ્યું હતું કે આ તલાસી લગભગ 12 કલાક ચાલી હતી.

## અખિલેશના કાફલાને નડ્યો અકસ્માત, ચાર ગાડી એક સાથે અથડાઈ




ગુજરાત | વંદન

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વસીએમ અખિલેશ યાદવ સાથે જોડાયેલા મોટા સમાચાર સામે આવી રહ્યા છે. યુપીના હરદોઈમાં તેમની કારના કાફલાને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં ચારથી વધુ વાહનો અથડાતા ભારે નુકસાન થયું હતું, સાથે જ અનેક લોકોને ઈજા પહોંચી હોવાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, અખિલેશ યાદવ અહીં હરપાલપુરના બૈથાપુરમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા હતા.

# વામપંથી સરકારનું રેવડી કલ્ચર, શરણે આવો અને મકાન મેળવો

■ માઓવાદીઓને સુધારવા કેરળ સરકારનું અનોખુ પગલુ

ગુજરાત | વંદન



કેરળમાં માઓવાદીઓને આત્મસમર્પણ કરવા અને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરવા સરકારે મોટી જાહેરાત કરી છે. પિનરાઈ વિજયન સરકાર વતી કહેવામાં આવ્યું છે કે આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને પુનર્વસન પેકેજના ભાગરૂપે પેકેજના ભાગ રૂપે ઘર આપવામાં આવશે.

આ યોજના હેઠળ સરકારે તાજેતરમાં જ મુખ્ય પ્રવાહમાં પાછા ફરેલા એક માઓવાદી લિજેશ ઉર્ફે રામુ માટે ઘર બનાવવાનું નક્કી કર્યું છે. સરકારે એર્નાકુલમ જિલ્લાના ક્લેક્ટર અને પોલીસ વડાને રામુના ઘર માટે યોગ્ય જમીન શોધવાનો આદેશ આપ્યો છે. તમને જણાવી દઈએ કે રામુએ થોડા સમય પહેલા જ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

આ સિવાય સરકારે કલેક્ટર, પોલીસ વડા અને પંચાયતના ડેપ્યુટી ડાયરેક્ટરની બનેલી એક સમિતિની પણ રચના કરી છે. આ સમિતિ મકાન નિર્માણની ગતિની તપાસ કરશે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જમીનની ઓળખ કરવામાં અને ઘર બનાવવા માટે વધુમાં વધુ 15 લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે. વર્ષ 2018માં જારી કરાયેલા આદેશ અનુસાર રાજ્ય સરકારે માઓવાદીઓ માટે શરણાગતિ કમ પુનર્વસન પેકેજ લાગુ કરવાની પરવાનગી આપી હતી. આત્મસમર્પણ કર્યા બાદ લિજેશને આ પેકેજ હેઠળ લાભ આપવામાં આવ્યો છે.

### સરકાર દ્વારા જેના પર પ્રતિબંધ મૂકાયો તે ડોક્યુમેન્ટ્રી સર્જકની જન્મ અને કરમકુંડળી પર એક નજર

# ગોધરા પર ડોક્યુમેન્ટ્રી બનાવનાર બીબીસી એક સમયે ફડચામાં ગઇ હતી...!

ગુજરાત | વંદન

હાલના દિવસોમાં ભારતના રાજકારણમાં બીબીસીનું નામ ચર્ચામાં છે. બીબીસી એટલે બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન. યુનાઈટેડ કિંગડમમાં જાહેર ભંડોળવાળી પ્રસારણ પ્રણાલી છે જે રોયલ ચાર્ટર હેઠળ કાર્ય કરે છે. તેની શરૂઆતથી 1954 સુધી, યુનાઈટેડ કિંગડમમાં ટેલિવિઝન પર અને 1972 સુધી રેડિયો પર બીબીસીનો એકાધિકાર હતો.

સમાચારની બાબતમાં બીબીસીને વિશ્વસનિય માનવામાં આવે છે. બીબીસી પર આવ્યું એટલે તે સાચુ જ હશે એમ લોકોની માન્યતા હતી અને છે. પરંતુ બીબીસીએ 2002ના ગુજરાત રમખાણો પર વિડિયો ડોક્યુમેન્ટ્રી બનાવીને જાહેર કરતાં ભારતના રાજકારણમાં ધમાસાણ મચી ગયું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ઈમેજ પર ધબ્બો ના લાગે તે માટે કેન્દ્ર સરકારે ઈમરજન્સી સત્તાનો ઉપયોગ કરીને ભારતમાં આ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ દર્શાવવા યુટ્યુબ અને અન્ય માધ્યોમાં પ્રતિબંધ મૂક્યો છે. જો કે કેટલાક ભાજપવિરોધી પરિબળો ચોક્કસ લોબી દ્વારા તેને મોબાઈલમાં લઈને શેર કરી રહ્યાં છે. કેટલીક યુનિ.ઓમાં તેનો શો રાખવામાં આવતાં પાવરકટ કરીને અટકાવવામાં આવ્યો તો વિદ્યાર્થીઓ સમૂહમાં મોબાઈલમાં જોતાં તંગદીલી સર્જાઈ હતી.

22 વર્ષ જુના ગોધરા રમખાણ કેસને ડોક્યુમેન્ટ્રી દ્વારા ફરીથી વિવાદમાં લાવનાર બીબીસીની જન્મકુંડળી અને કરમકુંડળી જોઈએ...




બીબીસીનો ઈતિહાસ 1922થી શરૂ થાય છે. પ્રથમ વિશ્વ યુદ્ધ પછી, બ્રિટીશ રેડિયોમાં પ્રથમ પહેલ વ્યાપારી કંપનીઓ દ્વારા કરવામાં આવી હતી, જેમણે પ્રસારણને મુખ્યત્વે બિંદુ-થી-પોઈન્ટ સંચાર તરીકે જોયું હતું. બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કંપની લિમિટેડની સ્થાપના 1922માં ખાનગી કોર્પોરેશન તરીકે કરવામાં આવી હતી. અહેવાલો સૂચવે છે કે માત્ર બ્રિટિશ ઉત્પાદકો જ તેમાં સ્ટોક રાખી શકે છે. સંસદીય સમિતિની ભલામણ પર કંપનીને 1925માં ફડચામાં લેવામાં આવી હતી અને 1927માં પુનઃસ્થાપિત કરવામાં આવી હતી, જેની જગ્યાએ જાહેર નિગમ, બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન દ્વારા લેવામાં આવી હતી. બ્રિટીશ સંસદને જવાબદાર હોવા છતાં, BBC તેની કામગીરીમાં લગભગ સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. બીબીસી ટ્રસ્ટના સભ્યોની નિમણૂક બ્રિટિશ કિંગ દ્વારા કરવામાં આવે છે, એક સ્વતંત્ર 12-સદસ્યોની પેનલ જેની અધ્યક્ષતામાં અધ્યક્ષ છે જે રોજિંદા કામગીરીની દેખરેખ રાખે છે.

1964માં, બીબીસીએ તેની બીજી ચેનલ શરૂ કરી, અને 1967માં, તેણે યુરોપની પ્રથમ નિયમિત રંગીન ટેલિવિઝન સેવા શરૂ કરી. તેણે 1954ના ટેલિવિઝન એક્ટ સુધી યુનાઈટેડ કિંગડમમાં ટેલિવિઝન સેવા પર એકાધિકાર જાળવી રાખ્યો હતો, જેના પરિણામે 1955માં સ્વતંત્ર ટેલિવિઝન ઓથોરિટી (બાદમાં કોમ્યુનિકેશનની ઓફિસ દ્વારા સંચાલિત કોમર્શિયલ ચેનલની સ્થાપના થઈ હતી. 1982માં બીજી કોમર્શિયલ ચેનલે પ્રસારણ શરૂ કર્યું. જ્યારે સરકારે 1970ના દાયકાની શરૂઆતમાં સ્થાનિક વ્યાપારી પ્રસારણને મંજૂરી આપવાનો નિર્ણય કર્યો ત્યારે બીબીસીનો રેડિયો એકાધિકાર તૂટી ગયો હતો..

## બીબીસી ટ્રસ્ટના સભ્યોની નિમણૂંક બ્રિટિશ કિંગ દ્વારા કરવામાં આવે છે

બીબીસી વર્લ્ડ સર્વિસની શરૂઆત 1932માં એમ્પાયર સર્વિસ તરીકે કરવામાં આવી હતી. 21મી સદીની શરૂઆત સુધીમાં, આ સેવા વિશ્વભરના આશરે 120 મિલિયન લોકો માટે 40 થી વધુ ભાષાઓમાં પ્રસારિત થઈ રહી હતી. વર્લ્ડ સર્વિસ ટેલિવિઝનનું પ્રસારણ 1991માં શરૂ થયું અને 1997માં બીબીસી ન્યૂઝ 24 24 કલાકની ન્યૂઝ ચેનલ તરીકે શરૂ થયું. બીબીસીને તેના ટેલિવિઝન પ્રોગ્રામિંગના આંતરરાષ્ટ્રીય સિંડિકેશન સાથે પણ સફળતા મળી છે. ઓલ ક્રિચર્સ ગ્રેટ એન્ડ સ્મોલ, ડોક્ટર હૂ, મિસ્ટર બીન અને અપસ્ટેયર્સ, ડાઉનસ્ટેયર્સ જેવી શ્રેણીઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં જાહેર પ્રસારણ સેવા પર પ્રસારિત થઈ છે.

એકાધિકાર જ્હોન રીથ (બાદમાં લોર્ડ રીથ), 1922 થી 1927 સુધીના જનરલ મેનેજર અને 1927 થી 1938 સુધીના ડિરેક્ટર જનરલ, કોર્પોરેશનના પ્રારંભિક ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ વ્યક્તિ હતા. 1936માં, તેમણે વિશ્વની પ્રથમ નિયમિત ટેલિવિઝન સેવાના વિકાસની સાથે સાથે સમગ્ર બ્રિટિશ ટાપુઓમાં રેડિયો પ્રસારણના વિકાસની દેખરેખ રાખી.

(અનુસંધાન પેજ નં.6 પર)

# આઉટફિટમાં સૌંદર્યા શર્માએ ચલાવ્યો હુસ્નનો જાદુ



એક્ટ્રેસે બિગ બોસના ટૉપ 8 કન્ટેસ્ટન્ટની લિસ્ટમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું પરંતુ ફિનાલેની ખૂબ જ નજીક આવીને શોમાંથી તેનું પત્તુ કપાઈ ગયું. બાકી કન્ટેસ્ટન્ટ્સના મુકાબરે ઓછા વોટ્સ મળવા પર સૌંદર્યાને બિગ બોસમાંથી બહાર આવવુ પડ્યુ. તેવામાં બીબી હાઉસમાંથી બહાર આવ્યા બાદ હને એક્ટ્રેસ ફરી એકવાર ખૂબ જ ચર્ચામાં આવી ગઈ છે. શોમાંથી બહાર આવતા જ સૌંદર્યા શર્માએ પોતાના કેટલાંક એવા ફોટોઝ શેર કરી દીધા છે જેના પરથી નજર હટાવવી ફેન્સ માટે મુશ્કેલ બની ગઈ છે. લેટેસ્ટ ફોટોશૂટમાં સૌંદર્યા બ્લૂ બોલ્ડ આઉટફિટમાં જોવા મળી રહી છે. તેવામાં આ ફોટોઝમાં એક્ટ્રેસનો અંદાજ જોઈને ફેન્સ તેના વખાણ કરતાં થાકતા નથી. તસવીરોમાં સૌંદર્યા શર્માની એક એક અદા કાતિલ છે. તસવીરોમાં સૌંદર્યા શર્માની એક એક અદા કાતિલ છે. લાઈટ મેકઅપ અને ખૂબસૂરત જ્વેલરી સાથે સૌંદર્યા પોતાના હુસ્નનો જાદુ ચલાવતી જોવા મળી રહી છે. પોતાના આ લુકને એક્ટ્રેસે 'કશ્મકશ' કેપ્શન આપ્યું છે. આ પહેલીવાર નથી જ્યારે એક્ટ્રેસ આટલા બોલ્ડ અંદાજમાં જોવા મળી છે. તેની પહેલા પણ એક્ટ્રેસ ઘણા ગ્લેમરસ ફોટોશૂટ કરાવી ચુકી છે. ફેન્સ એક્ટ્રેસના આ અંદાજને ખૂબ જ પસંદ પણ કરે છે. જો કે, આ પહેલીવાર નથી જ્યારે એક્ટ્રેસ આટલા બોલ્ડ અંદાજમાં જોવા મળી છે. તેની પહેલા પણ એક્ટ્રેસ ઘણા ગ્લેમરસ ફોટોશૂટ કરાવી ચુકી છે. ફેન્સ એક્ટ્રેસના આ અંદાજને ખૂબ જ પસંદ પણ કરે છે.

**લાઈટ મેકઅપ અને ખૂબસૂરત જ્વેલરી સાથે જોવા મળી**

# ટીવી એક્ટરને ડેટ કરી રહી છે શમિતા શેટ્ટી



શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટી મોટા પડદા પર પોતાનો જાદુ પાથરી શકી નથી. પણ તે બિગ બોસ અને સોશિયલ મીડિયા થકી આજે પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ તેનો એક વિડીયો વાયરલ થયો છે. જેમાં તે આમિર અલી સાથે ક્લોઝ જોવા મળી રહી છે.

આ વિડીયોમાં આમિર તેના ગળા પર કિસ કરતો જોવા મળે છે. જેના કારણે આ બંને ડેટ કરી રહ્યા હોવાનું અનુમાન લગાવી રહ્યા છે. અગાઉ શમિતાનું નામ રાકેશ બાપટ સાથે પણ જોડાયું હતું. આ બંને બિગ બોસ ઓટીટી અને સલમાનના બિગમાં જોવા મળ્યા હતા. બંનેને તેમના ચાહકો શારા કહીને બોલાવતા હતા. બંનેની કેમેસ્ટ્રી અંગે ચર્ચાએ જોર પકડયું હતું. પણ બિગ બોસના ઘરમાંથી નીકળ્યા બાદ બંનેના સંબંધો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું હતું. રાકેશથી અલગ થયા બાદ હવે શમિતા આમિર અલી સાથે જોવા મળી રહી છે. બંને ડેટ કરી રહ્યા હોવાનું ફલિત થઈ રહ્યું છે. બંનેએ સમિતા બેનર્જી અને આશિષ ચૌધરીની એનિવર્સરી પાર્ટીમાં સાથે હાજરી આપી ત્યારથી આ અટકળો ત્યારથી ચાલી રહી છે. મુંબઈમાં આ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પાર્ટીમાં શમિતા આમિરની ખૂબ નજીક જોવા મળી હતી. આ સિવાય બંનેનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં આમિર શમિતાને પોતાની કાર પાસે લઈ જઈને ગુડબાય કહેતા ગાલ પર કિસ કરતો જોવા મળ્યો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ તેમના અફેરની અટકળો તેજ થઈ ગઈ હતી.

**કિસિંગ ફોટો સામે આવ્યા બાદ અટકળો તેજ**

# આનંદ પંડિતની ફિલ્મમાં જોવા મળશે અભિષેક બચ્ચન

અભિષેક બચ્ચન પોતાની ફિલ્મો ઉપરાંત પોતાની અંગત જિંદગીને લઈને પણ ચર્ચામાં રહે છે, તાજેતરમાં જ અભિષેક બચ્ચન પત્ની ઐશ્વર્યા રાય બચ્ચન અને પુત્રી આરાધ્યા બચ્ચન સાથે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની સગાઈમાં જોવા મળ્યા હતા. અભિષેક બચ્ચનના જન્મદિવસના અવસર પર, નિર્માતા આનંદ પંડિતે 2021ની ફિલ્મ 'ધ બિગ બુલ'ની સિક્વલ પર ફરીથી સ્ટાર સાથે કામ કરવાની વિગતો શેર કરી છે. પંડિત કહે છે, "મને સતત પૂછવામાં આવે છે કે શું હું સિક્વલ બનાવીશ.. હા, મને એ જણાવતા આનંદ થાય છે કે 'ધ બિગ બુલ'ની રોમાંચક સિક્વલ પર કામ ચાલી રહ્યું છે અને તે ચોક્કસપણે દર્શકોને આગળની વાર્તા બતાવશે." 5 ફેબ્રુઆરીએ અભિષેક બચ્ચનના જન્મદિવસને ધ્યાનમાં રાખીને આ જાહેરાત મહત્ત્વપૂર્ણ છે. પંડિત કહે છે, "હા, હું એક એવી ફિલ્મ બનાવવા માંગુ છું જે તેની પ્રતિભાની વિશાળતાને ન્યાય આપે. તે ખૂબ જ પ્રતિભાશાળી અભિનેતા છે અને તેની સાથે કામ કરવાનો આનંદ છે.



# પઠાણની સફળતા બાદ હવે શાહરૂખ ખાને 'જવાન'નું શૂટિંગ શરૂ કર્યું



શાહરૂખ ખાન અત્યારે ક્લાઉડ નાઈન પર છે. તેની ફિલ્મ પઠાણે બોક્સ ઓફિસ પર જે કરિશ્મા બતાવ્યો છે તે બોલિવૂડના ઈતિહાસમાં કદાચ જ આ પહેલા થયો હશે. આ ફિલ્મે વિશ્વભરમાં જોરદાર કલેક્શન કર્યું છે. હવે એવા સમાચાર છે કે તેણે પોતાની ફિલ્મ જવાનનું શૂટિંગ શરૂ કરી દીધું છે. ફિલ્મના સેટ પરથી તેનો ફોટો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેને ઓળખવો મુશ્કેલ છે. જણાવી દઈએ કે 200 કરોડના બજેટવાળી ફિલ્મ જવાનનું નિર્દેશન સાઉથના સુપર ડાયરેક્ટર એટલી કરી રહ્યા છે. રિપોર્ટ્સનું માનીએ તો શાહરૂખે પઠાણની રિલીઝને કારણે જવાનના શૂટિંગમાંથી બ્રેક લીધો હતો.

શાહરૂખ ખાનનો ફિલ્મ જવાનના સેટ સાથે જોડાયેલ ફોટો વાયરલ થઈ રહ્યો છે, જેમાં જોઈ શકાય છે કે તે મોઢા પર પાટો બાંધેલો જોવા મળી રહ્યો છે. તે ઘેરાયેલી વાન પાસે ઉભો છે. તેણે પોતાના વાળની પોનીટેલ બનાવી છે. પઠાણ બાદ હવે ચાહકો તેના જવાનની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રિપોર્ટ્સનું માનીએ તો આ એક એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ હશે, જેમાં શાહરૂખ ડબલ રોલમાં જોવા મળશે. આમાં તેનું એક પાત્ર ગુપ્તચર એજન્ટનું હશે અને બીજું ચોરનું.

આ ફિલ્મમાં વિજય સેતુપતિ, નયનથારા, સાન્યા મલ્હોત્રા, સુનીલ ગ્રોવર પણ છે. એટલી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ શાહરૂખ રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મ 2 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે.

**ફિલ્મના સેટ પરથી તેનો ફોટો પણ સોશિયલ મીડિયા પર વાયરલ**

# નારંગી રંગની કાંજીવરમ સાડીમાં પૂજા હેગડેએ મચાવી ધમાલ



## ચાહકોએ કર્યા વખાણ, કહ્યું- 'તમારાથી સુંદર કોઈ નથી'

સાઉથ અને બોલિવૂડમાં પોતાની જોરદાર એક્ટિંગના કારણે ઓળખ બનાવી ચૂકેલી એક્ટ્રેસ પૂજા હેગડે તેની સુંદરતા માટે પણ જાણીતી છે. અભિનેત્રી વેસ્ટર્ન આઉટફિટ્સની સાથે ટ્રેડિશનલ વેરમાં પણ સુંદર લાગે છે. હાલમાં પૂજા તેની સાડીની તસવીરોને કારણે ચર્ચામાં છે. ચાહકોને તેનો સાડીનો લુક ખૂબ જ પસંદ છે અને તેઓ પૂજાના વખાણ કરતા થાકતા નથી. પૂજા હેગડેએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના ભાઈ ઋષભ હેગડેની 'મેંગલોર વેડિંગ'ની શ્રેણી શેર કરી છે. તેના ભાઈએ લેડી લવ શિવાની શેટ્ટી સાથે લગ્ન કર્યા છે. આ પ્રસંગે પૂજા કાંજીવરમ સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. અભિનેત્રીએ તેના સાડી લુકમાં કેમેરા માટે ઘણા પોઝ પણ આપ્યા હતા. તે જ સમયે, ચાહકો ખાસ પ્રસંગ માટે પૂજાના તેના પરંપરાગત દેખાવ માટે પ્રશંસા કરી રહ્યા છે.

પૂજાએ તેના ભાઈના લગ્નમાં નારંગી રંગની કાંજીવરમ સાડી પહેરી હતી. જેના પર ગોલ્ડન કલરનું કામ કરવામાં આવ્યું હતું. તેણીએ એમ્બ્રોઈડરીવાળા બ્લાઉઝ અને પોલ્કી જ્વેલરી સાથે તેના દેખાવની જોડી બનાવી છે. જેમાં નેકપીસ, મેચિંગ એરિંગ્સ, માંગ ટીક્કા અને ટુ-ટાયર કમરબંધનો સમાવેશ થાય છે. પૂજાએ લિપસ્ટિક, હાઈલાઈટ કરેલા ગાલ, પાંખવાળી આંખો, ચમકદાર આઈશેડો અને બિંદી સાથે ગ્લોઈંગ મેકઅપ કર્યો હતો.

અભિનેત્રીએ ગજરાથી સુશોભિત મધ્યમ ભાગવાળો બન બનાવ્યો હતો. જે તેના દેખાવને ખૂબ જ ભવ્ય બનાવી રહી હતી. કેમેરા માટે પોઝ આપતી વખતે અભિનેત્રીએ તેની સુંદર સ્મિતથી દિલ જીતી લીધા હતા. તેણે તેની કેટલીક નજીકની તસવીરો પણ પોસ્ટ કરી છે.

# ગ્લેમરસ ટીવી એક્ટ્રેસ રીમ શેખ હવે સીરિયલ 'ઈશ્ક મેં ઘાયલ'માં જોવા મળશે



ટીવી એક્ટ્રેસ રીમ શેખ સોશિયલ મીડિયા પર પોતાની ગ્લેમરસ તસવીરોને કારણે ચર્ચામાં રહે છે. ટૂંક સમયમાં તે તેના કરતા 18 વર્ષ મોટા કલાકારો સાથે રોમાન્સ કરતી જોવા મળશે. રીમ શેખ સોશિયલ મીડિયા પર સૌથી વધુ પસંદ કરવામાં આવતી સ્ટાર્સમાંની એક છે. તે અવારનવાર પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરતી રહે છે. રીમ શેખ રિયલ લાઈફમાં ખૂબ જ સિઝલિંગ છે. તે ભારતીય પોશાકની સાથે સાથે વેસ્ટર્ન ડ્રેસમાં પણ પોતાની સ્ટાઈલનો જાદુ ચલાવે છે. 20 વર્ષની રીમ શેખ ટૂંક સમયમાં સીરિયલ 'ઈશ્ક મેં ઘાયલ'માં જોવા મળશે. આ શોમાં તે ટીવી એક્ટર કરણ કુન્દ્રા અને ગશ્મીર મહાજાની સાથે રોમાન્સ કરતી જોવા મળશે. કરણ કુન્દ્રા અને ગશ્મીર બંને રીમ શેખ કરતા મોટા છે. જ્યારે કરણ 38 વર્ષનો છે, જ્યારે ગશ્મીર 37 વર્ષનો છે. આવી સ્થિતિમાં રીમ અને બંને કલાકારો વચ્ચે લગભગ 18 વર્ષનો તફાવત છે.

ઉલ્લેખનીય છે કે, ટીવી અભિનેત્રી રીમ શેખ લાંબા સમયથી નાના પડદા પર રાજ કરી રહી છે. તેણે 8 વર્ષની ઉંમરે ટીવીમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. રીમ શેખ ડેબ્યુ ટીવી શો 'નીર ભરે તેરે નૈના દેવી'માં લીડ રોલમાં જોવા મળી હતી. આ પછી તેણે ઘણી લોકપ્રિય સિરિયલોમાં કામ કર્યું. રીમ શેખે અત્યાર સુધી 'ચક્રવતી અશોક સમ્રાટ', 'તુ આશિકી', 'ફના' અને 'તુઝસે હૈ રાબતા' જેવી ટીવી સિરિયલોમાં કામ કર્યું છે.

**18 વર્ષ મોટા કલાકારો સાથે કરશે રોમાન્સ**

# 'પાકિઝા'ની રીમેકમાં પાકિસ્તાનની માહિરા મીનાકુમારીના રોલમાં દેખાશે






બોલીવૂડની ક્લાસિક ફિલ્મ 'પાકિઝા'ની રીમેક બનાવવાનું સાહસ એક અમેરિકી પ્રોડક્શન હાઉસે ખેડવાનું નક્કી કર્યું છે. જોકે, આ ફિલ્મ પાકિસ્તાની ઈન્ડસ્ટ્રીઝ માટે બની રહી હોવાથી તેમાં મીનાકુમારીવાળી ભૂમિકા માટે પાકિસ્તાની અભિનેત્રી માહિરાને પસંદ કરવામાં આવી છે. લોલીવૂડ તરીકે ઓળખાતી પાક. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમયથી આ રિમેકની ચર્ચા ચાલતી હતી. પાકિસ્તાનની આજની સર્વાધિક લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક માહિરા ખાન આ રોલ માટે નક્કી હોવાનું મનાતું હતું. જોકે, હવે મીરાએ ખુદ મીડિયા સમક્ષ કન્ફર્મ કર્યું છે કે મીનાકુમારીવાળી ભૂમિકા તે કરી રહી છે.

કમાલ અમરોહી દ્વારા નિર્મિત 'પાકિઝા' ભારતીય સિનેમાની કલાસિક કૃતિ ગણાય છે. ૧૯૫૬માં આ ફિલ્મનું કામ શરુ થયું હતું પરંતુ તે છેક ૧૯૭૨માં રિલીઝ થઈ હતી. ફિલ્મ રિલીઝ થઈ તે પછી તરત જ મીનાકુમારીનું મૃત્યુ થયું હતું અને આ ફિલ્મ તેની કેરિયરનું બેસ્ટ પરફોર્મન્સ મનાય છે. જોકે, આ ફિલ્મ પાકિસ્તાન માટે બની રહી હોવાથી ભારતમાં તે રિલીઝ થવા અંગે અટકળો સેવાય છે. હજુ તાજેતરમાં એક પાકિસ્તાન ફિલ્મ 'ધી લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ' ભારતમાં રિલીઝ થવાનું લગભગ નક્કી થઈ ગયું હતું પરંતુ છેલ્લી ઘડીએ તેની રિલીઝ માંડી વાળવામાં આવી હતી.

# શમા સિકંદરે બિકીનીમાં વિખેર્યો હુસ્નનો કાતિલ જલવો



ટીવી ઈન્ડસ્ટ્રીથી લઈને પંજાબી મ્યુઝિક વીડિયોમાં કામ કરનાર એક્ટ્રેસ શમા સિકંદરને આજે કોઈ ઓળખની જરૂર નથી. એક્ટ્રેસ તેની બિંદાસ અને બોલ્ડ ઈમેજ માટે જાણીતી છે. શમા સિકંદર સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને અવારનવાર પોતાના બિકીની અને મોનોકિની લુક્સથી દરેકનું ધ્યાન પોતાની તરફ ખેંચે છે. તેની બોલ્ડ સ્ટાઈલ ફેન્સને ખૂબ જ પસંદ આવી રહી છે. તે પોતાની બોલ્ડનેસથી ઈન્ટરનેટનું તાપમાન સતત વધારી રહી છે.

શમા સોશિયલ મીડિયા પર પોતાની બોલ્ડ તસ્વીરો શેર કરીને ફેન્સને એન્ટરટેઈન કરી રહે છે. શમાના ફેન્સની સંખ્યા ઘણી મોટી છે. ઈન્સ્ટા પર તેના 3.1 મિલિયન ફોલોઅર્સ છે. તસ્વીરમાં શમા તેનુ ટોન્ડ ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. બ્લેક કોર્સેટ ટોપ અને બ્લેક બોટમમાં તેની તસ્વીરોએ ઈન્ટરનેટ પર આગ લગાવી દીધી છે. પિંક બિકીની સ્વિમિંગ પૂલના કિનારે બેઠેલી શમા બોલ્ડનેસનો તડકો લગાવી રહી છે. જ્યારે અન્ય તસ્વીરોમાં બ્લુ અને બ્લેક બિકીની લુકમાં તે ખુલ્લા વાળ અને હોટનેસમાં વધારો કરતી જોવા મળી રહી છે. શમા સિકંદર ડેઈલી સોપ 'યે મેરી લાઈફ હૈ'માં તેના અભિનય માટે જાણીતી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### બાગ-બગીચાની બહાર ગેરકાયદે દબાણ તો કેસી ટી-સ્ટોલની બહાર કાયદેસરનુ દબાણ?

# હાટકેશ્વરમાં કેસી ટી સ્ટોલની બહાર આ લારીઓ એસ્ટેટ વિભાગને દબાણ નથી લાગતું?

■ સ્થાનિકોનો આક્રોષ: શાકભાજીવાળા દબાણ કરે તો દૂર કરાય છે, કેસી ટી સ્ટોલ સામે પગલા કેમ નહી.?

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપિલ કોર્પોરેશન દ્વારા સમયાંતરે ફુટપાથની ડીજાઈન બદલી નાખવામાં આવે છે. જેની પાછળ લાખો રુપયાનો ખર્ચ થાય છે. ફુટપાથ ઉપર કેટલાક રાહદારીઓ ચાલે છે એ એક ઓપન સીક્રેટ સમાન છે. આવી ફુટપાથ પર દુકાનદારો પોતાની દુકાનનો માલ સમાન મુકે છે, કોઈ લારી- ગલ્લા પાથરણાનો દબાણ કરે છે અને એ દબાણ દૂર કરવાની જેમની જવાબદારી છે તે કોર્પોરેશનના સત્તાવાડાઓને કોઈ બાગ બગીચો કે અન્ય સ્થળે ઉભી રહેતી લારીઓ દબાણ લાગે છે પરંતુ પૂર્વના ખોખરા હાટકેશ્વર પુલની નીચે અડધો રોડ રોકીને




ઉભી રહેતી મસ્કા બનની લારીઓ જાણે કે પોતાના ઘર પરિવારમાં સભ્યોની હોય તેમ તેની સામે કોઈ કાર્યવાહી નહી થતી હોવાની લાગણી આ લારીઓના કારણે જેમને હેરાન-પરેશાન થવુ પડે છે તેવા શહરીજનોમા જોવા મળી રહી છે.

અમદાવાદમાં ઠેર ઠેર લારી-ગલ્લા, પાથરણા બજાર દ્વારા જ્યાં-ત્યાં રોડ પર અને રાહદારીઓ માટેની ફુટપાથ પર દબાણો જોવા મળે છે. કોર્પોરેશનના સત્તાવાળાઓ તેની સામે કાર્યવાહી કરીને રોડ પરના લારી-ગલ્લા જમા કરી દેવામાં આવી છે. હાટકેશ્વર-ખોખરા એક ભરચક વસ્તી ધરાવનાર વિસ્તાર છે. હાટકેશ્વર પુલની નીચે લાઈન સર મસ્કાબનની જે લારીઓ ઉભી રહે છે તે નજીકમાંજ કેસી ટી સ્ટોલ દ્વારા ભાડે અપાયેલી હોવાનું મનાય છે. કેસી સ્ટોલ ખાતે પીક

#### કોરોના કાળ બધુ બંધ કેસી સ્ટોલ ચાલુ, કોની મેહરબાનીથી

કોરોના કાળમાં બધુ બંધ-બંધ હતુ લોકો લોકડાઉનમાં ઘરોમાં બંધ હતા ત્યારે હાટકેશ્વર વિસ્તારમાં કેસી ટી સ્ટોલ ધમધમતુ હતુ અને ચા પાણી નાસ્તો કરવા કોરોનાકાળમાં પણ ભીડ એકત્ર થતી હતી. કોરોનાકાળમા એક-બીજાને સ્પર્શ કરવાથી પણ લોકો ડરતા હતા ત્યારે કેસી ટી સ્ટોલના માલિકોએ ભીડ એકત્ર કરી હતી તેની પાછણ કોની રહેમ નજર? આ લારીઓ અડધો રોડ રોકે છે. પરિણામે વાહન ચાલકો, રાહદારીઓ વગેરેને અવર જવરમાં મુશ્કેલી પડે છે. આ અંગે જાગૃત નાગરીકો દ્વારા સંબંધિત સત્તાવાળાઓનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતા મસ્કાબનની આ લારીઓ હજુ એક ઈંચ પણ હટાવી નથી.

...અનુસંધાન પેજ નં. 6 પર



# ગુજરાતમાં રિયલ એસ્ટેટમાં તેજીનો દોર, સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં થયો 19%નો વધારો

ગુજરાત | વંદન

ગુજરાતમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેજીનો દૌર ચાલી રહ્યો હોવાથી સરકારને સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં ધરખમ વધારો થયો છે. ગત વર્ષે મિલકતોની સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફીની આવકમાં 19 ટકાનો વધારો થયો હતો. જ્યારે વર્ષ 2022 માં પ્રોપર્ટી રજીસ્ટ્રેશનમાં પણ 11 ટકાની વૃધ્ધિ થઈ છે. રાજય સરકારનાં સતાવાર આંકડા પ્રમાણે કેલેન્ડર વર્ષ 2022માં ગુજરાતમાં 1597188 મીલકતોનું રજીસ્ટ્રેશન થયુ હતું. જે 2021 માં 1429607 મિલકતોનાં રજીસ્ટ્રેશન કરતાં 11 ટકા વધુ હતુ.


રાજ્ય સરકારના મહેસુલ વિભાગના સૂત્રોના મુજબ રાજ્યમાં 2022ના વર્ષમાં સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફી પેટેની આવક 8769 કરોડ થઈ હતી. જે 2021 ના 7337.9 કરોડની સરખામણીએ 19 ટકા વધુ હતી. 2020 માં કોરોના ત્રાટકયો હતો અને લોકડાઉન સહીતના પગલાઓ લેવામાં આવ્યા હતા. ત્યારે બાંધકામ સહિતની પ્રવૃતિ સંપૂર્ણ ઠપ્પ થઈ ગઈ હતી.તેની સરખામણી કરવામાં આવે તો પ્રોપર્ટી રજીસ્ટ્રેશનમાં 57 ટકા તથા સ્ટેમ્પ ડયુટી આવકમાં 94 ટકાનો વધારો થયો છે. અમદાવાદ શહેરમાં 2020 માં 1.73 લાખ પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન થયું હતું તે 2021 માં વધીને 2.63 લાખ અને 2022 માં 2.96 લાખ થયુ છે. આજ રીતે સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ફીની વસુલાત 1331 કરોડ હતી તે

...અનુસંધાન પેજ નં. 6 પર

# સ્વચ્છતા મામલે બાંધછોડ ચલાવી લેવાય નહીં: હાઈકોર્ટનું કડક વલણ

■ ગિરનાર પર્વત પર ગંદકી મામલે હાઈકોર્ટે જૂનાગઢ મનપાને ફટકારી નોટિસ

ગુજરાત | વંદન



જૂનાગઢ ખાતે આવેલ ગિરનાર પર્વત પર ગંદકી મુદ્દે હાઈકોર્ટમાં દાખલ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેના સુનાવણી કરતા હાઈકોર્ટે જૂનાગઢ મનપાને આદેશ આપ્યો કે ગિરનાર પર્વત પર તત્કાલ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે.

હાઈકોર્ટે પ્લાસ્ટિક સહિતની ગંદકીની તાત્કાલ સફાઈ કરવા આદેશ કરવામાં આવ્યો છે. સરકારે હાઈકોર્ટને ઠપકો આપતા કહ્યું કે તમારે શબરીમાલા અને વૈષ્ણોદેવી મંદિરની સ્વચ્છતા જોઈને બોધપાઠ લેવો જોઈએ. આ સાથે હાઈકોર્ટે એ પણ જણાવ્યું કે સ્વચ્છતા મુદ્દે બાંધછોડ ચલાવી લેવાય નહીં.

હાઈકોર્ટે ચીફ સેક્રેટરી, જૂનાગઢ મનપા અને જૂનાગઢ કલેક્ટરને નોટિસ ફટકારી છે. આ કેસમાં હાઈકોર્ટમાં પિટીશન દાખલ થઈ હતી.જેમાં પ્રાકૃતિક સ્થળો પર પ્લાસ્ટિકથી ફેલાતી ગંદકીને કારણે નુકસાન થતુ હોવાની રજૂઆત કરાઈ હતી. જેમાં ગિરનાર પરના અંબાજી મંદિર તેમજ દત્તાત્રેય મંદિરની આસપાસ વધુ ગંદકી હોવાની રજૂઆત કરાઈ હતી. તેને તાત્કાલીક ધોરણે ગંદકી દૂર કરવા અંગે સૂચના આપવામાં આવી છે.

## પેપરલીક અને એલઆઈસી મામલે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે કોંગ્રેસ




ગુજરાત | વંદન

રાજ્યની કોંગ્રેસએ પાર્ટી પેપરલીક અને LIC મામલે આગામી 6 તારીખે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનું આયોજન કર્યું છે. અમદાવાદ સ્થિત એલઆઈસી ઓફિસે પર ધરણા પ્રદર્શન કરવામાં આવશે. અમદાવાદ ખાતે પત્રકાર પરિષદમાં જીગ્નેશ મેવાણીએ માહિતી આપતા કહ્યું હતું કે કોંગ્રેસ 6 તારીખે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે. અમદાવાદમાં LIC ઓફિસમાં વિરોધ કરવામાં આવશે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતમાં દૂધ નહીં પણ અમૂલની દહી મોંઘી થઈ, લસ્સી ઓછી બનાવજો

ગુજરાત | વંદન

દિનપ્રતિદિન વધતા જતી મોંઘવારીમાં અમુલે ફરીવાર દુધ અને દહીંના ભાવમાં લિટર અને પ્રતિ કિલોએ રૂપિયા ત્રણનો વધારો કર્યો છે. જોકે દુધનો ભાવ વધારો ગુજરાતમાં લાગુ કરવામાં આવ્યો નથી. ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં દુધનો ભાવ વધારો લાગુ પડશે. જ્યારે દહિંમાં પ્રતિ કિલોએ ત્રણ રૂપિયાનો વધારો ગુજરાત સહિત દેશભરમાં લાગુ પડશે. જેમાં અમુલ મસ્તી દહીં 1 કિલો પાઉચ જૂનો ભાવ 69 રૂપિયા હતો. તે હવે નવો ભાવ 72 રૂપિયા ચુકવવો પડશે. અમુલ મસ્તી દહીં 400 ગ્રામ પાઉચ જૂનો ભાવ 32 રૂપિયા




હતો તે હવે નવો ભાવ 34 રૂપિયા ચુકવવો પડશે. જ્યારે અમૂલે દૂધના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. જેમાં અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટરે 3 રૂપિયાનો વધારો કર્યો છે. અમૂલ તાજાનો લીટરનો ભાવ વધીને 54 રૂપિયાએ પહોચ્યો છે. તો અમૂલ ગોલ્ડનો લીટરનો ભાવ વધીને 66 રૂપિયાએ પહોંચ્યો છે. આમ, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ભાવમાં પ્રતિ લિટર રૂ. 3નો વધારો કર્યો છે. ભાવ વધારો આજથી અમલમાં આવી ગયો છે.

દેશની પ્રજા પર મોંઘવારીનો વધુ એક માર ઝીંકાયો છે. અમૂલ દ્વારા દૂધ અને દહીંના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા જાહેરાત કરવામાં આવી કે, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ના ભાવમાં પ્રતિ લિટર રૂ. 3નો વધારો કર્યો છે. જોકે, આ ભાવવધારો ગુજરાત સિવાયના રાજ્યોમાં લાગુ પડશે. આ ભાવ વધારો ગુજરાતમાં લાગુ નહિ થાય. અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટરે 3 રૂપિયાનો વધારો કર્યો છે. અમૂલ તાજાનો લીટરનો ભાવ વધીને 54

...અનુસંધાન પેજ નં. 6 પર

# છોટાઉદેપુરમાં દીપડાના હુમલામાં એક બાળકનું મોત


■ માનવભક્ષી દીપડાના આતંકનો વધ્યો

ગુજરાત | વંદન

છોટાઉદેપુરમાં માનવભક્ષી દીપડાના આતંકનો દિવસેને દિવસે વધી રહ્યો છે. હવે બોડેલીના ધોળીવાવ ગામે દીપડાએ બાળક ઉપર હુમલો કરવાની ઘટના સામે આવી છે. દીપડાના હુમલામાં વધુ એક બાળકનું મોત થયું છે. દીપડાએ બોડેલીના ધોળીવાવ ગામના ખેતરમાં રમી રહેલા 5 વર્ષના યુગ રાઠવાને ગળાના ભાગેથી પકડી દીપડો વૃક્ષ ઉપર ચઢી ગયો હતો. યુગના પિતાએ વૃક્ષ ઉપર ચઢી યુગને છોડાવ્યો હતો. જે બાદ વડોદરા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતા. અહીં સારવાર દરમિયાન યુગનું મોત નિપજ્યું. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ મુલધર ગામે 2 વર્ષના બાળકને દીપકા શિકાર બનાવ્યો હતો. બંને બનાવ સ્થળ વચ્ચે માત્ર અઢી કિલોમીટરનું જ અંતર છે. દીપડાના હુમલાને કારણે આસપાસના તમામ વિસ્તારમાં ભયનો માહોલ છે.

## શમશેરસિંઘ અમદાવાદ પોલીસ કમિશનર બનશે!

ગુજરાત | વંદન



વડોદરા પોલીસ કમિશનર શમશેરસિંઘ એડીજીપીમાંથી પ્રમોશન આવતા ડીજીપી બન્યા છે. શમશેરસિંઘ 1991ની બેચના IPS અધિકારી છે. જોકે, ડીજીપી તરીકે પ્રમોશન આવતા વડોદરા પોલીસ કમિશનરના હોદ્દા પર રહેશે. અત્યારે ઈન્ચાર્જ ડીજીપી તરીકે વિકાસ સહાયની નિમણુક કરવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

# અમદાવાદમાં કાશ્મીર જેવું કોસમોસ ગાર્ડન મંગળવારે ખૂલ્લુ મુકાશે

■ ટિકિટના દર નક્કી કરાયા

ગુજરાત | વંદન




શહેરના નવા નરોડા વિસ્તારમાં ફોર્ચ્યુન સર્કલ નજીક સત્વ ગેલેક્સી ફ્લેટ પાસે 21046 ચોરસ મીટરના પ્લોટમાં કોસમોસ વેલી ગાર્ડન તૈયાર કરવામાં આવ્યું છે કાશ્મીરના શાલીમાર ગાર્ડનમાં આવેલા કોસમોસ વેલી ગાર્ડન જેવું કોસમોસ વેલી ગાર્ડન સૌ પ્રથમવાર અમદાવાદના નરોડા વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. આગામી 7 ફેબ્રુઆરીથી આ ફ્લાવર વેલી ગાર્ડન નાગરિકો માટે ખૂલ્લુ મુકવામાં આવશે. ફ્લાવર વેલી ગાર્ડનની મજા માણવા લોકો ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ટિકિટ મેળવી શકશે. ગાર્ડનમાં ફરવા માટેનો સમય સવારે 9 વાગ્યાથી રાત્રે 9 વાગ્યાનો સુધીનો રાખવામાં આવ્યો છે. શહેરના મેયર કિરીટ પરમાર, ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ અને રિક્રિએશનલ કમિટીના ચેરમેન રાજેશ દવે અને AMCના અધિકારીઓએ આ ફ્લાવર વેલી ગાર્ડનની મુલાકાત લીધી હતી.

...અનુસંધાન પેજ નં. 6 પર

Social Media

## અદાણી અને સોશિયલ મીડિયા....




/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય
ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન" સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

રૂા.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર +  ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર

વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7टीन™
Hair & Nails Studio